# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्



## ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

Vol. 16, Issue. 277, September 2025


પ્રિય વાચક મિત્રો,

'સ્વદેશી અપનાવો દેશ બચાવો', 'વોકલ ફોર લોકલ', 'દેશની સમૃદ્ધિનો વિકાસ સ્વદેશી', 'વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરો' જેવાં સૂત્રો આજે છેલ્લા કેટલાય સમયથી આપણે સાંભળીએ છીએ.

ઇતિહાસ સાક્ષી છે કે મહાત્મા ગાંધીજીએ સ્વદેશીને સ્વરાજયનો મૂળ આધાર બનાવ્યો હતો. વિદેશી વસ્તુઓના બહિષ્કાર અને ચરખા જેવા સ્વદેશી પ્રતીકોના પ્રચારે અંગ્રેજી સામ્રાજયને ધજ્જી ખવડાવી હતી. આજે આપણો સંગ્રામ આર્થિક સ્વાતંત્ર્ય માટે છે, અને 'સ્વદેશી' તેનું સૌથી શક્તિશાળી શસ્ત્ર છે.

અંગ્રેજોના શાસનમાંથી આપણને આઝાદી મળી, પરંતુ એ આઝાદી ખરા અર્થમાં કેટલી છે તે વિચારવાનો વિષય છે. કારણ કે ઈસ્ટ ઈન્ડિયા કંપની જેવી કેટલીય વિદેશી કંપનીઓ આજે પણ ભારતમાં કમાણી કરી રહી છે. તે દેશની અનેક સ્થાનિક કંપનીઓ માટે પ્રાણઘાતક સાબિત થઈ છે. ક્વૉલિટી અને વ્યાજબી દામના ભ્રામક પ્રચારથી વિદેશી કંપનીઓએ ભારતીય જનમાનસ પર એવી છાપ ઉપસાવી કે ભારતીય નાગરિકો ભારતીય કંપનીઓની વસ્તુઓ ખરીદવામાં છોછ અનુભવે છે અને ઊંચા ભાવે વિદેશી વસ્તુઓ ખરીદે છે. પરિણામે રૂપિયાનું મૂલ્ય વિદેશી ચલણ સામે ઘટે છે.

જયારે પણ 'સ્વદેશી' શબ્દ ઉચ્ચારીએ છીએ, ત્યારે આપણા મનમાં સ્વતંત્રતા સંગ્રામના એક શૂરવીર યોદ્ધા, લોકમાન્ય તિલક અને મહાત્મા ગાંધીની છબી ઉભી થાય છે. ઇતિહાસ સાક્ષી છે કે કેવી રીતે વિદેશી માલના બહિષ્કારે અંગ્રેજ સામ્રાજયની જડે જ કુહાડી મારી હતી. પણ શું સ્વદેશી માત્ર એક ઐતિહાસિક ભાવના છે? ના, અત્યારે, આ ૨૧મી સદીમાં, સ્વદેશી એ ભારતને વિશ્વશક્તિ બનાવવાની આપણી સૌથી શક્તિશાળી રણનીતિ છે.

આજના સંજોગોમાં આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'સ્વદેશી'નો સંકલ્પ આપ્યો છે. ભારતને આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે તેમણે 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન' શરૂ કર્યું છે. આ અભિયાનનો હેતુ છે કે સ્વદેશી ચીજવસ્તુઓ અંગે પ્રચંડ જનચેતના અને ગૌરવની લાગણી વ્યાપે અને દરેક નાગરિકમાં દેશી વિચારધારા મજબૂત બને.

'સ્વદેશી'ની વાત માત્ર વિદેશી વસ્તુઓથી દૂર રહેવાની નથી, પરંતુ પોતાના દેશના હિતમાં વિચાર કરવાનો છે. ભાષા, વસ્ત્ર, ખોરાક, જીવનશૈલી દરેક ક્ષેત્રમાં ભારતીયતા ઉજાગર થાય તેવો આવ્યાપક વિચાર સ્વદેશીનો આધાર છે.'આપણી બોલવાની ભાષા, પહેરવેશ, ખાનપાન વગેરે તમામ બાબતે સ્વદેશી અપનાવાય તેવો ઉચ્ચ વિચાર આ અભિયાન સાથે જોડાયેલો છે'.

તેથી, સ્વદેશી એ માત્ર વસ્તુ નહીં, પણ એકચિંતન, ક્રાંતિ અને કવચ છે. સ્વદેશી એ સ્વ–દેશના હિતનો વ્યાપક વિચાર છે. શોષણ અટકાવનારું કવચ છે. પર્યાવરણનું સંરક્ષણ છે, સાદગીનું પ્રતિક છે અને સ્વાવલંબનની દિશામાં આગળ વધવાનો માર્ગ છે. જો આપણે વિદેશી વસ્તુઓના આકર્ષણથી દૂર રહી સ્વદેશી ઉત્પાદન અપનાવીએ, તો ભારતનું બજાર વિશ્વનું સૌથી મોટું અને મજબૂત બજાર બની શકે છે. 'સ્વદેશી' નામનું સાધ્ય–સાધન ત્યારે જ કામ લાગશે જયારે વિદેશી વસ્તુઓની ઘૂષણખોરીને, તેનાં વપરાશને અટકાવવામાં આવે. તેમજ ભારતના બજારને વિશ્વનું સૌથી મોટું બજાર બનાવવું હોય તો આ એક પગલું અવશ્ય ભરવું પડશે.. વળી એવી સ્વદેશી વસ્તુઓ બનાવવી પડે અને અપનાવવી પડે જે વિદેશી વસ્તુને ટક્કર આપે. 'ઠંડા પીણાં'ના બદલે 'છાશ', 'નારિયેળ પાણી' અને 'લીંબુ પાણી' જેવા સ્વદેશી વિકલ્પો સહર્ષ સ્વીકારીએ. આ માટે ગુણવત્તાયુક્ત સ્વદેશી વસ્તુઓનું ઉત્પાદન વધારવું જરૂરી છે. 'મેક ઇન ઇન્ડિયા' જેવા સરકારી કાર્યક્રમો દ્વારા દેશના દરેક ક્ષેત્રમાં સ્વદેશી ભાવ જાગૃત કરવાની દિશામાં સતત પ્રયાસ ચાલી રહ્યા છે.

સ્વદેશી કોઈ યોજના નથી, એક જીવનશૈલી છે. એક એવી સામૂહિક જવાબદારી છે જે દરેક ભારતવાસીને ભારતને વિશ્વગુરુ બનાવવાના માર્ગે લઈ જાય છે. આપણી દરેક ખરીદી દેશના ભવિષ્યનું નિર્માણ કરે છે. ચાલો, આપણે યુવા પેઢી તરીકે પ્રતિજ્ઞા લઈએ – 'સ્વદેશી અપનાવો, દેશ બચાવો' એ આપણો ધ્યેય બનશે અને આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર કરીશું. વિશ્વના કોઈપણ દેશને આર્થિક, સામાજિક કે ટૅકનિકલ રીતે મહાશક્તિ બનવું હોય, તો 'સ્વદેશી'નો મંત્ર જપવો ફરજિયાત છે. તેથી આવો આપણે સૌ સાથે મળીને 'સ્વદેશી'ના મંત્ર સાથે ગર્વથી સ્વદેશી અપનાવીએ અને આપણે સૌ મળીને ગર્વથી કહીએ

'સ્વદેશી અપનાવો – દેશ બચાવો'

આમ, આત્મનિર્ભર ભારતના નિર્માણમાં આપણું યોગદાન આપી રાષ્ટ્રગૌરવ વધારી. એક નવો સંકલ્પ લઈએ –

''મારું ખરીદેલું દરેક ઉત્પાદન રાષ્ટ્રહિતમાં હોય, એ જ સાચો દેશપ્રેમ છે.''

'સ્વદેશી અપનાવો, દેશ બચાવો' – એ જ આપણા ભારતના ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ છે.

તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૫ (ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)
કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે ડિગ્રી વિતરણની સાથે રોજગાર ભરતીમેળાનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તથા ગુજરાત સરકારની રોજગાર કચેરી, સુરત અને યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, સુરતના સંયુકત ઉપક્રમે તા. ૦૪/૦૯/૨૦૨૫ના રોજ યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ. ૨૦૨૫માં પાસ થયેલાં વિદ્યાર્થીઓ માટે ખાસ રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સુરત જિલ્લાની વિવિધ સેકટરની ૨૬ કંપનીઓ તેમજ સંસ્થાઓનાં પ્રતિનિધીઓની હાજરીમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના હસ્તે રોજગાર ભરતીમેળો ખુલ્લો મુકવામાં આવેલ.

આ ભરતીમેળામાં સુમીલોન ગ્રુપ ઓફ કંપની, ધર્મનંદન ડાયમંડ પ્રા.લી.ગીન્ઝા ઈન્ડસ્ટ્રીઝ લી, શ્રીનાથ ગ્રુપ, સ્ટીમહાઉસ ઇન્ડયા લી., ગૃહમ ડેવલપર, ગ્રો નેકસ્ટ ફયુચર પ્રા.લી., ટ્રાયડન્ટ લાઈફલાઈન પ્રા. લી., સી.ટી.એકસ લાઈફ સાયન્સ પ્રા.લી.,ધ્રૂ મોટર્સ જેવી નામાંકિત કંપનીઓએ ઉપસ્થિત રહી હતી. જેમાં સ્નાતક અને અનુસ્નાતક બી.બી.એ., એમ.બી.એ., બી.એસ.સી., એમ.એસ.સી., બી.સી.એ., એમ.કોમ, એમ.બી.એ.એચ.આર./માર્કેટિંગ, બી.એડ એમ.એસ.સી. (આઈ.ટી.) ફાર્મસી, બી.ઈ. જેવી લાયકાત ધરાવતા કુલ ૫૭૨ ઉમેદવારોએ ભાગ લીધો. જે પૈકી કંપનીઓએ ૭૦૦થી વધુ વૅકેન્સી સામે ૨૧૯ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી. આ પસંદગીમાં વાર્ષિક ૬ લાખ સુધીના પૅકેજની પણ ઓફર કરવામાં આવી. કંપનીઓ ટૅકનીકલ અને અનુભવી જગ્યાઓ માટે પસંદગી પામેલ ઉમેદવારોને બીજા તબક્કાનાં ઇન્ટરવ્યું માટે કંપની ખાતે બોલાવશે.

આ ઉપરાંત રોજગાર કચેરી, સુરત દ્વારા યુનિવર્સિટીના સહયોગમાં ભરતી મેળામાં હાજર રહેલ ઉમેદવારોને સરકારશ્રીની રોજગારલક્ષી તેમજ તાલીમ/સ્કિલ ડૅવલોપમેન્ટ સંબંધિત યોજનાઓની જાણકારી આપવામાં આવેલ રોજગાર કચેરી સુરત દ્વારા આગામી દિવસોમાં સ્કિલ ટ્રેનીંગ આપતી સંસ્થાઓનો સહયોગ મેળવી રોજગાર વાંચ્છુક ઉમેદવારોને વિના મૂલ્યે સ્કીલ પ્રોગ્રામમાં જોડી રોજગારલક્ષી પ્રયત્ન હાથ ધરવામાં આવશે.











### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે "આત્મહત્યા નિવારણના મુદ્દે કાર્યક્રમ" યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સાહેબ અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રિતી ચૌધરીના માર્ગદર્શન હેઠળ લો વિભાગ અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ દ્વારા તારીખ ૦૪/૦૯/૨૦૨૫ ગુરુવારના રોજ લો વિભાગમાં

'આત્મહત્યા નિવારણ મુદ્દે કાર્યક્રમ' આયોજિત કરવામાં આવ્યો જેમાં કાર્યક્રમનો વિષય 'આત્મહત્યા નિવારણ કાર્યક્રમ' રહ્યો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે જય પ્રજાપતિએ વિદ્યાર્થીઓને વક્તવ્ય આપ્યું હતું. જેમની અંતર્ગત આત્મહત્યા એ ગુનો છે, બાળકીઓનો સ્વબચાવ આત્મરક્ષણ માટે સક્ષમ બનાવવી, આત્મહત્યાના વિચારો આવે ત્યારે શું કરવું એના વિશે વિશેષ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના 'લો વિભાગ'ના વડા ડૉ. યશોધરા એ. ભટ્ટ તથા એમના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગમાંથી મનોવૈજ્ઞાનિક સલાહકાર ઊર્મિન પટેલ અને દર્શન પરમાર તેમજ ચાલ જીવી લઈએ ફાઉન્ડેશનના સભ્યો ઉપસ્થિત હતા સાથે સાથે આ સમગ્ર કાર્યક્રમમાં લો વિભાગ ના ૭૦ જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.




## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે 'આત્મહત્યા નિવારણ તેમજ માનસિક સ્વાસ્થય'ના મુદ્દે કાર્યક્રમ યોજાયો



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સાહેબ અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રિતી ચૌધરીના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિભાગ, તુલનાત્મક વિભાગ અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ 'PGCC' દ્વારા તારીખ ૦૮/૦૯/૨૦૨૫ સોમવારના રોજ 'આત્મહત્યા નિવારણ તેમજ માનસિક સ્વાસ્થ્ય'ના મુદ્દે કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. જેમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. લતિકા શાહ એ આ મુદ્દે વિદ્યાર્થીઓને વક્તવ્ય આપ્યું હતું. જેમની અંતર્ગત માનસિક સ્વાસ્થ્ય શું છે?, આત્મ હત્યા નિવારણ માટે શું કરવું જોઈએ તેમજ અન્ય વ્યકિત જે આત્મહત્યાનો વિચારો લઈને ચાલે છે તો એમનામાં કેવાં લક્ષણો હોઈ શકે છે અને એવાં લક્ષણો દેખાય ત્યારે શું કરવું એના વિશે વિશેષ માહિતી આપી હતી. આ પ્રોગ્રામ મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન અને સલાહ કેન્દ્રના મનોવૈજ્ઞાનિક સલાહકાર ઊર્મિન દેસાઈ, ઉલ્કા પટેલ તેમજ દર્શન પરમારની સાથે પેરેન્ટિંગ ફોર પેસ (P4P) દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વિભાગના વડા ડૉ. મહેશ અને તુલનાત્મક વિભાગ ના વડા ડૉ. મુકેશ વસાવા તેમજ તેમના અધ્યાપકો અને સાથે મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગમાંથી મનોવૈજ્ઞાનિક સલાહકાર ઉલ્કા પટેલ ઉપસ્થિત હતા સાથે સાથે આ સમગ્ર કાર્યક્રમમાં અંગ્રેજી વિભાગ તેમજ તુલનાત્મક વિભાગના ૧૫૦ જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોમાં "આત્મહત્યા નિવારણ અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ" વિશે કાર્યક્રમ યોજાયો



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રીતિ ચૌધરીના માર્ગદર્શન હેઠળ આંકડાશાસ્ત્ર વિભાગ, ફાઈન આર્ટસ વિભાગ, અને જે.પી.દાવર ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટૅકનોલોજી વિભાગ અંતર્ગત મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ દ્વારા તા. ૧૦/૦૯/૨૦૨૫ બુધવારના રોજ આંકડાશાસ્ત્ર વિભાગ, ફાઈન આર્ટસ વિભાગ, અને જે.પી.દાવર ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટૅકનોલોજી વિભાગમાં આત્મહત્યા નિવારણ અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ વિશે કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. જેમાં કાર્યક્રમનો વિષય "આત્મહત્યા નિવારણ તેમજ માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ" અંતર્ગત રહ્યો. જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રીમતિ ઊર્મિનબેન દેસાઈએ વિદ્યાર્થીઓને વક્તવ્ય આપ્યું હતું. જેમની અંતર્ગત આત્મહત્યા એ ગુનો છે, આત્મહત્યાના વિચારો આવે ત્યારે શું કરવું અને માનસિક

સ્વાસ્થ્ય વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમજ "નેશનલ ટાસ્ક ફોર્સ"ના વિદ્યાર્થીના આત્મહત્યા પાછળ જવાબદાર કારણોનાં સંશોધન માટે તૈયાર કરવામાં આવેલ માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અને આત્મહત્યા નિવારણ અંગેના વિવિધ સર્વે વિશેની માહિતી દર્શન પરમારે આપી હતી અને સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં આવેલ મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા આત્મહત્યા અટકાવવા માટે જે પ્રયાસો થાય છે તેમજ આ કેન્દ્રમાં માનસિક સ્વાસ્થ્યથી મૂંઝાતા વિદ્યાર્થીઓના પ્રશ્નો અંતર્ગત મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર કેવી રીતે મદદરૂપ થશે એના વિષે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને આ મુદ્દે સમગ્ર માહિતી ઉલ્કા પટેલે આપી હતી. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આંકડાશાસ્ત્ર વિભાગના વડા શ્રીમતિ ડૉ. આરતીબેન જે રાજ્યગુરુ, ફાઈન આર્ટસ વિભાગના વડાશ્રી અંકીત કુમાર એમ. ચાંગાવાલા, અને જે.પી.દાવર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કૉમ્યુનિકેશન ટૅકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. પુષ્પલ દેસાઈ તથા આ ત્રણેય વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગમાંથી મનોવૈજ્ઞાનિક સલાહકાર ઊર્મિન દેસાઈ, ઉલ્કા પટેલ અને દર્શન પરમાર તેમજ સાથે સાથે આંકડાશાસ્ત્ર વિભાગમાં ૭૮, ફાઈન આર્ટસ વિભાગમાં ૭૨, જે.પી.દાવર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટૅકનોલોજી વિભાગમાં ૧૦૦ એમ કુલ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ખૂબ ઉત્સાહથી અને સફળતા પૂર્વક પૂર્ણ થયો.

## વિશ્વવિદ્યાલય ખાતે "આત્મહત્યા નિવારણ અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ" યોજાયો



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રીતિ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જાહેર વહીવટ વિભાગ અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ દ્વારા તારીખ ૧૫/૦૯/૨૦૨૫ સોમવારના રોજ જાહેર વહીવટ વિભાગમાં 'આત્મહત્યા નિવારણ અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ' રહ્યો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રીમતી ડૉ. બાલીબેન ભાલાણીએ વિદ્યાર્થીઓને વકતવ્ય આપ્યું હતું. જેમની અંતર્ગત આત્મહત્યા એ ગુનો છે, આત્મહત્યાના વિચારો આવે ત્યારે શું કરવુ તેમની મનોવિશ્લેષ્ણાત્મક પદ્ધતિ અનુસાર સમજાવ્યું હતું અને માનસિક સ્વાસ્થ્ય વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમજ સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આવેલ મનોવૈણાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા આત્મહત્યા અટકાવવા માટે જે પ્રયાસો થાય છે તેમજ આ કેન્દ્રમાં માનસિક સ્વાસ્થ્યથી મૂંઝાતા વિદ્યાર્થીઓને કેવી રીતે મદદરૂપ થશે એના વિષે સમગ્ર માહિતી પણ મુખ્ય વકતા દ્વારા સમજાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીને તેમની માનસિક સ્વાસ્થ્યની સમજને તપાસવા મૌખિક પ્રશ્નોતરી પણ કરવામાં આવી હતી અને જેનાથી વિદ્યાર્થીને તેમની માનસિક સ્વાસ્થ્ય પ્રત્યેની સમસ્યા વિષે ઉકેલ પણ પ્રાપ્ત થયા હતા. આમ, સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં થયો હતો.

આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના જાહેર વહીવટ વિભાગના વડા શ્રીમતી ડૉ. મધુ એમ. થવાની તથા એમના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગમાંથી મનોવૈજ્ઞાનિક સલાહકાર, ઉલ્કા પટેલ અને દર્શન પરમાર હાજર રહ્યા હતા. તેમજ સાથે સાથે આ સમગ્ર કાર્યક્રમમાં જાહેર વહીવટ વિભાગના ૩૦ જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યકક્ષાના એન.એસ.એસ. દિવસની ઉજવણી –૨૦૨૫ અંતર્ગત વિશ્વવિદ્યાલય કક્ષાની સ્પર્ધા



રાજ્યકક્ષાના એન.એસ.એસ. દિવસની ઉજવણી–૨૦૨૫ અંતર્ગત ભાગ લેવા માટે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત વિશ્વવિદ્યાલય કક્ષાની સ્પર્ધાનું તા. ૧૬/૦૯/૨૦૨૫ના રોજ કન્વેન્શન હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જુદી–જુદી એન.એસ.એસ. સંલગ્ન કૉલેજોના સ્વયંસેવક/સેવિકાઓએ નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, શીઘ્ર કાવ્ય સ્પર્ધા, વાધ્ય સ્પર્ધા, ગરબા હરીફાઈ, એક પાત્રીય અભિનય, રંગોળી સ્પર્ધા અને શીઘ્ર સંસ્કૃત શ્લોક સ્પર્ધા વગેરે જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

સદર કાર્યક્રમમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર સ્વયંસેવકો તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી એસ.પી.યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, આણંદ ખાતે આયોજિત થનાર રાજ્ય કક્ષાની એન.એસ.એસ.દિવસ ઉજવણી–૨૦૨૫ કાર્યક્રમમાં ભાગ લઈ વિશ્વવિદ્યાલયનું રાજ્યસ્તરે પ્રતિનિધિત્વ કરશે.

## રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, બાયોટેકનોલોજી વિભાગ તથા અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના સંયુક્ત ઉપક્રમે આયોજિત "મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવ"











દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૫માં જન્મદિવસની ઉજવણી અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને એન.એસ.એસ.યુનિટ બાયોટૅકનોલોજી વિભાગ તથા અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે બાયો–ટૅકનોલોજી વિભાગના સેમિનાર હોલ ખાતે "મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ચોર્યાસી વિધાનસભાના માનનીય ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, તેરાપંથ યુવક પરિષદના સભ્યશ્રીઓ, એન.એસ.એસ.ના સંયોજક ડૉ. શ્રીધર નિમાવત, વિવિધ વિભાગોના પ્રાધ્યાપકશ્રીઓ તેમજ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ડ્રાઈવમાં સેવાભાવી દાતાઓએ ઉમંગપૂર્વક રક્તદાન કરી માનવ સેવાનો અનોખો દાખલો પુરો પાડયો હતો. કાર્યક્રમ અંતે કુલ ૭૫ યુનિટ રક્ત એકત્રિત થયું, જે સમાજસેવાના કાર્યમાં એક મહત્ત્વપૂર્ણ યોગદાનરૂપ બન્યું.

## VNSGUમાં Smart India Hackathon 2025 અંતર્ગત આંતરિક હેકાથોન–૨૦૨૫નું સફળ આયોજન






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે Institution Innovation Council, Student Startup & Innovation Policy (SSIP), VNSGU સ્કિલ્સ અને કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સંયુક્ત આયોજન હેઠળ તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ એક દિવસીય Smart India Hackathon 2025 અંતર્ગત આંતરિક હેકાથોનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ આતરિક હેકાથોન SIH 2025 (Smart India Hackathon 2025)નો ભાગ તરીકે આયોજન કરવામાં આવ્યો હતો, જે વિદ્યાર્થીઓમાં નવીનતા, ટૅકનોલોજી અને પ્રોજેક્ટ આધારિત સમજણને પ્રોત્સાહિત કરવા માટે યોજાયો હતો. આ હેકાથોનમાં કુલ ૧૨ ટીમો અને ૬૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ કોમ્પ્યુટર સાયન્સ વિભાગની કોમ્પ્યુટર લેબમાં યોજાયો હતો. જ્યુરીના ૬ સભ્યશ્રીઓ દ્વારા તમામ ટીમોના પ્રોજેક્ટનું

મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ડૉ. નિમિશા મોદી, આસિસ્ટન્ટ પ્રોફેસર, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વી.એન.એસ.જી.યુ, શ્રીમતી જયશ્રી પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વી.એન.એસ.જી.યુ, ડૉ. વિમલ ચૌધરી, આસિસ્ટન્ટ પ્રોફેસર, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વી.એન.એસ.જી.યુ,ડૉ. પારુલ પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, આઈ.સી.ટી. વિભાગ, વી.એન.એસ.જી.યુ, ડૉ. ધવલ જોષી, આસિસ્ટન્ટ પ્રોફેસર, આઈ.સી.ટી. વિભાગ, વી.એન.એસ.જી.યુ, ડૉ. પાયલ જોષી, આસિસ્ટન્ટ પ્રોફેસર, આઈ.સી.ટી. વિભાગ, વી.એન.એસ.જી.યુ,એ તમામે જ્યુરી મેમ્બર તરીકે તેઓનું યોગદાન આપેલ હતું. સદર આંતરિક હેકાથોન અંતે સ્પર્ધામાં ૪ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. પ્રથમ ક્રમેઃ BlockDragon (આઈ.સી.ટી. વિભાગ), બીજા ક્રમેઃ TechFusion (આઈ.સી.ટી. વિભાગ વી.એન.એસ.જી.યુ) ત્રીજા ક્રમે (૨ ટીમની પસંદગી થયેલ હતી) Texta-Contextualis-RX (કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વી.એન.એસ.જી.યુ.), ForSight (કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વી.એન.એસ. જી.યુ).

વિજેતાઓ તથા તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને જ્યુરી સભ્યો તથા કોમ્પ્યુટર સાયન્સ વિભાગના વડા ડૉ. અપુર્વ દેસાઈ દ્વારા પ્રમાણપત્ર અને પ્રશંસાપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ડૉ. આર.સી.ગઢવી (રજીસ્ટ્રાર), ડૉ. આઈ.બી.પટેલ (ડિરેકટર, આઈ.આઈ.સી.સેલ, વી.એન.એસ.જી.યુ), ડૉ. પરેશ પારેખ, (એસ.એસ.આઈ.પી. કૉ–ઓર્ડિનેટર, વી.એન. એસ.જી.યુ) તથા ડૉ. અપુર્વ દેસાઈ (વડા, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વી.એન.એસ.જી.યુ.)ના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના SPOC-SIH, તરીકે ડૉ. રિંકુ પટેલ, કૉ–ઓર્ડિનેટર તરીકે શ્રી મયુરધ્વજ બી. ગોહિલ, કૉ–ઓર્ડિનેટર તરીકે શ્રી ધર્મેન બી.શાહ અને VNSGU સ્કિલસની ટીમની સભ્યશ્રીઓ સુશ્રી સિદ્ધિ પટેલ તથા શ્રીમતી સીમા પટેલ દ્વારા સદર કાર્યક્રમના સંચાલનમાં મહત્વપૂર્વ યોગદાન આપ્યું. કાર્યક્રમના અંતે માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ વિડિયો સંદેશા મારફતે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા અને તેમના કાર્યની પ્રશંસા કરી. એક દિવસીય આ હેકાથોન કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

## 'નરીશિંગ ફેમિલીઝ : સ્ટ્રેટેજીસ ફોર હેલ્ધિયર ઇટિંગ' વિષય પર સેમિનાર









૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫: રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના સાથ સહકારથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોસાયન્સ વિભાગ દ્વારા 'નરીશિંગ ફેમિલિઝઃ સ્ટ્રેટેજીસ ફોર હેલ્ધિયર ઇટિંગ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રજ્વલનથી થયો. ત્યારબાદ માનનીય કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી સરે સંતુલિત આહારના આજના સમયમાં મહત્ત્વ વિશે માર્ગદર્શન આપ્યું. વિભાગ પ્રમુખ ડૉ. કૈલાશ પટેલ દ્વારા સમગ્ર કુટુંબના આરોગ્ય જાળવવામાં મહિલાઓની અગત્યની ભૂમિકા પર પ્રકાશ પાડયો.

આ અવસર પર ખ્યાતનામ વકતાઓએ પોષણના વિવિધ પાસાઓ અંગે પ્રેરણાદાયક પ્રવચનો આપ્યા. એસપીટીએમ કૉલેજ, સુરતના એસોસિએટ પ્રોફેસર શ્રીમતી મીનાક્ષી ત્રિપાઠીએ યુવાનોમાં વધતા જતાં મોટાપાના કેસો અને ખાવાની આદતો અંગે વાત કરી. સ્મીમેર સુરતના પ્રોફેસર ડૉ. અરવિંદસિંહ પન્વરે ફંકશનલ ફૂડસ, સમગ્ર આરોગ્ય તથા વૃદ્ધાવસ્થા રોકવાના ઉપાયો વિશે સમજાવ્યું.

સંજીવની કિલનિક બારડોલીના પ્રેકિટશનર અને વૈદિક રસોઈ આયોજક ડૉ. રક્ષા ભટ્ટે વૈદિક રસોઈ પદ્ધતિઓ અને યોગ્ય આહારની પસંદગીના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું. તમામ સત્રો ખૂબ જ ઇન્ટરએકિટવ રહ્યા અને વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટી સભ્યો દ્વારા પ્રશંસા પામ્યા, કાર્યક્રમનું સમાપન આભારવિધિ સાથે થયુ અને ઉપસ્થિત સૌને આરોગ્યપ્રદ જીવન માટે પ્રાયોગિક જ્ઞાન મળ્યું.

## રાજ્યકક્ષાની રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી




તા. ૨૨થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન એસ.પી.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ ખાતે રાજ્યકક્ષાનો રાષ્ટ્રીય સેવા યોજના દિવસ ઉજવણી કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો હતો. રાજ્યની વિવિધ યુનિવર્સિટીના એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ મોટી સંખ્યામાં હાજરી આપી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તરફથી ૩૭ સ્વયંસેવકો (૧૦ ભાઈઓ અને ૨૭ બહેનો) એ ભાગ લીધો હતો. આ અવસરે ટીમ મેનેજર તરીકે ડૉ. મુકેશ રોહિત, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર, કોમર્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તથા ડૉ. ખુશ્બુ દેસાઈ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર, કે.બી.એસ.કોમર્સ એન્ડ નટરાજ પ્રોફસનલ સાયન્સ કૉલેજ, વાપી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન યુનિવર્સિટીના અનેક સ્વયંસેવકોએ ક્રમાંક પ્રાપ્ત કરી વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું હતું. આ સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા એન.એસ.એસ.ના સંયોજકશ્રી ડૉ. શ્રીધર નિમાવતે તમામ વિજેતા તથા ભાગ લેનાર સ્વયંસેવકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

| ક્રમ | સ્વયંસેવકનું નામ | કૉલેજનું નામ | કૃતિની વિગત | પ્રાપ્ત ક્રમાંક | ભાગ લીધેલ પ્રતિસ્પર્ધીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | કરણ ગિરી. | કે.બી.એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપી | મોનો એકિંટગ | પ્રથમ | ૪૬ |
| ૨ | મિત્તલ ગોસ્વામી | જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટસ કૉલેજ, સુરત | ઓન ધ સ્પોર્ટ પોસ્ટર મેકિંગ | પ્રથમ | ૪૮ |
| ૩ | અર્પિતા જિંજાલા | જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટસ કૉલેજ, સુરત | મોનો એકિંટગ | દ્વિતીય | ૪૬ |
| ૪ | સુરજ ગોસ્વામી | કે.બી.એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ, વાપી | ઓન ધ સ્પોર્ટ પોસ્ટર મેકિંગ | દ્વિતીય | ૪૮ |
| ૫ | તીર્થ ભોયા | બી.કે.એસ. સાયન્સ કૉલેજ, વલસાડ | નિબંધ લેખન | તૃતિય | ૫૨ |

## Department of Biotechnology

### મધમાખી વાંચન અને જોડણી સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટૅકનોલોજી વિભાગ દ્વારા ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ વિદ્યાર્થીઓમાં શીખવાની અને ઉત્કૃષ્ટતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે વાંચન સ્પર્ધા અને જોડણી મધમાખી સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

વાંચન સ્પર્ધામાં કુલ ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ૮ વિદ્યાર્થીઓએ સ્પેલિંગ બી. સ્પર્ધામાં તેમની કુશળતા દર્શાવી હતી. પ્રતિષ્ઠિત ન્યાયધીશો મિસ ચંદા ઉપાધ્યાય અને મિસ ઝીલ ખાતીવાલા દ્વારા સ્પર્ધાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમણે સમગ્ર કાર્યક્રમ દરમિયાન સહભાગીઓને પ્રોત્સાહિત અને પ્રેરિત કર્યા હતા.

જીવંત અને સ્પર્ધાત્મક પ્રદર્શન પછી વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. વાંચન સ્પર્ધા વિજેતાઃ નાયક મિષ્ટી, સેમેસ્ટર–૧, બાયોટૅકનોલોજી સ્પેલિંગ બી સ્પર્ધા વિજેતાઃ સિમોન ખત્રી, સેમેસ્ટર–૩, બાયોટૅકનોલોજી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, વિભાગીય વડાશ્રી ડૉ. ગૌરવ શાહ તથા સમગ્ર બાયોટૅકનોલોજી વિભાગ તમામ સહભાગીઓને તેમની ઉત્સાહી સંડોવણી બદલ અભિનંદન આપ્યા હતા અને વિજેતાઓને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે શુભેચ્છાઓ આપી હતી. આ પ્રકારના કાર્યક્રમોનો ઉદ્દેશ આત્મવિશ્વાસ પ્રેરિત કરવાનો, સંદેશાવ્યવહારની કુશળતામાં સુધારો કરવાનો અને વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવાનો છે.

## બાયોટૅકનોલોજી વિભાગે મહિલા ઉદ્યોગસાહસિકતા મંચ (WEP)- ગુજરાત ચેપ્ટર હેઠળ ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું




મહિલા ઉદ્યોગસાહસિકતા મંચ (WEP) - ગુજરાત ચેપ્ટર હેઠળ મહિલા ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત ખાતે બાયોટૅકનોલોજી વિભાગ ખાતે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ભારતીય ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થા (ઈડીઆઈઆઈ) અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું અને ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા પ્રાયોજિત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ડૉ. ગૌરવ શાહના સ્વાગત સંબોધન સાથે થઈ હતી, જેમણે ઉદ્યોગસાહસિકતા અને નવીનીકરણના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. શ્રી સચિન પટેલ (ઈડીઆઈઆઈ) એ ઉદ્યોયસાહસિકોની જરૂરિયાત, મહત્ત્વ અને ક્ષમતાઓ પર પ્રથમ બે સત્રોનું આયોજન કર્યું હતું.

બપોરના સત્રમાં સેલ ટેક લાઈફ સાયન્સના સહ–સ્થાપક ડૉ. સૃષ્ટિ શત્યાલ અરોરા અને પિંગલા કુડ્સના માલિક સુશ્રી પ્રશ્યા શાલી અને વી.એન.એસ.જી.યુ.ના પૂર્વ વિદ્યાર્થીઓ સાથે પ્રેરણાદાયી વાર્તાલાપ કરવામાં આવ્યો હતો, જેમણે તેમની ઉદ્યોગસાહસિક સફર શેર કરી હતી.

ડૉ. રવજીતસિંહ અટવાલ (ઈડીઆઈઆઈ) એ મહિલા ઉદ્યોગસાહસિકો માટે વ્યવસાયની તકો અને સરકારી યોજનાઓ પરના સત્રો સાથે સમાપન કર્યું હતું. કાર્યક્રમનું સમાપન વી.એન.એસ.જી.યુ. અને ઈડીઆઈઆઈ ટીમ દ્વારા આભારવિધિ સાથે કરવામાં આવ્યું હતું.

## Department of Commerce

### કોમર્સ વિભાગ દ્વારા રાસ ગરબા પર્વની ઉજવણી

૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાણિજ્ય વિભાગ દ્વારા નવરાત્રીની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરી હતી. આ પર્વની શરૂઆત દીવા પ્રગટાવી અને મા નવદુર્ગાની આરતી કરીને કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને ઉર્જા સાથે ગરબાની રમઝટ બોલાવી હતી. આ કાર્યક્રમમાં રૈયાણી હિરલ અને ધ્રુવીશાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. શ્રેષ્ઠ ગરબા પ્રદર્શન માટે ગાંધી શ્રુતિ અને કાનજીવાળા અનિકેતને ઇનામ મળ્યા, જ્યારે સોનાલી યાદવ અને નિતેશ સોનીને શ્રેષ્ઠ પરંપરાગત પોશાક માટે સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ શુભેચ્છા પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. વત્સલ પટેલના માર્ગદર્શન હેઠળ રક્ષા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



## Department of Comparative Literature

### ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષનો અભિવાદન સમારોહ






તા. ૦૨/૦૯/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગ અને હિન્દુ અધ્યયન પ્રતિષ્ઠાન વતી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષનો અભિવાદન સમારોહ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબના અધ્યક્ષીય પદે યોજાય ગયો.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવ શ્રી હિમાંજય પાલીવાલજી (અધ્યક્ષ, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ) દ્વારા સંસ્કૃત ભાષાના આધ્યાત્મિક અને શૈક્ષણિક મહત્ત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ પંચ પ્રકલ્પ યોજના, સંસ્કૃત ભાષાના સંવર્ધન અને વિકાસ માટેના પ્રયાસોની વાત રજૂ કરી હતી. શ્રીમદ્ ભગવદ્ ગીતાના મહત્ત્વ અને વારસો અને કંઠસ્થ કરવાની વાત કરવામાં આવી. તેમણે સમકાલીન સમયમાં ભગવદ્ ગીતાના મહત્ત્વ વિશે સમજાવતા કહ્યું કે –ભગવદ્ગીતા માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ એક દાર્શનિક માર્ગદર્શિકા છે. આજના સમયમાં, જ્યારે માનવી ભૌતિક સુખ, ઝડપી જીવનશૈલી, સ્પર્ધા, તણાવ અને અસંતોષ વચ્ચે જીવી રહ્યો છે, ત્યારે ગીતા જીવનને સમતોલ રાખવા માટે અત્યંત ઉપયોગી બની રહે છે. ગીતા કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ જેવા ઉપાયો દ્વારા માનુષ્યને આંતરિક શાંતિ આપે છે. ગીતા માનવીને સત્ય, ધર્મ, અહિંસા અને આત્મસંયમ જેવા મૂલ્યો તરફ દોરી જાય છે, જે આજના ભ્રષ્ટાચાર અને અનૈતિકતા ભરેલા યુગમાં ખૂબ જરૂરી છે. મૅનેજમૅન્ટ, રાજનીતિ અને સામાજિક ક્ષેત્રે પણ ગીતા માર્ગદર્શક છે. નિર્ણય લેવાની ક્ષમતા, સંકટ સમયે ધીરજ અને ટીમને પ્રેરિત કરવાનો પાઠ એમાંથી મળે છે. ગીતા આત્મજ્ઞાન અને પરમાત્માના સ્વરૂપ અંગે સમજણ આપીને માનવીને ભૌતિકવાદી જીવનમાંથી ઉંચે ઊઠવાની દિશા બતાવે છે. માત્ર ભારત જ નહીં, પણ વિશ્વના વિદ્વાનો ગીતાને 'Universal Life Guide' માને છે, કારણ કે એ સર્વત્ર લાગુ પડે એવા તત્વજ્ઞાનનો ગ્રંથ છે. એ ભગવદ્ ગીતા આજના યુગમાં માનવીને માર્ગદર્શન, આત્મબળ અને આધ્યાતિમક શાંતિ પૂરી પાડે છે. એ જીવનને સંતુલિત, અર્થપૂર્ણ અને સુખમય બનાવવા માટે અવિનાશી માર્ગદર્શિકા છે, ત્યારબાદ અધ્યક્ષીય મંતવ્ય માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા રજૂ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, ડૉ. મુકેશ વસાવા, ડૉ. સુરવીરસિંહ ઠાકોર, ડૉ. ભરત ઠાકોર, ડૉ. મહેન્દ્ર ત્રિવેદી અને ડૉ. ભાવનાબેન ચાંપાનેરી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં ડૉ. અર્ચના પટેલ દ્વારા આભારવિધિ વ્યકત કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વૈશાલી ડોડીયાએ કર્યું હતું.

## एक दिवसीय राष्ट्रीय परिसंवाद "हिंदी भाषा: आज और कल"




वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय, सूरत के तुलनात्मक साहित्य विभाग में हिन्दी पखवाड़ा के उपलक्ष्य पर दिनांक: २० सितम्बर २०२५ को **'एक दिवसीय राष्ट्रीय परिसंवाद' "हिंदी भाषा : आज और कल"** नामक कार्यक्रम आयोजित किया गया। इस कार्यक्रम का शुभारंभ पारंपरिक ढंग से महानुभावों के द्वारा सरस्वती माता के चरणों में दीप प्रागट्य करके किया गया। गागर में सागर भरने हेतु तीन सत्रों में इस कार्यक्रम को सम्पन्न किया गया।

प्रथम सत्र में यूको भाषा बैंक ऑफ इंडिया के अधिकारियों द्वारा हिन्दी के दो छात्रों को धनराशि से पुरस्कृत किया गया; जिसमें विश्वविद्यालय के कुलगुरु माननीय डॉ. किशोरसिंह एन. चावड़ाजी व कुलसचिव माननीय डॉ. रमेशदान गढ़वीजी अपने व्यस्ततम् दिनचर्या में से समय निकालकर जुड़े।

दूसरे व तीसरे सत्र में मुख्य वक्ता के रूप में बिरसा मुंडा ट्रायबलयुनिवर्सिटी, राजपीपलाके कुलगुरु माननीय डॉ. मधुकर पाडवीजी तथा अन्य वक्ता के रूप में हिंदी भवन, सौराष्ट्रविश्वविद्यालय, राजकोटके प्रो. डॉ. नारणभाई गामीत व के.एम.अग्रवाल महाविद्यालय (मुंबई विद्यापीठ से संबंध) कल्याण पश्चिम,महाराष्ट्र के प्रो. डॉ. मनीषकुमार मिश्राजी अपने विचारों को साझा किए।

इस विशिष्ट वक्तव्य में इन महानुभावों ने अपने अमूल्य विचारों से सभी श्रोतागणों को लाभांवित किया।इसके साथ ही उन्होंने हिन्दी के इतिहास से लेकर उसकी अनन्तसंभावनाओं पर प्रकाश डालते हुए वर्तमान में हो रहे अतुल्यनीय कार्यों के विषय में विस्तार से जानकारी दिया।

इस कार्यक्रम में विभागाध्यक्ष डॉ. मुकेश वसावाजी के सानिध्य में विभाग के सभी प्राध्यपकगण व कार्यालयी तथा सेवक कर्मचारियोंने अपनी भूमिका निभाई। छात्रों ने भी हर्षोल्लासपूर्वक भाग लिया।

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગમાં નવરાત્રી પર્વની ઉજવણી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગમાં તા. ૨૫/૦૯/૨૦૨૫ ગુરુવારના રોજ 'નવરાત્રી પર્વ'ની ઉજવણી ઉત્સાહ અને ઉમંગભેર કરવામાં આવી. આ કાર્યક્રમમાં માનનીય

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા તુલનાત્મક સાહિત્ય વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. મુકેશ વસાવા સાહેબની પ્રેરક ઉપસ્થિતિ રહી. કાર્યક્રમની શરૂઆત અધ્યશકિત અંબેમાની આરતીથી કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પરંપરાગત વેશભૂષામાં રંગીન અને સાંસ્કૃતિક લોકગીતો સાથે ગરબા રમીને સમગ્ર વાતાવરણને ઉત્સાહમય બનાવ્યું. નવરાત્રી પર્વના આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાનો પરિચય આપતાં શ્રેષ્ઠ પરિધાન, શ્રેષ્ઠ નૃત્ય તથા જૂથ પ્રસ્તુતિઓમાં ભાગ લીધો. આ ઉજવણીમાં વિભાગના વિદ્યાર્થીઓ, સંશોધનાર્થી વિદ્યાર્થીઓ, તેમજ સર્વ અધ્યાપકોની ઉપસ્થિતિ રહી. કાર્યક્રમના અંતે અધ્યક્ષશ્રીઓ વિદ્યાર્થીઓને આવા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સામાજિક એકતા, પરંપરા અને જીવનમૂલ્યોને જીવંત રાખવાની પ્રેરણા મળે છે. એમ જણાવ્યું હતું.

## Department of Economics

### સંશોધન સંદર્ભસૂચી તૈયાર કરવા માટે 'મેન્ડલી' ઉપર એક દિવસીય કાર્યશાળા યોજાઈ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તારીખ ૦૧/૦૯/૨૦૨૫નાં રોજ અર્થશાસ્ત્ર વિભાગ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડિયમ કૉલેજના સંયુક્ત ઉપક્રમે Reference Management Software MENDELEY ની એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, અધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા, મુખ્ય વકતા તરીકે ડૉ. ગૌતમ દુઆ હાજર રહ્યા હતા. જેઓ અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડિયમ કૉલેજમાં કાર્યકારી આચાર્ય તરીકે સેવા આપી રહ્યા છે. તથમ કાર્યક્રમનાં કૉ-ઓર્ડિનેટર ડૉ. મનીષા આર. પટેલ અને ડૉ. તૃપ્તિબેન વાંસિયા હાજર રહ્યા હતા. સમગ્ર વર્કશોપનું સંચાલન ડૉ. યોગેશ એન.વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા મુખ્ય અતિથિ, વકતા અને ભાગલેનાર દરેક વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરીને કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત અતિથિઓનું સ્વાગત યુનિવર્સિટી ખેસ, પુસ્તક તથા પુષ્પગુચ્છ ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ દ્વારા કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને સંશોધનકાર્ય કરવા અને સંશોધન સંબંધિત થનાર વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પ્રસ્તુત કાર્યશાળાની પૂર્વભૂમિકા રજૂ કરવામાં આવી હતી. પ્રસ્તુત 'MENDELEY' સૉફ્ટવેરનો ઉપયોગ સંશોધકો માટે કઈ રીતે સંશોધન પત્ર તૈયાર કરવામાં મદદરૂપ થઈ શકે અને સંશોધન પત્ર કે લેખ તૈયાર કરતી વખતે અવતરણ (Citation) અંગે આવતી મુશ્કેલીઓમાં કઈ રીતે સરળતાથી MENDELEY નો ઉપયોગ કરીને પોતાનું સંશોધન લેખને યોગ્ય પ્રમાણિત કરી શકે તે અંગે ચર્ચા કરી હતી. વધુમાં, તેમણે MENDELEY સિવાય પણ કેટલાક Reference Management Softwere જેવા કે ZOTERO અને Typset.io વગેરે સૉફ્ટવેર અંગે પણ વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા. ત્યારબાદ ડૉ. ગૌતમ દુઆ સાહેબ દ્વારા પ્રસ્તુત "MENDELEY" સંદર્ભ સૉફ્ટવેરનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો હતો. "MENDELEY" સૉફ્ટવેરનો ઉપયોગ વિદ્યાર્થીઓ પોતાનાં સંશોધન કાર્ય માટે કઈ રીતે કરી શકે તેની માહિતી આપી હતી અને દરેક વિદ્યાર્થીઓને કમ્પ્યુટરમાં પ્રેકિટસ દ્વારા શીખવવામાં આવ્યું હતું.

ત્યારબાદ વિદ્યાર્થીઓને MENDELEY ઉપયોગમાં પડતી મુશ્કેલીઓ અને ઉકેલો પણ જણાવ્યા હતા. વર્કશોપના અંતે ડૉ. યોગેશ વાંસિયા દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજના ડાયરેકટરશ્રી યુ.ટી.દેસાઈનો પ્રસ્તુત કાર્યક્રમની મંજુરી અને આયોજનનાં સહકાર બદલ આભાર વ્યકત કર્યો હતો તથા મુખ્ય વકતા ડૉ. ગૌતમદુઆ કાર્યક્રમના કૉ-ઓર્ડિનેટર ડૉ. તૃપ્તિબેન વાંસિયા અને ડૉ. મનિષ આર. પટેલ પણ આભાર વ્યકત કર્યો હતો. ઉપરાંત જે પણ વિદ્યાર્થી, સંશોધક અને અધ્યાપકો કાર્યશાળામાં જોડાયા તેમનો આભાર વ્યકત કર્યો હતો. પ્રસ્તુત વર્કશોપમાં કુલ ૬૦ જેટલા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં અભ્યાસ કરતા B.L.I.Sc SEM-1 , M.L.I.Sc SEM-1, MA SEM-1 & 3 Ph.D નાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. પ્રસ્તુત કાર્યશાળાનાં આયોજન અને કાર્યશાળાની સફળતા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા શુભેચ્છા સંદેશ મોકલ્યો હતો.

## અર્થશાસ્ત્ર વિભાગ ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના અર્થશાસ્ત્ર વિભાગમાં ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી. એમ.એ.સેમેસ્ટર–૧ અને ૩ના કુલ ૧૬ વિદ્યાર્થીઓએ અર્થશાસ્ત્રના વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપ્યાં. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી તથા અન્ય શૈક્ષણિક કર્મચારીઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ક્રમ આપવામાં આવ્યા હતા, એમ.એ.સેમેસ્ટર–૧માં પ્રથમ ક્રમે ઇશા કાપડિયા, દ્વિતીય ક્રમે રવિ ભેડા અને કૌશલ પિપાવત, તૃતીય ક્રમે રોશન રાઉત રહ્યા. એમ.એ.સેમેસ્ટર–૩માં પ્રથમ ક્રમે વિધી કાકલોતર, દ્વિતીય ક્રમે મયુર ચૌહાણ અને તૃતીય ક્રમે સનાબાનુ શેખ રહ્યા. પ્રસ્તુત અવસરે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબ દ્વારા સૌને કિશોરસિંહ ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબ દ્વારા શિક્ષક દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## State Level One -Day Workshop on ZOTERO: Reference Management Tool







તા. ૧૦/૦૯/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ,ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને માનવ સંસાધન વિકાસ વિભાગના સંયુકત પ્રયાસ દ્વારા એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળા સંદર્ભ સૂચી તૈયાર કરવા માટેના એક વિકલ્પ ઝોટેરો (ZOTERO) સૉફટવેર વિષય પર આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યશાળાનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના કોમ્પ્યુટર લેબમાં કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યશાળામાં અર્થશાસ્ત્ર વિભાગના વડા. ડૉ. ગૌરાંગ ડી. રામી, માનવ સંસાધન વિભાગના વડા ડૉ. ડી.જી. ઠાકોર અને મુખ્ય વકતા તરીકે માનવ સંસાધન વિકાસ વિભાગના ડૉ. ભાવેશ વાનપરીયા ઉપસ્થિત રહ્યા હતા. તથા અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. યોગેશ વાંસિયા અને કાર્યશાળાના કૉ–ઓર્ડિનેટર એવા ડૉ. મનીષ આર. પટેલ તથા અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ગણ અને વિદ્યાર્થીમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળાની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ડૉ. ભાવેશ વાનપરીયાનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો અને પ્રસ્તુત કાર્યશાળા વિષયના સંદર્ભમાં પૂર્વભૂમિકા રજૂ કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત અતિથિઓનું શાબ્દિક સ્વાગત પુસ્તક અને યુનિવર્સિટી ખેંસ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત કાર્યશાળાના સંદર્ભમાં ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું. જેમાં આ પ્રકારની કાર્યશાળાનું આયોજન ભવિષ્યમાં પણ થશે જેમાં દરેક વિદ્યાર્થીઓને જોડાવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. ત્યારબાદ ડૉ. ડી.જી.ઠાકોર સાહેબ દ્વારા પ્રસ્તુત કાર્યશાળાની અગત્યતા અને સંશોધનમાં તેના ઉપયોગ વિશે ચર્ચા કરી હતી. ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. ભાવેશ વાનપરીયા જેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનવ સંશાધન વિભાગમાં સહાયક અધ્યાપક તરીકે ફરજ પૂરી પાડે છે, તેમણે પ્રસ્તુત સૉફટવેર ZOTEROના સંદર્ભમાં જાણકારી આપી ત્યારબાદ ZOTERO સૉફટવેર ઇન્સ્ટોલ કેવી રીતે કરી શકાય, તેનો ઉપયોગ કઈ રીતે કરવો કયાં કરવો ZOTEROમાં સંદર્ભ કરઈ રીતે ઉમેરવા, જો કોઈ લેખની નકલ એકથી વધુ હોઈ તો તેને કઈ રીતે દુર કરવી વગેરે પ્રેકિટકલ દ્વારા શીખવવામાં આવ્યું હતું. ડૉ. ભાવેશ વાનપરીયા દ્વારા વિવિધ સંદર્ભ વ્યવસ્થાપન શૈલી AAA, APA, NLM, ACS, AMA, IEEE, OSCOLA, VANCOUNVER, MLA વગેરે વિશે ચર્ચા કરી હતી. ZOTEROનો ઉપયોગ સંશોધન કાર્યમાં કઈ રીતે સરળતાથી કરી શકાય તે અંગે પણ ચર્ચા કરી હતી. પ્રસ્તુત કાર્યશાળામાં ZOTERO વિષે દરેક બાબત ઝીણવટપૂર્વક સરળતાથી પ્રેકિટકલ દ્વારા શીખવવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યશાળાનો લાભ કુલ ૮૬ જેટલા વિદ્યાર્થી અને પ્રાધ્યાપકોએ લીધો હતો અને તેના માટે પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યાં હતાં. કાર્યશાળાના અંતે ડૉ. મનીષ આર. પટેલ દ્વારા ડૉ. ડી.જી.ઠાકોર, ડૉ. ગૌરાંગ ડી. રામી તથા વિદ્યાર્થીઓ જે પ્રસ્તુત કાર્યશાળામાં જોડાયા તે બદલ આભાર વ્યકત કર્યો હતો. સંપૂર્ણ કાર્યશાળા સંચાલન ડૉ. યોગેશ એન. વાંસિયા તથા ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યશાળાના આયોજન અને સફળતા માટે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સાહેબ દ્વારા શુભેચ્છા સંદેશ મોકલવામાં આવ્યો હતો.

## ડિજિટલ ડિટોક્સઃ જીવનમાં મૂલ્ય ઉમેરો








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ અને સાઈબર ક્લબના સંયુક્ત પ્રયાસ દ્વારા ગુરુવાર, ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫નાં રોજ 'ડિજિટલ ડિટોક્સઃ જીવનમાં મૂલ્ય ઉમેરો' વિષય પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય વક્તા તરીકે શ્રી પ્રિયંકા બુલીયા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સાયબર ક્લબના કૉ–ઓર્ડિનેટર ડૉ. મયુરસિંહ ગોહિલ તથા કાર્યક્રમનાં કન્વીનર ડૉ. મનીષ આર. પટેલ અને ડૉ. યોગેશ એન.વાંસિયા હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ઉપસ્થિત અતિથિ અને વિદ્યાર્થીઓનાં શાબ્દિક સ્વાગત દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત અતિથિગણનું યુનિવર્સિટી ખેંસ અને પુસ્તક દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને આગળ વધારતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા મોબાઈલ અને સોશીયલ મીડિયાનાં વધુ પડતા ઉપયોગને ટાળવા અને ડીજીટલ ઉપવાસ કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ ડૉ. મયુરસિંહ ગોહિલ દ્વારા પ્રસ્તુત કાર્યક્રમનાં વિષય અંગેની પૂર્વભૂમિકા તથા મુખ્ય વક્તાશ્રી પ્રિયંકા બુલિયાનો ટૂંકમાં પરિચય આપવામાં આવ્યો હતો. કાર્યક્રમને આગળ વધારતા શ્રી પ્રિયંકા બુલિયા દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. તેમણે ડિજિટલ યુગમાં ડિજિટલ ડિટોક્સના મહત્ત્વ વિશે વિસ્તૃત સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે કેવી રીતે ડિજિટલ ઉપકરણોનો સમજદારીપૂર્વક ઉપયોગ કરીને આપણે આપણા જીવનમાં વધુ મૂલ્ય ઉમેરી શકીએ છીએ અને તણાવ ઓછો કરી શકીએ છીએ. તેમણે વિદ્યાર્થીઓને અને ઉપસ્થિત સૌને ડિજિટલ ટૅકનોલોજીનો સંતુલિત ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વધુમાં તેમને ડિજિટલ મીડિયા અને મોબાઈલનો ઉપયોગ જરૂર પુરતો કરવો અને વધુને વધુ પોતાનો સમય પુસ્તક વાંચન, માતા–પિતા સાથે અને મનગમતી પ્રવૃત્તિઓ કરવામાં આપવો જોઈએ, જેથી મોબાઈલ અને ડિજિટલ મીડિયા દ્વારા થતા માનસિક અને શારીરિક નુકશાનને અટકાવી શકીએ છીએ.

કાર્યક્રમના અંતે ડૉ. યોગેશ એન.વાંસિયા દ્વારા ઉપસ્થિત અતિથિગણ તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કાર્યક્રમના આયોજન બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છા સંદેશ મોકલવામાં આવ્યો હતો.

## અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા પાંચ દિવસીય કાર્યશાળાનું આયોજન કરાયું











તા. ૨૩, સપ્ટેમ્બર, ૨૦૨૫નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં PM USHA અભિયાન અંતર્ગત Five Day Workshop on 'Data-Driven Discovery: A Hands on Workshop' વિષય પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે તા. ૨૩ થી ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત કાર્યશાળાનાં ઉદ્ઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે કોમ્પ્યુટર સાયન્સ વિભાગના અધ્યક્ષ ડૉ.અપૂર્વ દેસાઈ હાજર રહ્યા હતા. તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ઈશ્વરભાઈ પટેલ, ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ડી.સી.જોશી, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ, ડૉ. મધુભાઈ ગાયકવાડ, એમ.પી.એ.વિભાગના ઇ.ચા.અધ્યક્ષ ડૉ. મધુ થવાણી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ–પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત કરતાં અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. મનીષ આર. પટેલ દ્વારા ઉપસ્થિત અતિથિગણ, વિદ્યાર્થી તથા અધ્યાપકગણનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત અતિથિગણનું યુનિવર્સિટી ખેસ અને પુસ્તક દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ઉપસ્થિત અતિથિગણનો પરિચય તથા કાર્યશાળા દરમિયાન પાંચ દિવસમાં થનાર પ્રવૃત્તિઓ, વ્યાખ્યાનો વગેરે અંગે પૂર્વભૂમિકા રજૂ કરી હતી. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. રમેશદાન ગઢવી દ્વારા પ્રસ્તુત કાર્યશાળાનાં આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી અને ભવિષ્યમાં પણ આ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન થશે તેવુ પ્રોત્સાહન પાઠવ્યું હતું. આ કાર્યક્રમ ચાવીરૂપ વ્યાખ્યાન ડૉ. અપૂર્વ દેસાઈ દ્વારા આપવામાં આવ્યું હતું. જેમાં ડેટાનું મહત્ત્વ અને તેનો સંશોધનમાં ઉપયોગ વિષે ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં ICTનો ઉપયોગ ગુણવત્તાયુક્ત સંશોધન કરવા માટે કરવો જોઈએ. કાર્યક્રમના અંતે ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ઉપસ્થિત અતિથિ, પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓનો કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. પ્રસ્તુત કાર્યશાળાના આયોજન માટે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ શુભેચ્છા સંદેશ મોકલ્યો હતો.

તા. ૨૭/૦૯/૨૦૨૫ના રોજ કાર્યશાળાના સમાપન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે એમ.કે.કૉલેજ ભરૂચનાં આચાર્ય ડૉ. વિજયકુમાર જોશી, જે.બી.ધારુકાવાળા કૉલેજના આચાર્ય ડૉ. દિલીપ વરસાણી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પરીક્ષા નિયામક શ્રી એ.વી.ધડુક, ડૉ. સચિન મહેતા, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક અને કાર્યશાળાના સંચાલક એવા ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. માનીશ આર. પટેલ હાજર રહ્યા હતા. સમાપન કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત અતીથિઓના સ્વાગત દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય અતિથિ એવા ડૉ. વિજયકુમાર જોશી દ્વારા પ્રસ્તુત કાર્યશાળાની સફળ આયોજન બદલ શુભેચ્છા પાઠવવામાં આવી હતી. તેમને વિદ્યાર્થીઓને પોતે જ્યારે એક સંશોધક હતા ત્યારે, માહિતી મેળવવા અને માહિતીના વિશ્લેષણમાં ટૅકનોલોજીના અભાવથી કેટલી મુશ્કેલીઓ થઈ હતી. તે અંગે પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમને આગળ વધારતા પાંચ દિવસીય કાર્યશાળામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા જેમાં જુદા જુદા વિષયમાં કુશળતા ધરાવતા પ્રાધ્યાપકો દ્વારા આ પાંચ દિવસ જે શીખવવામાં આવ્યું અને વિભાગ દ્વારા જે સુવિધાઓ પૂરી પાડવામાં આવી તે બદલ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા. ત્યારબાદ કાર્યશાળામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને સંશોધકોને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંતે ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા પ્રસ્તુત કાર્યક્રમના આયોજનની મંજુરી આપનાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને કુલસચિવનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ આયોજનમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ સંશોધકો અને અધ્યાપકો વહીવટી કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રસ્તુત કાર્યશાળાના સફળ આયોજન બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છા સંદેશ મોકલવામાં આવ્યો હતો.

## Department of English

### વીર નર્મદ મેમોરિયલ નેશનલ પેપર રીડિંગ કોમ્પિટિશન

વીર નર્મદ મેમોરિયલ નેશનલ પેપર રીડિંગ કોમ્પિટિશન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વિભાગે તાજેતરમાં M.A.ના વિદ્યાર્થીઓ અને Ph.D.ના વિદ્વાનો માટે અત્યંત સફળ પેપર વાંચન સ્પર્ધાનું આયોજન કર્યું હતું. અંગ્રેજી સાહિત્યમાં ૨૩મી અને ૨૪મી સપ્ટેમ્બર,૨૦૨૫ના રોજ યોજાયેલી બે દિવસીય ઇવેન્ટ, PM-USHA યોજનાના ભંડોળથી શક્ય બની હતી, જે શૈક્ષણિક

સંશોધન અને શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. આ સ્પર્ધામાં સમગ્ર ભારતના ઘણા વિદ્યાર્થીઓની સહભાગિતા જોવા મળી હતી. જેમાં યુનિવર્સિટીએ શહેરની બહારના પ્રતિભાગીઓને આવાસ પ્રદાન કરેલ છે. ઈવેન્ટની સફળતાને ઈવેન્ટના આદરણીય વાઈસ ચાન્સેલર અને આશ્રયદાતા ડૉ. કિશોરસિંહ ચાવડા અને રજિસ્ટાર ડૉ. રમેશદાન ગઢવી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય સ્પર્ધાનું સંકલન ડૉ. રેખા પરેશ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં વિભાગના વડા ડૉ. મહેશકુમાર ડે અને અન્ય સ્ટાફ સભ્યોના અતૂટ સમર્થન સાથે સ્પર્ધા દરમિયાન ૫૦થી વધુ સંશોધન પત્રો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં નવલરામ હોલ અને અંગ્રેજી વિભાગના મીટિંગ રૂમમાં સમાંતર સત્રો ચાલી રહ્યા હતા. છ પ્રતિષ્ઠિત ન્યાયાધીશોને સામગ્રી, સામગ્રીનું સંગઠન, સંશોધન પદ્ધતિઓ અને પ્રસ્તુતિ જેવા મુખ્ય પરિમાણોના આધારે દરેક પેપરનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કર્યું. નિર્ણાયક પેનલમાં ડૉ. બર્નાલી બિસ્વાસ, ડૉ. માધુરી ચાવલા, ડૉ. હિના નંદરાજોગ, ડૉ. ચારુ આર્ય, ડૉ. સપના દુધેજા, ડૉ. મિહિર મોરી અને ડૉ. રિતુ અગ્રવાલનો સમાવેશ થાય છે. સ્પર્ધાને બે શ્રેણીઓમાં વહેંચવામાં આવી હતી. એક M.A વિદ્યાર્થીઓ માટે અને એક Ph.D. વિદ્વાનો માટે ન્યાયધીશોએ ઉચ્ચ–ગુણવત્તાવાળા સબમિશનના પૂલમાંથી શ્રેષ્ઠ પ્રસ્તુતકર્તાઓને પસંદ કરવાના મૂશ્કેલ કાર્યનો સામનો કરવો પડયો. વિજેતાઓને તેમની અસાધારણ પ્રસ્તુતિઓ માટે એનાયત કરવામાં આવ્યા હતા.

**M.A વિદ્યાર્થીઓને તેમના સંશોધન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા:**

**પ્રથમ પુરસ્કાર:** બરોડાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પલાશ શર્મા

**બીજુ પુરસ્કાર:** કલકત્તા યુનિવર્સિટી સ્વસ્તિક ચૌધરી

**ત્રીજુ પુરસ્કાર:** બરોડાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પવિત્રા નામપુથીરી

**પીએચ.ડી વિદ્વાનોને માન્યતા આપવામાં આવી હતી:**

**પ્રથમ પુરસ્કાર:** આનંદિતા મોંડલ, અંગ્રેજી વિભાગ ડૉ. બી.આર. આંબેડકર યુનિવર્સિટી, દિલ્હી.

**બીજુ પુરસ્કાર:** ભાવિક મકવાણા, અંગ્રેજી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વીવી નગર, આણંદ

**ત્રીજુ પુરસ્કાર:** આશિયા એચ. અંગ્રેજી વિભાગ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, વડોદરા

આ સ્પર્ધામાં પ્રચંડ સફળતા હતી, એક જીવંત સંશોધન વાતાવરણને પ્રોત્સાહન આપ્યું અને યુવા વિદ્વાનોને પ્રોત્સાહિત કર્યા. તેમના શૈક્ષણિક જુસ્સાને અનુસરવા માટે વિદ્યાર્થીઓને તેમના સંશોધનને શેર કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડીને, સ્પર્ધાએ માત્ર નવા વિચારો જ પ્રદર્શિત કર્યા નથી. પરંતુ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની જિજ્ઞાસા અને વિવેચનાત્મક વિચારસરણીની સંસ્કૃતિને પણ મજબૂત બનાવી છે. આ પહેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંશોધનલક્ષી સંસ્થા અને શૈક્ષણિક નવીનતા માટેનું કેન્દ્ર બનાવવાની દિશામાં પ્રશંસનીય પગલું છે.


















## Department of FineArts

### ફાઈન આર્ટસ વિભાગમાં "ઓનલાઈન સુરક્ષા અને સલામતીની પ્રથાઓ અને સાઈબર ધમકીઓથી શ્રેષ્ઠ બચાવ" વિષય પર વકતવ્ય યોજાયું.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી સાહેબ અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રીતિ ચૌધરીની માર્ગદર્શન હેઠળ ફાઈન આર્ટસ વિભાગ અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ દ્વારા તા. ૧૨/૦૯/૨૦૨૫ શુક્રવારના રોજ ફાઈન આર્ટસ વિભાગમાં "ઓનલાઈન સુરક્ષા અને સલામતીની પ્રથાઓ અને સાઈબર ધમકીઓથી શ્રેષ્ઠ બચાવ" વિષય રહ્યો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રીમતી ઊર્મિન દેસાઈએ વિદ્યાર્થીઓને વકતવ્ય આપ્યું હતું. સાયબર સમસ્યાથી બચવા માટેનાં પગલાં જણાવ્યાં અને વિદ્યાર્થીઓને માનસિક રીતે મજબૂત બનાવ્યા હતા.

આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ફાઈન આર્ટસ વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી અંકિતકુમાર એમ. ચાંગાવાલા તથા એમના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગમાંથી મનોવૈજ્ઞાનિક સલાહકાર ઊર્મિન દેસાઈ, ઉલ્કા પટેલ તેમજ સાથે સાથે આ સમગ્ર કાર્યક્રમમાં ફાઈન આર્ટસ વિભાગના ૫૦ જેટલી વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## Department of Gujarati

### શ્રૃણ્વન્તુ શ્રેણી–૧૦





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગ દ્વારા પી. એમ. ઉષા યોજના અંતર્ગત શ્રુણ્વન્તુ વ્યાખ્યાન શ્રેણીના ૧૦માં વ્યાખ્યાનનું આયોજન તા. ૨૩/૦૮/૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો 'નાટકઃ ઓન ધ સ્ટેજ, ઓફ ધ સ્ટેજ' જેમાં વકતા તરીકે કવિ, નાટ્યલેખ, વિવેચક તેમજ સંપાદક તરીકે જાણીતા શ્રી બકુલ ટેલર પધાર્યા હતા.

કાર્યક્રમના આરંભે વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ ભૂમિકા બાંધી હતી. શ્રી બકુલ ટેલરે નાટકની ભજવણીની નજરે વિષયને કેન્દ્રમાં રાખી વિસ્તૃત ચર્ચા કરી હતી. નાટકમાં આવતું ગીત સ્ક્રીપટમાં જુદુ હોય છે. એ જ્યારે સ્ટેજ પર આવે ત્યારે જુદોજ ભાવ, રસ નિસ્પન્ન કરે છે. એજ રીતે સન્નિવેશ નાટકનાં વસ્તુને અનુરૂપ વાતાવરણ ઊભું કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. એ ઉદાહરણ ટાંકીને વાત કરી. તેમજ અભિનેતા કે અભિનેત્રીની વેશભૂષા પ્રેક્ષકોમાં કેવો પ્રભાવ પાડે છે. એની ચર્ચા કરી તેમજ સંવાદો નાટકમાં અગત્યના છે. આ સઘળું નાટકને વિશેષ બનાવે છે. નાટક માટે નાટ્યપાઠ અનિવાર્ય છે. એમાં ભજવણીનું સ્વરૂપ રહેલું

છે. નાટકના વિષયવસ્તુને લઈને વાત કરતા કહ્યું કે લોકકથામાંથી પણ નાટક માટે વિષયવસ્તુ મળે અને ઉત્તમ નાટ્યકૃતિ નિર્માણ પામે છે. તેની સઉદાહરણ ચર્ચા કરી. વળી, નાટકમાં અભિનેતા અને અભિનેત્રી પણ સૌથી અગત્યનું પાસું બની રહે છે. નાટકની સફળતામાં અભિનયની ભાષા પણ મહત્ત્વની છે. જે પ્રેક્ષકગણ સમજતો હોવો જોઈએ. નાટક રંગભૂમિ પર ભજવાય એ પહેલાં કેવી રીતે નિર્માણ પામે છે. એ બાબતને કેન્દ્રમાં રાખી 'હયવદન' હબિબ તન્વીરનું 'ચરનદાસ ચોર', વિજય તેન્ડુલકરનું 'ઘાસીરામ કોટવાલ' વગેરે નાટકો અને પરેશરાવલ , ઓમપુરી, દીલિપકુમાર જેવા શ્રેષ્ઠ અભિનેતાઓ અભિનયને-પાત્રને કેવા આત્મસાત કરીને નાટક સફળ બનાવે છે. એ વિશે ઊંડાણથી ચર્ચા કરી. વળી, સત્યદેવ દુબે, પણીકર, ગીરિશ કર્નાડ, કાંતિ મડિયા જેવા ગુજરાતી અને અન્ય રંગભૂમિના દિગ્દર્શકની વાત કરી, તેમનું સમગ્ર વ્યાખ્યાન નાટકઃ ભજવણીની વાસ્તવિક બાજુને ઉજાગર કરનારું રહ્યું. એમાં દિગ્દર્શક અને નટ કેવી રીતે કામ પાર પાડે છે. એ વાસ્તવિક પ્રસંગો યાદ કરી રસપૂર્ણ ચર્ચા કરી. આ વ્યાખ્યાનમાં વિભાગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ બહારના શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાતાને અંતે પ્રશ્નોતરી થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. હેતલ ચૌધરીએ કર્યું હતું. આભારવિધિ રવિ મોકાશીએ કરી હતી.

## સાયબર સિક્યોરિટીની જાગૃતિ હેતુ કાર્યક્રમનું આયોજન

ગુજરાત વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતમાં ગુજરાતી વિભાગમાં સાયબર સિક્યોરિટીની જાગૃતિ માટે એક કાર્યક્રમનું આયોજન થયું. જેમાં વિષય હતો- "Think Before Click" આ વિષય પર વ્યાખ્યાન માટે શ્રી કેવલ ઉમરેટિયાને વક્તા તરીકે બોલાવવામાં આવ્યા. કાર્યક્રમની શરૂઆત શ્લોકગાનથી થઈ ત્યારબાદ સાયબર ક્રાઈમ સેલના કૉ-ઓર્ડિનેટર ડૉ. પન્ના ત્રિવેદીએ કાર્યક્રમની ભૂમિકા પ્રસ્તુત કરી તેમજ વક્તાનો પરિચય આપ્યો. વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ શાબ્દિક આવકાર આપ્યો. સ્મૃતિભેટથી વક્તાનું સ્વાગત કરવામાં આવ્યું. વક્તા કેવલ ઉમરેટિયાએ વિષય અંતર્ગત ખૂબ જ સરળ ભાષામાં વ્યાખ્યાન આપ્યું. વર્ષ ૨૦૨૪માં થયેલા સાયબર ફ્રોડના કેસની માહિતી આપી. વર્ષે વર્ષે એમાં થઈ રહેલા વધારાની ચિંતા તેમજ ડિજિટલ એરેસ્ટના કિસ્સાઓનાં ઉદાહરણો આપી ડિજિટલ એરેસ્ટ કોને કહેવાય, કેવી રીતે એમાં આજના લોકો સંડોવાય અને લાખો રૂપિયા ગુમાવે એની માહિતી આપી. આ બધી માહિતી બાદ આપણે એવા સાયબર ફ્રોડથી કઈ રીતે બચી શકીએ એની સમજૂતિ આપી, જૂદી જૂદી વેબસાઈટ પરથી ખરીદી કરતી વેળા કેવી સાવચેતી રાખવી એ બાબતની માહિતી આપી તેમજ આવી વેબસાઈટના યુ.આર.એલ વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી. આ ઉપરાંત આપણા પર્સનલ ડેટા સાયબર ક્રિમિનલ સુધી કઈ રીતે પહોંચે છે એ સમજાવ્યું. અંતે જો સાવચેતી રાખ્યા બાદ પણ કોઈ સંજોગોમાં આપણી સાથે સાયબર ફ્રોડ થઈ જાય તો શું કરવું.- પ્રથમ ત્રણ કલાકમાં ૧૯૩૦ પર કોલ કરવો, બેંકને જણાવવું અને સાયબર ફ્રોડ થયાની ફરિયાદ લખાવવી જેવાં સૂચનો વિદ્યાર્થીઓને આપ્યા. વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો દ્વારાં પ્રશ્નોતરી થઈ જેનાં વકતાશ્રીએ સંતોષકારક જવાબ આપ્યા. અંતે રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન તેમજ આભારવિધિ ડૉ. આરતી પાંચાલે કરી.









## શોર્ટ ટર્મ કોર્સ- ૨૦૨૫ (શોધપત્ર લેખનનો વર્કશોપ) ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત






**પ્રથમ દિવસ (તા. ૧૫–૦૯–૨૦૨૫, સોમવાર)**

તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સરકારશ્રીની પી.એમ.ઉષા યોજના અંતર્ગત ગુજરાતી વિભાગ દ્વારા સાત દિવસનો શોર્ટ ટર્મ કોર્સનો શુભારંભ કરવામાં આવ્યો. સંશોધનપત્ર તૈયાર કરવાની રીતો– પર કેન્દ્રીત એવા આ શોર્ટ ટર્મ કોર્સમાં વ્યાખ્યાનો કરતાં પ્રત્યક્ષ કાર્ય પર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

ઉદ્ઘાટન બેઠકમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલ સચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીની અધ્યક્ષતામાં આ કાર્યશાળાનો આરંભ કરવામાં આવ્યો. આરંભે દીપ પ્રાગટ્ય અને સરસ્વતીવંદના બાદ આ કોર્સના કન્વીનર અને વિભાગ અધ્યક્ષ ડૉ. નરેશ શુક્લએ સાત દિવસ ચાલનારાં આ કોર્સની ભૂમિકા, એમાં થનાર વિવિધ વિષયાંગ પરનાં વક્તવ્યો, પ્રેક્ટિકલ કાર્ય, સબમિશનકાર્ય અને વ્યવસ્થા વિશે વિગતે વાત કરી અને યુનિવર્સિટીના પદાધિકારીઓ દ્વારા આવા કોર્સ માટેની આર્થિક જોગવાઈ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રકારના સઘન વર્કશોપમાં પરિણામલક્ષી કાર્ય થતા હોય છે. આપણે ત્યાં સેમિનારમાં પ્રસ્તુત કરવામાં આવતા શોધપત્રોમાં આવતી મર્યાદાઓ દૂર થાય અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણ અનુસારના શોધપત્રો તૈયાર થાય એ માટે આ પ્રકારના વર્કશોપની આવશ્યકતા અને જરૂરિયાત પર સમારંભના અધ્યક્ષશ્રી રમેશદાન ગઢવીએ વિભાગને આ આયોજન માટે અભિનંદન પાઠવવા સાથે શુભેચ્છાઓ આપી હતી. સાથોસાથ યુનિવર્સિટીમાં આ પ્રકારના સઘન આયોજનો થતા રહે અને વિદ્યાર્થીઓ, સંશોધકો તથા અધ્યાપકો એમાં સક્રિયપણે રસ લેતા રહે તે શિક્ષણજગત માટે જરૂરી હોવા સાથે અપડેટ થતા રહેવા માટેની જરૂરિયાત હોવા પર પણ એમના દ્વારા ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકનું સંચાલન ડૉ. હેતલ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

**પ્રથમ બેઠક – ડૉ. નરેશ શુક્લ**

એમણે શિબિરાર્થીઓને સંશોધનના મહાનિબંધો, પ્રોજેક્ટ્સ, પોસ્ટર અને શોધપત્રોનો ભેદ સ્પષ્ટ કરવા સાથે એમાં વિષય પસંદગીવેળાએ કેવી સભાનતા જાળવવી જોઈએ તે સમજાવ્યું. આ આખાય શોર્ટ ટર્મ કોર્સની ડિઝાઈન કેવી રહેશે, કઈ રીતે શિબિરાર્થીઓની સક્રિય એવી સામેલગીરી રહેશે તે અંગેની વાત કરી.

વ્યાખ્યાન પછી શિબિરાર્થીઓને પાંચ ગૃપમાં વહેંચવામાં આવ્યા. દરેક ગૃપમાં એક અધ્યાપક, ત્રણ સંશોધકો અને બે એમ.એ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવ્યા પછી. દરેક ગૃપને શોધપત્રો માટેના ૧૦ વિષયો તૈયાર કરવા માટેનું કાર્ય સોંપવામાં આવ્યું. એ ઉપરાંત દરેક શિબિરાર્થીએ પોતાના વ્યક્તિગત એક વિષયનો રોડમેપ રજૂ કરવા માટેનું કાર્ય સોંપવામાં આવ્યું.

**દ્વિતીય બેઠક – (ડૉ. નરેશ શુક્લ) (૨.૩૦થી ૪.૩૦)**

આ બેઠકમાં નરેશ શુક્લ દ્વારા શોધપત્રોમાં ફૂટનોટ અને એન્ડનોટનું વૈવિધ્ય અને એના પ્રકારો, એની ઉપયોગીતા અને ઉચિત રીતે મૂકવાની રીત વિશે વ્યાખ્યાન આપ્યા પછી પ્રત્યેક ટીમને વિષયો આપીને એમાં ફૂટનોટ અને એન્ડ નોટનો ઉપયોગ જૂદી જૂદી રીતે કરી શકે તે પ્રકારનું લેશન આપવામાં આવ્યું અને એમ કરવા માટે કલાકનો સમય આપવામાં આવ્યો. ત્યારબાદ દરેક ટીમના મેમ્બર દ્વારા એનું પ્રેઝન્ટેશન કરતા જઈ એના વિશે પ્રશ્નોત્તર અને નિવારણ તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેશનમાં શિબિરાર્થીઓની સક્રિયતાને કારણે ફૂટનોટ, એન્ડનોટ, અવતરણોનો ઉપયોગ કરવાની રીત અને કોશશૈલીનો ઉપયોગ કરતા જઈ કાર્ય પૂર્ણ કર્યુ હતું. પહેલા પ્રાયોગિક અને પછી એનું પ્રેઝન્ટેશન, ગૃપ ડિસ્કશન અને માર્ગદર્શન જેવી પદ્ધતિએ આ આખીએ બેઠક યોજવામાં આવી.

**શોર્ટ ટર્મ કોર્સ– ૨૦૨૫**

---

**(શોધપત્ર લેખનનો વર્કશોપ) ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત**
**દ્વિતીય દિવસ (તા. ૧૬–૦૯–૨૦૨૫, મંગળવાર)**

**પ્રથમ બેઠક (શરીફા વીજળીવાળા) (૧૧.૦૦થી ૧.૩૦ કલાક)**

બીજા દિવસે સવારે ૧૧.૦૦ વાગ્યે ડૉ. શરીફા વીજળીવાળાના બીજા વ્યાખ્યાનથી દિવસનો આરંભ થયો. એમણે ગઈકાલે આપવામાં આવેલ વિષયો પર પ્રત્યક્ષ લેખન તપાસવા સાથે ચર્ચા–વિચારણા કરીને પ્રત્યક્ષ દૃષ્ટાંતો સાથે શોધપત્ર લેખનની તાલીમ આપી. આ માટે એમણે ગૃપમાં વહેંચાયેલા શિબિરાર્થીઓને બે બે વિષયો આપીને સંયુક્ત રીતે શોધપત્ર લખવા માટેની મહત્ત્વપૂર્ણ ટીપ્સ આપી, દિશા આપીને લખવા માટે પ્રેર્યા. શિબિરાર્થીઓને વિભાગીય ગ્રંથાલયનો ઉપયોગ કરવા માટેની વ્યવસ્થા વિભાગ દ્વારા કરવામાં આવી હોવાથી જરૂરી પુસ્તકો, સંદર્ભ ગ્રંથો અને ઇતિહાસ તથા કોશનો ઉપયોગ કરીને શિબિરાર્થીઓ દ્વારા શોધપત્ર લખવાનો આરંભ કર્યો. કન્વીનર નરેશ શુક્લ અને વક્તા શરીફા વીજળીવાળાએ શિબિરાર્થીઓની સાથે બેસીને ચર્ચા–વિચારણા કરતા જઈ, માર્ગદર્શન આપતા જઈને આ આખુંય સેશન શોધપત્રોના લેખન, એના વિષયોની પસંદગીથી માંડી, સંદર્ભોનો ઉપયોગ, એને નોંધવાની રીતો, એમ.એલ.એ. સ્ટાઈલ, ફૂટનોટ અને આધારોનો ઉપયોગ સમજાવ્યો. સાથોસાથ શોધપત્રોમાં વિશ્લેષણ, સમીક્ષાત્મક, તુલનાત્મક, ડેટાબેઝનો ઉપયોગ જેવી પદ્ધતિઓનો ઉચિત ઉપયોગ કઈ રીતે કરી શકાય તેનું પ્રત્યક્ષ માર્ગદર્શન કર્યું.

**દ્વિતીય બેઠક (ડૉ. શરીફા વીજળીવાળા) (૨.૩૦થી ૪.૩૦)**

બપોર પછીની બેઠકમાં વક્તા હતા, ડૉ. શરીફા વીજળીવાળા. એમણે મહાશોધનિબંધના વિષયો અને સંશોધનપત્રના વિષયો વચ્ચે રહેલ ભેદને સ્પષ્ટ કરવા સાથે હિન્દી, ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યના વિદ્યાર્થીઓ કે અધ્યાપકોની સામે સો–દોઢસો જેટલાં વિષયોની વૈવિધ્યસભર યાદી આપવા સાથે એમાં રહેલી શક્યતાઓને ઉદાહરણો સાથે સમજાવી આપ્યા. સાથોસાથ નમૂનાના શોધપત્રો તૈયાર કરવા માટે પાંચ વિષયો નક્કી કરીને એના પર શોધપત્ર તૈયાર કરવા માટેનું લેસન આપવામાં આવ્યું. આમ પ્રથમ દિવસે દિવસભર ભરચક એવી કાર્યશાળામાં શિબિરાર્થીઓએ વ્યાખ્યાન, ચર્ચા અને ગૃપમાં વહેંચાઈને શોધપત્ર તૈયાર કરવાની કસરત કરી. આ કાર્યશાળામાં એમની સામેલગીરી ઉત્સાહભરી રહી અને એમની પ્રસન્નતાના પ્રતિભાવો દરેક સેશનને અંતે ગુગલ ફોર્મની લિંક દ્વારા ભરવામાં આવેલ ફિડબેક ફોર્મમાં રિફલેક્ટ થતાં જોવા મળ્યા.

## શોર્ટ ટર્મ કોર્સ– ૨૦૨૫

---

**(શોધપત્ર લેખનનો વર્કશોપ) ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત**
**તૃતીય દિવસ (તા. ૧૭–૦૯–૨૦૨૫, બુધવાર)**

**પ્રથમ સત્ર (ડૉ. રાજેન્દ્ર જાની) ૧૧.૦૦થી ૧.૩૦**

સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટીની અધ્યક્ષ એવા પ્રો. રાજેન્દ્ર જાનીએ સમાજશાસ્ત્રીય સંશોધનની પદ્ધતિઓ સાહિત્ય સંશોધનમાં કઈ રીતે ઉપયોગી થઈ શકે તે બાબતે વ્યાખ્યાન આપ્યું. સર્વેક્ષણની પદ્ધતિ, ક્વેશ્ચેર પદ્ધતિ, ગૃપ ડિસ્કશન, ફોક્સ્ડ વર્ગજૂથનું સર્વેક્ષણ, સમાજિક સિદ્ધાંતોને સાહિત્યકૃતિમાં એપ્લાઈ કરીને મેળવાતાં તારણો, સમાજનાં છેવાડાનાં વર્ગને સાહિત્યમાં અપાતું સ્થાન, એનાં પ્રશ્નો અને એનું પ્રમાણ જેવી બાબતો સાહિત્યકૃતિઓને આધાર રાખીને કઈ રીતે કરી શકાય–તેની વિગતો આપવામાં આવી. કેસ સ્ટડી–ની પદ્ધતિ સાહિત્યસંશોધનમાં કઈ રીતે ખપમાં લઈ શકાય તેનું પ્રાયોગિક નિદર્શન કરાવવા સાથે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવા માટેનાં વિષયો કેવા હોવા જોઈએ તેની વિગતે વાત કરી. ત્યાર પછી ગૃપ મુજબ પ્રત્યક્ષકાર્ય નિદર્શન કરવામાં આવ્યું.

**દ્વિતીય સત્ર (ડૉ. રાજેન્દ્ર જાની) ૨.૩૦ થી ૪.૩૦**

સાહિત્ય અને સમાજશાસ્ત્રનો સંબંધ અભીન્ન હોવાથી સ્વાભાવિક જ બંને વિદ્યાશાખાઓ વચ્ચે પણ એવો જ ગાઢ સંબંધ છે. સમાજશાસ્ત્રમાં થતા સંશોધનોની કેટલીક પદ્ધતિ સાહિત્યિક સંશોધનોમાં પણ એટલી જ અસરકારક અને પરિણામલક્ષી બનતી હોય છે– તે સંબંધને આ વ્યાખ્યાનમાં વધારે સ્પષ્ટ કરવા માટે ડૉ. જાનીએ સમાજશાસ્ત્રીઓ દ્વારા થયેલ સાહિત્યસંબંધી સંશોધનોને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે સમજાવ્યા. તારણો સુધી પહોંચવા માટે કેસ સ્ટડી તરીકે સાહિત્યકૃતિને જ કેસ બનાવીને કઈ રીતે એમાં આલેખાયેલ સમાજને તપાસવાનો પ્રયાસ કરે છે. તેની સમજાવટ સાથે આ પ્રકારનાં સંશોધનોમાં રાખવાની સાવધાની પરત્વે પ્રયાન દોર્યું. સાહિત્યકૃતિએ સમાજનો આયનો હોવા છતાં યાદ એ રાખવું પડે કે એ કોઈ વ્યક્તિગત લેખકના ચિત્તમાંથી જન્મેલ રચના છે, સ્વાભાવિક જ એ લેખકનો ઉછેર, એના આગ્રહ–પૂર્વાગ્રહો, માન્યતાઓ, ચોક્કસ દિશાની અપેક્ષાઓ પણ એની કૃતિઓમાં સ્વાભાવિક જ વણાઈ જતી હોય છે. એ બાબતે જો સંશોધક સભાન ન હોય તો સંશોધનમાં દોષ આવતા હોય છે.

આ બાબતે રાખવાની સાવધાનીઓને કેન્દ્રમાં રાખીને પ્રાયોગિક કાર્ય આપવામાં આવ્યું અને શિબિરાર્થીઓ દ્વારા એ બાબતે પ્રત્યક્ષ કાર્ય કર્યુ.

## શોર્ટ ટર્મ કોર્સ– ૨૦૨૫

---

**(શોધપત્ર લેખનનો વર્કશોપ) ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત**
**ચતુર્થ દિવસ (તા. ૧૮–૦૯–૨૦૨૫, ગુરુવાર)**

**પ્રથમસત્ર (શ્રી અજિત મકવાણા) (૧૧.૦૦ થી ૧.૩૦)**

અજિત મકવાણાએ પ્રથમ વ્યાખ્યાનમાં સાર્થ જોડણીકોશનો ઉપયોગ કઈ રીતે કરવો તેની આરંભે સમજ સ્પષ્ટ કરી. એ માટે જોડાક્ષરો, સંધિ અને સામાસિક શબ્દોનો ભેદ, એને શોધવાની રીત સમજાવ્યા પછી, જોડણીના પ્રમુખ નિયમો અને અપવાદો વિગતે સમજાવ્યાં. સાથોસાથ પ્રુફ રીડિંગના નિયમો, નિશાનીઓ એની ઉપયોગીતા અને સંશોધનમાં એની અનિવાર્યતા સ્પષ્ટ કરી આપવા સાથે પ્રાયોગિક ધોરણે એને શોધપત્ર લખવામાં કઈ રીતે ખપમાં લઈ શકાય તે માટેનું માર્ગદર્શન અને સમાન્તરે પ્રેક્ટિકલ વર્ક કરીને શિબિરાર્થીઓને આ વિશેની સમજ સ્પષ્ટ કરી આપી.

**દ્વિતીય સત્ર (શ્રી અજિત મકવાણા) (૨.૩૦ થી ૪.૩૦)**

અજિત મકવાણાના બીજા વ્યાખ્યાનનો વિષય હતો સંદર્ભ સૂચિ, પાદનોંધ, એન્ડનોટ અને એનું સૂચિકરણ. અનેક ઉદાહરણો, નમૂનાઓ, શુદ્ધિવૃદ્ધિ પત્રક વગેરેના નમૂનાઓ સામે રાખીને આ આખુંય વ્યાખ્યાન યોજવામાં આવ્યું. એમાં મધ્યકાલીન હસ્તપ્રતોનો ઉકેલ, એમાં વિરામચિહ્નોની ઓળખ, પાઠ અને પાઠાન્તર ભેદ મૂકવાની પદ્ધતિઓ, શંકાઓને ચિહ્નિત કરવાની રીતો, દલીલો અને નિરીક્ષણોને રજૂ કરવાની રીતો આપવા સાથે સાહિત્યિક સંશોધનલેખો લખતી વખતે ફૂટનોટ કેવી કેવી રીતે, કેવા સંજોગોમાં અને કેવા ભેદે ઉપયોગી થઈ શકે, એનો સાચો ઉપયોગ કરવાની રીત કેવી કેવી હોય છે તે ઉદાહરણો સાથે સમજાવતાં ગયા.

પ્રથમ સોર્સને કઈ રીતે અલગ પડાય, દ્વિતીય સોર્સ અને સંદર્ભ ગ્રંથોની યાદી કઈ કઈ રીતે બની શકે, કર્તાસૂચિ, કૃતિસૂચિ, શોધપત્રોમાં પરિભાષા સૂચિ, નામ સૂચિ ઈત્યાદિનો ઉપયોગ કરવાથી ડેટાબેઝ કઈ રીતે તૈયાર થાય અને સંશોધનની બાયપ્રોડક્ટ પણ કઈ રીતે અન્યના ખપમાં આવી શકે તેનું ઉદાહરણ આપતા જઈ પ્રત્યક્ષ નિદર્શન કર્યું હતું.

### શોર્ટ ટર્મ કોર્સ– ૨૦૨૫

### (શોધપત્ર લેખનનો વર્કશોપ) ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
### પાંચમ દિવસ (તા. ૧૯–૦૯–૨૦૨૫, શુક્રવાર)

**પ્રથમ સત્ર (ડૉ. મુકેશ વસાવા) (૧૧.૦૦થી ૧૨.૩૦) (ડેટા કલેક્શન, એમ.એલ.એ. સ્ટાઈલ અને અવતરણો આપવાની રીત)**

તુલનાત્મક વિભાગના અધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર ડૉ. મુકેશ વસાવા દ્વારા એમ.એલ.એ. સ્ટાઈલ, અવતરણ આપવાના નિયમો વિશે વ્યાખ્યાન આપ્યું. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા એમણે શોધગંગા પર ઉપલબ્ધ વિવિધ વિષયોનાં શોધનિબંધોનાં અંશોનો ઉપયોગ કરીને એમાં રહેલ ક્ષતિઓ અને વિશેષતાઓ અલગ તારવતા જઈ એમ.એલ.એ. સ્ટાઈલ અને એના જૂદાં જૂદાં વર્ઝન વિશે વાત કરતા જઈ, આંતર રાષ્ટ્રીય સ્ટાઈલને સમજાવી આપી. આ ઉપરાંત ખાસ કરીને ગુજરાતી સંશોધન જગતમાં જે પ્રકારની અતંત્રતા પ્રવર્તે છે એના નિર્દેશો આપતા જઈ એમાં કેવા બદલાવની જરૂર છે એ વિશે માહિતી આપી હતી. પ્રશ્નોત્તર દ્વારા શિબિરાર્થીઓ સાથે વાતચિતનું વાતાવરણ સર્જીને એમના વાસ્તવિક પ્રશ્નોના જવાબો આપતા જઈ સમજને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

ત્યારબાદ ગૃપમાં વહેંચણી કરીને પ્રત્યક્ષ કામગીરી માટે પ્રવૃત્તિ આપવામાં આવી. એમાં એમ.એલ.એ. સ્ટાઈલ મુજબ આપવામાં આવેલ ડેટાને ગોઠવવાની પ્રવૃત્તિ, અવતરણને મૂકવા માટેની પદ્ધતિ, બોલ્ડ, ઇટાલિક સ્ટાઈલનો ઉપયોગ, કૃતિ અને કર્તા સૂચિ બનાવતી વખતે જાળવવાની બાબતો, પબ્લિકેશન વર્ષ, આવૃત્તિ, પેજ સંખ્યા, ગ્રંથની કિંમત, ઉપયોગમાં લેવાયેલ આવૃત્તિની વિગત, ઇત્યાદિને કઈ રીતે અનુક્રમબદ્ધ કરવા તેનું પ્રાયોગિક કાર્ય કરવામાં આવ્યું હતું.

**(ડૉ. પરેશ જોશી, અંગ્રેજીના પ્રોફેસર) ૧૨.૩૦ થી ૨.૧૫ (પ્લેગ્યારિઝમ)**

આઈડિયાની ચોરી એ સેથી મોટો અપરાધ મનાયો છે અને કમનસીબે સદીઓથી આ પ્રકારની જ્ઞાનચોરી સહજભાવે કે નિર્દોષભાવે પણ કરવામાં આવતી હોય છે. ખાસ કરીને ઍકેડેમિક રાઈટિંગમાં જ્યારે કોઈ સ્ટેટમેન્ટ કરીએ કે નિર્ણય પર આવવા મથીએ ત્યારે આધારો લઈએ તેને પૂરતી ક્રેડિટ આપવાની જરૂર પડે છે. એ આપવી પણ જોઈએ. એ આપવાની ચોક્કસ પદ્ધતિઓ હોય છે. આ બધી બાબતો પર પ્રો. પરેશ જોશીએ વિગતે રસાળ શૈલીએ વ્યાખ્યાન આપ્યું. પ્લેગ્યારિઝમને તપાસવાની પદ્ધતિઓ, એના નિયમો, એને લગતાં સૉફ્ટવેર, સંશોધકોએ શોધપત્ર તૈયાર કરતી વખતે જાળવવાની સભાનતા, એણે પાળવા જોઈએ તેવા નિયમો આદિની વિગતે વાત કરી. સાથોસાથ પ્રત્યક્ષ અનુભવ કરાવવા માટે ઉદાહરણઓ રજૂ કરીને શિબિરાર્થીઓને પ્લેગ્યારિઝમનો અર્થ, એમાં રહેલું વૈવિધ્ય, એનાથી બચવાના ઉકેલો, જરૂરી હોય ત્યાં ક્રેડિટ આપવાની રીતો, એનું પ્રમાણ તપાસનારાં સૉફ્ટવેર વગેરેથી શિબિરાર્થીઓને અવગત કરાવ્યા હતાં.

**દ્વિતીય સત્ર (ગ્રંથાલય મુલાકાત, અને અહેવાલ લેખન) ૩.૧૫ થી ૪.૩૦**

અધ્યક્ષ પ્રો.ડૉ.નરેશ શુક્લના માર્ગદર્શન હેઠળ શિબિરાર્થીઓને પહેલા દોઢ કલાક સુધી યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લેવા માટે મોકલવામાં આવ્યાં. ગ્રંથાલયમાં રહેલ વિવિધ વિષયોના ગ્રંથોનું વર્ગીકરણ, એનું ઈન્ડેક્સિંગ કરનાર કમ્પ્યુટર પ્રોગ્રામની માહિતી આપવામાં આવી, ગ્રંથ ઉપલબ્ધ છે કે નહીં તેની શોધ કઈ રીતે કરવામાં આવે છે તેની માહિતી, ગ્રંથોની ડિમાન્ડથી લઈ ખરીદીની પ્રક્રિયા, એ આવ્યા પછી એના વર્ગીકરણની પ્રક્રિયા, ગ્રંથો ઝીર્ણ થાય કે જૂના થાય ત્યારે એને સાચવવાની રીતો, સામયિકોને સાચવવાની અને વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ બની રહે તે માટેની વ્યવસ્થા, આપ–લે વિભાગ ઉપરાંત અદેય ગ્રંથો અને એના ઉપયોગ સંબંધી વ્યવસ્થાઓનું પ્રત્યક્ષ જ્ઞાન ગ્રંથાલય નિયામક, ગ્રંથપાલ અને સહાયકોની મદદથી શિબિરાર્થીઓએ મેળવ્યું.

આ મુલાકાતનો દરેક શિબિરાર્થીઓએ ૧૦૦ શબ્દોમાં અહેવાલ લખીને પોતાનો અનુભવ વર્ણવવા માટેનું પ્રત્યક્ષ કાર્ય આપવામાં આવ્યું.

### શોર્ટ ટર્મ કોર્સ– ૨૦૨૫ (શોધપત્ર લેખનનો વર્કશોપ)

### ગુજરાતી વિભાગ, વી.ન.દ.ગુ. યુનિવર્સિટી, સુરત
### છઠ્ઠો દિવસ (તા. ૨૦–૦૯–૨૦૨૫, શનિવાર)

**પ્રથમ બેઠક– ડૉ. હસમુખ પટેલ (સંશોધનમાં કમ્પ્યુટરનો ઉપયોગ)**

પ્રિ. ડૉ. હસમુખ પટેલે આરંભે સંશોધનમાં કમ્પ્યુટરનો ઉપયોગ નહોતો થતો ત્યારે કેવી કેવી રીતે ડેટા મેળવવા, એનું વર્ગીકરણ કરવું, એનું વિશ્લેષણ કરવું જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી તેની વાત કરી. લિટરેચર રિવ્યુ કરવા માટે કેવી મથામણોમાંથી પસાર થવાનું બનતું હતું તે જણાવીને શોધનિબંધ લખવામાં પણ કેવા કેવા પ્રકારની અડચણ આવતી હતી. તે સમજાવ્યું. કમ્પ્યુટર આવ્યા પછી કેવા બદલાવો આવ્યા, કમ્પ્યુટર હવે સ્કીલ નથી પણ જરૂરિયાત બની ગઈ છે તે વાત પર ભાર મૂકીને કમ્પ્યુટરના કારણે ડેટા મેળવવા, લિટરેચર રિવ્યુ કરવામાં, ટાઈપિંગ, ઍડિટિંગ અને સુધારાવધારા કરવામાં કેવી રીતે ઉપયોગી બને છે, સાથોસાથ ડેટાબેઝ ઊભો કરવો, કાર્ડ્સ બનાવવા, બિબ્લીઓગ્રાફી તૈયાર કરવી, ફૂટનોટનો ઉપયોગ કરવાથી માંડી, જરૂરિયાત મુજબની આંતરરાષ્ટ્રી માન્ય એવી સ્ટાઈલ અનુસાર એને રજૂ કરવામાં કમ્પ્યુટર કઈ રીતે ઉપયોગમાં આવે છે, સાથોસાથ પ્રેઝન્ટેશનમાં અસરકારક રજૂઆત, સાધાર રજૂઆત અને વૈવિધ્યપૂર્ણ રીતે રજૂઆત કરવામાં સમય અને શ્રમનો બચાવ કરવા સાથે એક્યુરસી લાવે છે તે વિશેની વિગતસભર વાત કરી હતી.

આ વાત વ્યાખ્યાનમાં રજૂ કર્યા પછી દરેક ટીમે પોતાનાં લેપટોપ પર એ બધી જ બાબતોનું પ્રેક્ટિકલ કાર્ય કરાવીને શિબિરાર્થીઓને પ્રેક્ટિસ કરાવી કરાવીને આ બધી બાબતોનો પ્રત્યક્ષ ઉપયોગ કરતા શીખવ્યું હતું.

**દ્વિતીય સત્ર (ડૉ. હસમુખ પટેલ)**

આ સત્રના આરંભે ઈન્ટરનેટ અને ખાસ તો એ.આઈ.નો સદ્ ઉપયોગ કરીને સંશોધનમાં રહી જતી ક્ષતિઓને કઈ રીતે નિવારી શકાય તેની વાત કરી. વન નોટ પ્રોગ્રામનો ઉપયોગ સંશોધકો માટે હાથવગી માહિતીને સાચવવા સાથે જરૂર પડે ત્યારે એ માહિતીઓને કઈ રીતે પોતાનાં સંશોધનમાં સામેલ કરવી તેનું પ્રેક્ટિકલ કરી બતાવ્યું. વન નોટમાં પેજ ઉમેરવા, પ્રકરણ ઉમેરવા, એમાં ફાઈલ એટેચ કરવી, વિડિયો કે ઓડિયો રેકોર્ડ કરવી કે એ ફાઈલને ત્યાં પેસ્ટ કરવી, સૂચિ, ટેબલ, ગ્રાફ, વેબ લિન્ક, ઇ– ગ્રંથો કે લાઈબ્રેરીને ઉમેરવા જેવી કાર્યો એક જ જગ્યાએ કરવાથી સંશોધકને જયારે પણ જે સંદર્ભની જરૂર ઊભી થાય તેને પોતાના સંશોધનમાં સામેલ કરી શકાય.

સંશોધનમાં વિકીપિડિયા જેવા ઓપન સોર્સને બદલે આંતરરાષ્ટ્રીય કક્ષાએ માન્ય એવી સાઈટ્સ, એવા સોર્સ, શોધપત્રોનાં સંગ્રહોની માહિતી આપી, માન્ય એવા બાયોડેટા કઈ રીતે બનાવવા, એમાં માહિતી સંગ્રહ કરવા,સાચવવા, ઓથેન્ટિસિટી તપાસવી, અપડેટ કરવા, એડિટ કરવા જેવી બાબતોને પ્રત્યક્ષરૂપે પ્રેક્ટિસ કરી હતી. મેનેજ સોર્સમાં માહિતીઓનું ઉમેરણ કઈ રીતે કરવું, ફૂટનોટ મૂકવાની રીત, એન્ટ નોટ કમ્પ્યુટર દ્વારા નિર્માણ કરવાની રીત કમ્પ્યુટર ઉપર શીખવવામાં આવી.

**શોર્ટ ટર્મ કોર્સ– ૨૦૨૫**
**(શોધપત્ર લેખનનો વર્કશોપ)**

**ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત**

**સાતમો દિવસ (તા. ૨૧–૦૯–૨૦૨૫, રવિવાર)**

**સબમિશન બેઠક (સમય–૧૧:૦૦ થી ૧૨:૩૦)**

આ બેઠકમાં શિબિરાર્થીઓને વિવિધ વકતાઓ દ્વારા આપવમાં આવેલ પ્રત્યક્ષ કાર્યનું લેસન સબમિટ કરવાની કામગીરી કરવામાં આવી. પહેલાં જ દિવસથી માંડી છ એ છ દિવસ બંને બેઠકોમાં શિબિરાર્થીઓને વિવિધ પ્રકારની કામગીરી પ્રત્યક્ષરૂપે કરવાની પ્રવૃત્તિ આપવામાં આવી હતી. પાંચમાં દિવસે યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લેવામાં આવી તેનો અહેવાલ અને દરેકે એક એક સંશોધનપત્ર આંતરરાષ્ટ્રીય નીતિ–નિયમો અનુસાર તૈયાર કરવાનું અને શિબિરના અંતિમ દિવસે એ સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઓરિજનલ ફોર્મ, દરેક સેશનની હાજરી, ફિડબેક ફોર્મ, પ્રમાણપત્રોનાં જરૂરીયાત મુજબનાં નામો જેવી કામગીરી આ બેઠકમાં કરવામાં આવી.

**૧૨:૩૦ થી ૧:૩૦ સમાપન બેઠક**

માન. કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાની અધ્યક્ષતામાં આ બેઠક યોજવામાં આવી. કૉ–ઓર્ડિનેટર નરેશ શુક્લએ આરંભે આખાય કાર્યશિબિરની કાર્યવાહી, એમાં આવેલ વકતાઓ અને વિષયો વિશે કુલપતિશ્રીને માહિતગાર કર્યા. દરેક બેઠકમાં કરવામાં આવેલ પ્રેક્ટિકલ કાર્યમાંથી નીપજી આવેલ પરિણામનો સંક્ષેપમાં અહેવાલ રજૂ કર્યો. ત્યારબાદ શિબિરાર્થીઓ દ્વારા પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા. કુલપતિશ્રીએ સૌના પ્રતિભાવોને શાંતિથી સાંભળ્યા અને આ આયોજન બદલ આનંદ વ્યકત કર્યો. આ રીતે કાર્યશિબિરના મોડમાં વધારેને વધારે પરિણામલક્ષી આયોજન ગુજરાતી વિભાગ વતી થતા રહે છે એની નોંધ લીધી. આ વર્ષે ગુજરાતી વિભાગ દ્વારા બે વર્કશોપ, બે નેશનલ સેમિનાર આયોજિત કરવામાં આવ્યા છે એની સહર્ષ નોંધ લેવામાં આવી.

ત્યારબાદ કુલપતિએ સંબોધન કર્યું અને સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરનારાં સૌ શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા. છેલ્લે નરેશ શુકલાએ આ શિબિરને મંજૂરી આપનાર કેસીજીના અધિકારીઓ, યુનિવર્સિટીના અધિકારીઓ, વહીવટીતંત્રનો આભાર માન્યો હતો. આ શિબિરના વકતાઓ, સહયોગ કરનારાં શિબિરાર્થીઓ અને ગુજરાતી વિભાગનાં કાર્યાલય સ્ટાફનો આભાર માન્યો હતો.

## Department of Journalism & Mass Communication

### પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ દ્વારા નવરાત્રી નિમિત્તે ગરબા મહોત્સવનું સફળ આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ દ્વારા આજે તા. ૨૯/૦૯/૨૦૨૫ના રોજ યુનિવર્સિટીના પ્રાર્થના હોલ ખાતે નવરાત્રીપર્વ નિમિત્તે રંગારંગ ગરબા મહોત્સવનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન ચાવડા અને યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીની પ્રેરણાથી અને પત્રકારત્વ વિભાગના વડા ડૉ. મિહિર મોરીના વડપણ હેઠળ થયું હતું. યુનિવર્સિટી પરિસરમાં યોજાયેલ આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં અધ્યાપકશ્રીઓ, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન માતા અંબાની આરતી સાથે કરવામાં આવ્યું હતું અને પરંપરાગત તેમજ આધુનિક તાલ પર સ્ફૂર્તિભર્યા ગરબાઓનું આયોજન થયું હતું. પરંપરાગત વાદ્યો સાથે સર્વસમાવેશી અને સુરક્ષિત માહોલમાં છાત્ર–છાત્રાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ગરબાના આયોજન દ્વારા લોકકલા સંવર્ધન, ટીમ વર્ક અને સમૂહ પ્રત્યાયનના વ્યવહારુ કૌશલ્યો ઘડાય તેવો અનુભવ વિદ્યાર્થીઓને મળ્યો હતો. પરંપરાગત અને

આધુનિક પોશાકમાં સજ્જ વિદ્યાર્થીઓએ રાસમાં વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. વિભાગ તરફથી જણાવ્યુ હતું કે આ કાર્યક્રમનો હેતુ યુવાનોમાં લોકસંસ્કૃતિ પ્રત્યે ગૌરવ જાગૃત કરવાનો છે, સાથે સાથે કાર્યક્રમ આયોજન,પબ્લિક રિલેશન્સ અને મીડિયા કવરેજ જેવી પ્રાયોગિક કુશળતાઓ વિકસાવવાનો પણ છે. યુનિવર્સિટી પ્રશાસનના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે કેમ્પસમાં આવા સર્વસમાવેશી સાંસ્કૃતિક ઉપક્રમો વિદ્યાર્થીઓના સમગ્ર વિકાસ માટે મહત્ત્વના છે.

## Department of Library & Information Science

### શિક્ષક દિવસની ઉજવણી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં કાર્યરત ગ્રંથાલય અને માહિત વિજ્ઞાન વિભાગનાં વિદ્યાર્થીઓ દ્વારા તા. ૪/૯/૨૦૨૫નાં રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગ્રંથાલય અને માહિત વિજ્ઞાનનાં સ્નાતક અને અનુસ્નાતકનાં વિદ્યાર્થીઓએ શિક્ષણ દિવસ નિમિત્તે શિક્ષક બનીને વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓએ શિક્ષકોને સન્માનિત કરવા માટે અને આભાર વ્યક્ત કરવા માટે કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં અધ્યાપક અને અધ્યાપિકાઓ હાજર રહ્યા હતા. જેમાં વિભાગનાં કૉ-ઓર્ડિનેટર ડૉ. યોગેશ વાંસિયા, ડૉ. જયદીપ વ્યાસ, શ્રી નવનીત પટેલ અને પાયલબેન શર્મા હાજર રહ્યા હતા. શિક્ષક દિવસની ઉજવણીનાં ભાગ રૂપે અર્થશાસ્ત્ર વિભાગના સેમીનાર હોલમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના દરેક પ્રાધ્યાપકોનું પુસ્તક આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓએ સમસ્ત ગુરુજનોને સંબોધિત વકતવ્ય રજૂ કર્યુ હતું. ત્યારબાદ શિક્ષક દિવસનાં અવસર પર વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત કાર્યક્રમ અંગે ડૉ. યોગેશ વાંસિયા દ્વારા પ્રેરણાદાયી વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિભાગનાં પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રસ્તુત અવસરે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબ દ્વારા સૌને શિક્ષક દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## Department of Sociology

### યુનિવર્સિટીના એમ.એસ.ડબલ્યુ.પ્રોગ્રામમાં આરોગ્ય, સરકારી સાહસો (PSUs), તથા બિનસરકારી સંસ્થાઓમાં સામાજિક કાર્યકરોની ભૂમિકા, તકો, પડકારો અને આવશ્યક કૌશલ્યો વિષય પર વ્યાખ્યાન




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબની પ્રેરણાથી તથા રજીસ્ટ્રારશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સાહેબ અને સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. એમ.એન.ગાયકવાડ સાહેબના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ. પ્રોગ્રામ દ્વારા તારીખ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના સમાજશાસ્ત્ર વિભાગ ખાતે રોજ 'આરોગ્ય, સરકારી સાહસો (PSUs) તથા બિનસરકારી સંસ્થાઓ (NGOs)માં સામાજિક કાર્યકરોની ભૂમિકા, તકો, પડકારો અને આવશ્યક કૌશલ્યો' વિષય પર વિશિષ્ટ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે એમ.એસ.ડબલ્યુ (બેચ ૨૦૧૮-૨૦)ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી પ્રિયાંક ઝા ઉપસ્થિત રહ્યા હતા, જેઓ હાલ શ્રીમતી જયાબેન મોદી મલ્ટીસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ, અંકલેશ્વર ખાતે એક્ષ્ટેન્શન હેડ તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમણે પોતાના વકતવ્યમાં આરોગ્ય ક્ષેત્ર સરકારી સાહસો તથા બિનસરકારી સંસ્થાઓમાં સામાજિક કાર્યકરોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા, કાર્યક્ષેત્રની તકો. ઉદ્ભવતા પડકારો તથા સફળતા માટે જરૂરી કૌશલ્યો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું. તેમણે ભાર મૂકયો કે ઝડપથી બદલાતી સામાજિક પરિસ્થિતિમાં કુશળ અને જ્ઞાનસંપન્ન સામાજિક કાર્યકરો માટે અનેક તકો ઉપલબ્ધ છે. આ તકોને સફળતાપૂર્વક ઉપયોગમાં લેવા માટે વ્યાવસાયિક દૃષ્ટિકોણ અને યોગ્ય કૌશલ્ય વિકાસ જરૂરી છે. સાથે સાથે તેમણે પોતાના વિદ્યાર્થી કાળના સસ્મરણોને પણ યાદ કર્યા હતા. જે વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી સાબિત થયા હતા.

આ પ્રસંગે કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. અરુણ પંડયા, વિભાગના અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક શ્રી નવીનકુમાર રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું.

## જાતીય સંવેદનશીલતા અને POSH અધિનિયમ–૨૦૧૩ અંગે વર્કશોપ યોજાયો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ દ્વારા તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મહિલા અને બાળવિકાસ કચેરી, સુરતના સહયોગથી 'જાતિય સંવેદનશીલતા અને કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ–૨૦૧૩' વિષયક વર્કશોપનું આયોજન સમાજશાસ્ત્ર વિભાગના સેમિનાર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. વર્કશોપની શરૂઆતમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વર્કશોપના વિષયની મહત્ત્વતા પર ભાર મૂકયો હતો તેમજ વિદ્યાર્થીઓને આવા કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેવાની પ્રેરણા આપી હતી. ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય વકતાઓ પૈકી મહિલા અને બાળવિકાસ કચેરી, સુરતના અધિકારી શ્રીમતી સ્મિતા પટેલે પોતાનું પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું. જેમાં તેમણે જાતિય સમાનતા, મહિલાઓ પ્રત્યે આદરભાવ તથા સંવેદનશીલ વર્તન અને વ્યવહારથી સમાજમાં મહિલાઓ માટે સૌહાર્દપૂર્ણ વાતાવરણ કેવી રીતે સર્જી શકાય તે અંગે વિવિધ ઉદાહરણો આપી માર્ગદર્શન આપ્યું હતું. વર્કશોપના બીજા સત્રમાં મુખ્ય વકતા ઍડવોકેટ ડૉ. હેતલબેન રામાણીએ PPTના દૃશ્ય શ્રાવ્ય માધ્યમથી POSH અધિનિયમ, ૨૦૧૩નો ઈતિહાસ, હાલની કાયદાકીય સ્થિતિ, કમિટીની રચના, તેના કાર્યો તથા ફરિયાદ પ્રક્રિયા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. વકતાશ્રીઓના પ્રેઝન્ટેશન બાદ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો સાથે પ્રશ્નોતરી સત્ર યોજાયું, જેમાં વર્કશોપના વિષગ પર ચર્ચા થઈ અને નિષ્ણાંતોએ તેમના પ્રશ્નોના સચોટ તથા સંતોષકારક જવાબ આપ્યા હતા. આ સમગ્ર વર્કશોપનું આયોજન અને સંચાલન અને સંચાલન એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના અધ્યાપક શ્રી નવીનકુમાર રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપના અંતે તેમણે આભારવિધિ વ્યકત કરતાં વર્કશોપ આયોજનમાં સહયોગ આપવા બદલ સુરત જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી અને દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી ધર્મેશ વસાવા તથા જિલ્લા મિશન કૉ–ઓર્ડિનેટર શ્રીમતી સ્મિતા પટેલ, DHEW ટીમના જેન્ડર સ્પેશિયલિસ્ટ શ્રી મહેશ પરમારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. વર્કશોપમાં અધ્યાપકો સહીત ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## એચ.આઈ. વી./એઇડ્સ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા સાહેબની પ્રેરણાથી તથા રજીસ્ટ્રારશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબ અને સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. એમ.એન.ગાયકવાડ સાહેબના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ.પ્રોગ્રામ દ્વારા રેડ રિબન કલબ હેઠળ તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ "એચ.આઈ.વી./એઈડ્સ, એસ.ટી.આઈ.રોગ અને એચ.આઈ.વી–એઇડ્સ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૨૦૧૭" વિષયક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જીલ્લા એઈડ્સ કંટ્રોલ યુનિટ અને લોકવિકાસ સંસ્થા, સુરતના સહયોગથી સમાજશાસ્ત્ર વિભાગના સેમિનાર હોલ ખાતે યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે સુરત જીલ્લા એઇડ્સ કંટ્રોલ યુનિટના સુપરવાઈઝર શ્રી યશવંત વળવી સાહેબ અને લોકવિકાસ સંસ્થાના પ્રોજેકટ મેનેજરશ્રી હિતેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના વકતવ્યમાં એચ.આઈ.વી./એઇડ્સ તથા એસ.ટી.આઈ રોગોની નિવારણ પદ્ધતિઓ, સાવચેતીના ઉપાયો, સમાજમાં આ વિષય સંબંધિત પ્રવર્તિત ગેરમાન્યતાઓ અંગે સચોટ માહિતી આપી હતી. સાથે તેઓએ એચ.આઈ.વી./એઈડ્સ રોકવા માટે સરકારશ્રીના પ્રયાસો તથા વર્ષ ૨૦૧૭ના એચ.આઈ.વી./એઈડ્સ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ અંગે સૌને માહિતગાર કર્યા હતા. તેમણે ખાસ કરીને ઉલ્લેખ કર્યો હતો કે એચ.આઈ.વી./એઈડ્સ કોઈ સામાજિક કલંક નથી અને યોગ્ય સારવાર અને સારસંભાળ તથા દવાઓ દ્વારા સંક્રમિત વ્યકિત પણ સારું અને સ્વસ્થ જીવન જીવી શકે છે. ઉપરાંત તેમણે એચ.આઈ.વી./એઈડ્સ રોકવામાં યુવાનોને સહભાગી થવા હાંકલ કરી હતી. વ્યકતવ્યના અંતે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ સક્રિય રીતે પ્રશ્નો પૂછીને ચર્ચામાં ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના અધ્યાપકશ્રી નવીનકુમાર રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું.

## એચ.આઈ.વી./એઇડ્સ જાગૃતિ અને ચિત્ર સ્પર્ધા કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા સાહેબની પ્રેરણાથી તથા રજીસ્ટ્રારશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબ અને સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. એમ.એન.ગાયકવાડ સાહેબના

માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ.પ્રોગ્રામ દ્વારા રેડ રિબન કલબ હેઠળ તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ "એચ.આઈ.વી./એઈડ્સ વિષયક જાગૃતિ કાર્યક્રમ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત એઈડ્સ કંટ્રોલ સોસાયટીના જોઈન્ટ ડાયરેકટરશ્રી કમલેશ મેસ્વાનીયા, સુરત જીલ્લા એઇડ્સ કંટ્રોલ યુનિટના સુપરવાઈઝર શ્રી યશવંત વળવી સાહેબ, કલસ્ટર પ્રેવેનશન ઓફિસરશ્રી, લોકવિકાસ સંસ્થા, સુરતના પ્રોગ્રામ મેનેજરશ્રી હિતેશ પટેલ, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટર શ્રી એમ.એન.ગાયકવાડ તથા વિભાગના અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ગુજરાત એઈડ્સ કંટ્રોલ સોસાયટીના જોઇન્ટ ડાયરેકટરશ્રી કમલેશ મેસ્વાનીયા સાહેબે પોતાના વ્યકતવ્યમાં એચ.આઈ.વી/એઈડ્સ તથા એસ.ટી.આઈ. રોગોની નિવારણ પદ્ધતિઓ, સાવચેતીના ઉપાયો, સમાજમાં આ વિષય સંબંધિત પ્રવર્તિત ગેરમાન્યતાઓ અને સરકારશ્રીના પ્રયાસો અંગે સચોટ માહિતી આપી હતી. તેઓના વ્યકતવ્ય પછી એચ.આઈ.વી./એઇડ્સ વિષય ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગના ૨૫ વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મક કલા દ્વારા એચ.આઈ.વી/ એઈડ્સને ચિત્રના માધ્યમ થકી અભિવ્યકત કરી હતી. ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ઉપરાંત એકથી ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પારિતોષિક આપી વિશેષ રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના અધ્યાપકશ્રી નવીનકુમાર રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું.



## વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ અંતર્ગત વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબ અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડ સાહેબની પ્રેરણાથી સમાજશાસ્ત્ર વિભાગમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ અંતર્ગત વ્યાખ્યાન યોજાયું હતું. સમાજશાસ્ત્ર વિભાગમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ પર પ્રો.(ડૉ.) પરવેઝ અબ્બાસી (નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ સમાજશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય,સુરત) સાહેબનું વ્યાખ્યાન યોજાયું. જેમાં સમાજમાં આત્મહત્યા નિવારણ કેવી રીતે કરી શકાય, અટકાવી શકાય અને આત્મહત્યાનો દર વધવાનું કારણ શુ છે? તેની ઊંડાણપૂર્વક ચિંતન મનન કરવામાં આવ્યું. પ્રો. અબ્બાસી સાહેબે ઇમાઈલ દુર્ખેમે લખેલ "ધ રૂલ્સ ઓફ સોસીયોલોજીકલ મેથડ્સ" નામના પુસ્તકમાં આત્મહત્યાના ખ્યાલને તપાસવા માટે ચાર સામાજિક તથ્યો : વર્ગીકરણ, નિરીક્ષણ, પરિક્ષણ અને સામાન્યીકરણ થકી જે આત્મહત્યાના ખ્યાલ આપ્યો છે. જેમાં આત્મહત્યાના પ્રમાણમાં વધારો થયો છે, તે નિવારવા માટે સંસ્કાર દ્વારા વિભિન્ન પગલાંઓ અંતર્ગત વિદ્યાર્થીઓને જાગૃત કર્યા. વિભાગના વિદ્યાર્થીઓ પૈકી ચૌધરી યજ્ઞેશ, મોહનીય શકીલા, ભીવસન વિશાલ, ગામીત સ્નેહા, વસાવા પાયલ અને વસાવા પ્રજ્ઞાએ પ્રસ્તુત વિષય અનુસંધાને પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. દીક્ષિતાબેન પટેલ, ડૉ. જીતેન્દ્ર વસાવા અને ડૉ. ગોવિંદ બારૈયા એ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગના સૌ અધ્યાપકોએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ વિદ્યાર્થી ચેતન પરમારે કરી હતી.




## વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબ અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડ સાહેબની પ્રેરણાથી સમાજશાસ્ત્ર વિભાગમાં ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે 'જનજાતિય ગૌરવ દિવસ' અંતર્ગત વિશ્વ આદિવાસી અધિકાર દિવસની ઉજવણી નિમિત્તે વિભાગના આ.પ્રો.ડૉ. જિતેન્દ્ર વસાવાએ વિદ્યાર્થીઓને આદિવાસી અધિકાર વિષે માહિતગાર કર્યા જેમાં બ્રિટિશ સરકારના સમયે ૧૮૬૫, ૧૮૭૮ અને ૧૯૨૭ના વન અધિકારો અને સંયુકત રાષ્ટ્ર સંઘ, આઝાદી બાદ બંધારણમાં

વિશિષ્ટ અધિકારો જેવા કે, સામૂહિક વન અધિકાર, ગ્રામસભા, વિસ્થાપિત અને પુનર્વસવાટ, ભૂમિ સ્વામિત્વ, ખનીજ સંસાધનમાં ભાગીદારી, વિકાસ યોજનાનું નિરીક્ષણ તેનું મૂલ્યાંકન અત્યાચાર અને ભેદભાવ, જનજાતિય સંસ્કૃતિ, આરોગ્ય અને પોષણ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ તથા અનામત અંગે વિસ્તૃત માહિતી આપી. આ સમગ્ર કાર્યક્રમનું કૉ–ઓર્ડિનેશન પ્રા. પરેશ એસ. સાળવે અને ડૉ જિતેન્દ્ર વસાવાએ કર્યું હતું. કાર્યક્રમમાં વિભાગના સૌ અધ્યાપકોએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ વિભાગના અધ્યાપક ડૉ. ગોવિંદ બારૈયાએ કરી હતી.

## એમ.એસ.ડબલ્યુ વિદ્યાર્થીઓએ ગુજરાતના પ્રથમ ઇકો વિલેજ–ધજ ગામની મુલાકાત લીધી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડા સાહેબની પ્રેરણા, રજીસ્ટ્રારશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબના સહયોગ અને સમાજશાસ્ત્ર વિભાગના વડા ડૉ. એમ.એન.ગાયકવાડ સાહેબના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના સેમેસ્ટર–3ના વિદ્યાર્થીઓએ ગુજરાતના પ્રથમ ઇકો વિલેજ તરીકે ઓળખાતા ધજ ગામની અભ્યાસ મુલાકાત લીધી હતી. સુરતથી લગભગ ૭૦ કિમી દૂર માંડવી તાલુકામાં આવેલ ધજ ગામને વર્ષ ૨૦૧૬માં ગુજરાત સરકાર ઇકો વિલેજ તરીકે જાહેર કર્યુ હતું. સદર અભ્યાસ મુલાકાતનો હેતુ ઈકો વિલેજની સંકલ્પનાને નજીકથી સમજવો, ગામની સામાજિક–આર્થિક પરિસ્થિતિનું અધ્યયન કરવું તથા પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસ માટે સરકારશ્રીના પ્રયત્નોને જાણવાનો હતો. વિદ્યાર્થીઓએ માંડવી ચિફ ઓફિસરશ્રી રવિન્દ્રસિંહ વાઘેલાની પરવાનગીથી ફોરેસ્ટ વિભાગના અધિકારીશ્રી શિવરાજ ચૌધરી પાસથી ગામને ઇકો વિલેજ તરીકે વિકસાવવા માટેની નીતિઓ, પર્યાવરણ સંરક્ષણ, સ્થાનિક સમુદાયોના જીવન ધોરણમાં સુધારો તથા સરકારશ્રીની યોજનાઓ અંગે વિસ્તાર પૂર્વક ચર્ચા કરી હતી. સાથે સાથે વિદ્યાર્થીઓએ સ્થાનિક રહેવાસીઓ સાથે સંવાદ કરી તેમની સામાજિક અને આર્થિક પરિસ્થિતિની માહિતી મેળવી હતી, તેમજ ગામના સરપંચશ્રી સાથે મુલાકાત કરીને ગામના વિકાસ મોડલ અને સ્થાનિક સ્તરે ચાલી રહેલા પ્રયાસો અંગે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. આ અભ્યાસ મુલાકાત વિભાગના અધ્યાપક શ્રી નવીનકુમાર રોહિતના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી, જેમાં એમ.એસ.ડબલ્યુ સેમેસ્ટર–3નાં વિદ્યાર્થી આહિર વિવેકકુમાર, હળપતિ અંકિતકુમાર, ગોહિલ હિરેનસિંહ અને હડિયા ધર્મેશકુમારે સક્રિય રીતે ભાગ લીધો હતો. એકંદરે, મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ અનુભવ થકી ઇકો વિલેજ મોડલ કેવી રીતે પર્યાવરણ, વિકાસ અને સમાજ વચ્ચે સંતુલન સ્થાપિત કરે છે, તે અંગે ઉડાંણપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. જે તેમને ભવિષ્યમાં આ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી નિર્માણમાં ઉપયોગી સાબિત થશે.

## 'સામાજિક સંશોધનમાં એમ.એસ.એક્સેલનો ઉપયોગ" વિષય પર એક દિવસીય કાર્યશિબિર યોજાઈ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબ અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડ સાહેબની પ્રેરણાથી સમાજશાસ્ત્ર વિભાગમાં "સામાજિક સંશોધનમાં એમ.એસ.એક્સેલનો ઉપયોગ" વિષય પર એક દિવસીય કાર્યશિબિર યોજાઈ. જેમાં રિસોર્સ પર્સન તરીકે ડૉ. શીતલ પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, આંકડાશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત) દ્વારા સંશોધન કાર્ય માટે ઉપયોગી એવા આંકડાશાસ્ત્રીય ખ્યાલો અને તકનિકો સહિત ડેટા એનાલિસિસ માટે કમ્પ્યુટર સૉફ્ટવેર પૈકી એમ.એસ.એક્સેલ અને JAMOVI (જામોવિ)નો પ્રાયોગિક ઉપયોગ વિષેની ખૂબ જ ગહન અને રસપૂર્વકની તાલીમ આપી. આ તાલીમમાં સમાજશાસ્ત્ર વિષયમાં ગુણાત્મક અને સંખ્યાત્મક સંશોધનના કિસ્સાઓમાં સૉફ્ટવેર કઈ રીતે ઉપયોગી બની શકશે તે અંગેનું વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું દિશાસૂચન ડૉ. અરુણ પંડયા સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું અને કૉ–ઓર્ડિનેશન પ્રા. પરેશ એસ.સાળવે અને ડૉ. જિતેન્દ્ર વસાવાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગના સૌ અધ્યાપકોએ સહયોગ આપ્યો હતો. વર્કશોપમાં એમ.એ અને પી.એચ.ડી.ના સંશોધનાર્થીઓએ ભાગ લઈ પ્રશ્નોતરી કરી પોતાની સંશોધનાત્મક જિજ્ઞાસાનો વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે આભારવિધિ વિભાગના અધ્યાપક ડૉ. જિતેન્દ્ર વસાવાએ કરી હતી.

## માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા અટકાયત અંગેનો કાર્યક્રમ સમાજશાસ્ત્ર વિભાગમાં યોજાયો

આંતરરાષ્ટ્રીય આત્મહત્યા અટકાયત જાગૃતિ સપ્તાહના ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના

માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડ સાહેબની પ્રેરણાથી સમાજશાસ્ત્ર વિભાગમાં મનોવિજ્ઞાન માર્ગદર્શન સલાહકાર કેન્દ્રના માધ્યમથી "માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા અટકાયત" અંગેનો કાર્યક્રમ તા. ૧૬/૯/૨૦૨૫ના રોજ યોજાયો. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન માર્ગદર્શન અને સલાહકાર કેન્દ્રના સંયુકત ઉપક્રમે કેન્દ્રના મુખ્ય વકતા તરીકે ઊર્મિનબેન એચ. દેસાઈ તેમજ દર્શનભાઈ પરમાર અને ઉલકાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઊર્મિનબેને વિદ્યાર્થીઓને જીવનમાં સદાય આત્મવિશ્વાસ અને સકારાત્મક દૃષ્ટિકોણ કેળવવાની પ્રેરણા આપી તેમજ વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્વક કીડીના ઉદાહરણ વાળો વિડીયો તેમજ આત્મીય આનંદના ગીત દ્વારા આનંદદાયક વાતાવરણ ઊભું કરી પ્રોત્સાહિત કર્યા. ઉકલાબેને યુનિવર્સિટીના મનોવિજ્ઞાન માર્ગદર્શન અને સલાહ કેન્દ્રની સેવાઓ વિષે જાણકારી આપી. તેમજ દર્શનભાઈ પરમારે યુજીસીના આત્મહત્યા નિવારણ અભિયાનના સર્વેક્ષણ કાર્યની માહિતી આપી. આ સમગ્ર કાર્યક્રમનું કૉ-ઓર્ડિનેશસ પ્રા. પરેશ એસ. સાળવે એ કર્યું હતુ. આ કાર્યક્રમમાં વિભાગના સૌ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ હાજર રહી સહયોગ આપ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના અધ્યાપક ડૉ. બહાદુરસિંહ વસાવાએ કરી હતી.



## સમાજશાસ્ત્ર વિભાગમાં નવલી નવરાત્રીની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સમાજશાસ્ત્ર વિભાગમાં તા. ૨૨/૦૯/૨૦૨૫ "નવલી નવરાત્રી"ની ઉજવણી ઉત્સાહ અને ઉમંગભેર કરવામાં આવી. આ કાર્યક્રમના માર્ગદર્શન માનનીય કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડ સાહેબ પ્રેરણાથી આ કાર્યક્રમની શરૂઆત અંબા માતાજીની આરતીથી કરવામાં આવી ત્યારબાદ વિદ્યાર્થીઓએ પરંપરાગત વેશભૂષામાં રંગીન અને સંસ્કૃતિક લોકગીતો સાથે ગરબા રમીને સમગ્ર વાતાવરણને માણનીય બનાવ્યું. નવલી નવરાત્રીના આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાનો પરિચય આપતાં શ્રેષ્ઠ પરિધાન, શ્રેષ્ઠ નૃત્ય તથા જૂથ પ્રસ્તુતિઓમાં ભાગ લીધો. આ ઉજવણીમાં વિભાગના વિદ્યાર્થીઓ, સંશોધનાર્થી વિદ્યાર્થીઓ, પૂર્વ વિદ્યાર્થી તેમજ સર્વ અધ્યાપકોની ઉપસ્થિતિ રહી. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. દીક્ષિતાબેન પટેલ તથા ડૉ. જિતેન્દ્ર વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે અધ્યક્ષશ્રીએ વિદ્યાર્થીઓને આવાં સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સામાજિક એકતા, પરંપરા અને જીવનમૂલ્યોને જીવંત રાખવાની પ્રેરણા મળે છે એમ જણાવ્યું હતું.




## 'કેન્સર અવેર્નસ' કાર્યક્રમનું આયોજન




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામમાં વિભાગીય વડાશ્રી ડૉ. એમ.એન.ગાયકવાડ અને એમ.એસ.ડબલ્યુ ફેકલ્ટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મનોજ શર્મા માર્ગદર્શન હેઠળ તા. ૨૩/૦૯/૨૦૨૫ મંગળવારના રોજ 'કેન્સર અવેર્નસ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વકતા તરીકે કેન્સર સ્પેશીયાલીસ્ટ ડૉ. નેહા પટેલ, ડૉ. અંશુલ અગ્રવાલ, ડૉ. રોશની જરીવાળા અને માનસિક અને ન્યુરોલોજિસ્ટ ડૉ. કલ્પેશ સર્યવંશી આ તમામ ડૉકટરશ્રીઓએ સ્તન કેન્સર, સર્વાઇકલ કૅન્સર અને મોઢાનું કૅન્સર તેમજ આત્મવિશ્વાસ વિશે અત્યંત અગત્યની માહિતી આપી હતી. જેનું આયોજન લાયન્સ કેન્સર ડીટેકસ સેન્ટરે અને સંજીવની લાઈફ બિયોંડ કેન્સર સંસ્થાનાં કૉ-ઓર્ડિનેટર શ્રીમતી મંજૂષા અને શ્રી બિંદીયા પટેલના સહયોગ અને સહકારથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં કેન્સર થવાનાં કારણો, લક્ષણો વગેરેની ચિત્રો દ્વારા વિશાદ રજૂઆત કરી હતી. અને વિદ્યાર્થીઓના મૂઝવતા પ્રશ્નોના જવાબોની ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર અને એ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો તેમજ વિભાગના ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફે મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમના ઓર્ગેનાઇઝર તરીકે પ્રા. ડૉ. મનોજ શર્મા કામગીરી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યાદવ કમલ, પટેલ હાર્દિક,

ચૌધરી કરન, પટેલ કૃતિ, સૈયેદ મુબાસીરા, શેખ સાજિયા, આદિત્ય રામ, વસાવા પરેશ, ભોયા ભાવિન કર્યુ હતું. આભારવિધિ યાદવ કમલ કરેલ હતી.

## 'આદિવાસીઓનું સશક્તિકરણ' થીમ ઉપર એક દિવસીય વર્કશોપ યોજાયો






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગમાં પી.એમ.ઉષા અંતર્ગત માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સાહેબના માર્ગદર્શન હેઠળ તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ 'પરંપરાગત આરોગ્ય પ્રણાલી દ્વારા આદિવાસીઓનું સશક્તિકરણ'થીમ ઉપર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર વર્કશોપના કન્વીનર અને વિભાગીય અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. વર્કશોપના કૉ–ઓર્ડિનેટર ડૉ. અરુણ પંડયાએ કાર્યક્રમના હેતુ અને મુદ્દા અંગે જાણકારી આપી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા સાહેબે ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. ત્યારબાદ અતિથિ વિશેષ તરીકે બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. મધુકર પાડવી સાહેબે ઉત્સાહ પ્રેરિત આર્શીવચન આપ્યું હતું. વર્કશોપમાં થીમને અનુરૂપ ત્રણ ટૅકનીકલ સેશનના મુખ્ય વકતાઓ તરીકે પ્રા. મીનુ પરબીયા, પ્રો. વિપુલ સોમાણી અને ડૉ. જે.કે.વનપરિયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ ટૅકનીકલ સેશનમાં ડૉ.જે.કે.વનપરીયાએ આદિવાસી સમુદાયની પરંપરાગત આરોગ્ય પ્રાણાલીઓનો ઐતિહાસિક દૃષ્ટિકોણથી પરિચય આપ્યો હતો. પ્રથમ ટૅકનીકલ સેશનને આગળ વધારતા ડૉ. વિપુલ સોમાણીએ બીજા સેશનમાં આ પ્રણાલીઓની વર્તમાન સ્થિતિ અને તે અંગે જવાબદાર પરિબળો અંગે વિશદ રજૂઆત કરી હતી. વર્કશોપનાં અંતિમ ત્રીજા ટૅકનીકલ સેશનમાં ડૉ. મીનું પરબીયાએ PPTના દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી આદિવાસી સમાજમાં પરંપરાગત આરોગ્ય પ્રણાલીઓના ભવિષ્યના સંદર્ભમાં સમુદાયનાં લોકોમાં પુનઃ જાગૃતિ કેવી રીતે આવી શકે અને સામુદાયિક સશક્તિકરણ કેવી રીતે થઈ શકે તે અંગે વિવિધ વનસ્પતિઓની ઓળખ ચિત્રો સાથે, ઉપયોગ અને સંવર્ધન અંગે જ્ઞાનવર્ધક પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું. વકતાશ્રીઓના પ્રેઝન્ટેશન બાદ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો સાથે પ્રશ્નોતરી સત્ર યોજાયું, જેમાં વર્કશોપના વિષય પર ચર્ચા થઈ અને નિષ્ણાંતોએ તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબઆપી વર્કશોપને જીવંત બનાવ્યો હતો. સદર વર્કશોપમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગના, વડાશ્રીઓ, અધ્યાપકો, સંશોધકો અને સહભાગી વિદ્યાર્થીઓ મળી લગભગ ૨૫૦ થી વધુ સહભાગીઓએ ભાગ લીધો હતો. વર્કશોપનું સંચાલન વિભાગના અધ્યાપક નવીનકુમાર રોહિતે કર્યુ હતું. તથા આભારવિધિ ડૉ. બહાદુરસિંહ વસાવાએ કરી હતી.

## Department of Statistics

### Report on Awakening Session Organized by the Department of Statistics on 2nd September 2025




The Department organized an Awakening Session with the objective of creating awareness about mental well-being, inner peace, and self-growth among students. The session was conducted by an eminent guest Mr. Himanshu Thakkar who delivered an inspiring talk on the working of the human mind and ways to achieve balance in everyday life.The guest highlighted that the mind is the most powerful tool, and with proper training, it can help individuals remain calm, positive, and productive. Through simple breathing exercises, the audience learned how to control emotions, release stress, and relax the body. Special focus was given on overcoming anxiety, which is common among students, and transforming it into positive energy that fuels confidence and creativity.

Another key takeaway from the session was the role of discipline in a student's life. The guest emphasized that discipline is not just about following rules but about building consistency,

time management, and self-control. For students, discipline helps in maintaining focus on studies, balancing extracurricular activities, and achieving long-term goals. The speaker beautifully explained that "discipline is the bridge between goals and achievements.The session also shed light on how mindfulness and regular practice of meditation can enhance creativity, sharpen memory, and improve decision-making skills. Students actively participated, making the session interactive and impactful. The Department extended heartfelt gratitude to the guest for sharing practical techniques and life lessons that will surely help students lead a more focused, disciplined, and positive life.

## Successfully organized a lecture on Financial Awareness on 28th August



The Department successfully organized a lecture on Financial Awareness on 28th August . The objective of the session was to provide students with practical knowledge and skills required to handle personal finance effectively and to make them financially literate in today's fast-changing economic environment. The invited speaker, Dr. Nemik Shah addressed the students,

The role of savings and investments in building financial security. Different banking services and digital payment methods.Importance of budgeting and avoiding unnecessary expenditure. Government schemes and policies designed to promote financial inclusion. Awareness about fraud prevention and safe online transactions. The session was highly interactive as students raised queries regarding investment opportunities, the significance of credit scores, and the use of modern digital platforms for financial management. The speaker answered all queries with practical examples, making the session very engaging and useful. The lecture created awareness among students about the importance of financial discipline and the role of money management in ensuring a secure and independent future. Overall, the program proved to be an enriching experience that motivated students to adopt healthy financial practices in their daily lives.

## Report on Visits Statue of Unity by the Department of Statistics on 4th September 2025




The Department of Statistics organized an educational and recreational one-day trip to the Statue of Unity, Kevadiya, Gujarat, on 4th September 2025 (Thursday). A total of 49 students and 4 staff members participated enthusiastically in this memorable excursion.

The journey began early in the morning at 5:00 AM, with students and faculty embarking on the trip with great excitement and anticipation. After reaching the destination, the group explored several key attractions in and around the Statue of Unity campus.

The major highlights of the trip included:

**Jungle Safari:** Students enjoyed witnessing a wide variety of wildlife in their natural habitat, offering an enriching and adventurous experience.

**Pet Zone:** A fun and interactive spot where students engaged with domestic and exotic animals.

**Valley of Flowers:** The scenic beauty of the sprawling gardens and vibrant floral arrangements provided a refreshing and picturesque environment.

**SOU Art Gallery:** The group explored the cultural and artistic exhibits that depict the life and legacy of Sardar Vallabhbhai Patel, enhancing the educational value of the visit.

Throughout the trip, students not only appreciated the architectural grandeur of the Statue of Unity—the world's tallest statue—but also engaged in learning experiences that complemented their academic journey.

The group returned safely at around 2:00 am on 5th September 2025, carrying back memories filled with knowledge, joy, and camaraderie.

Such trips are a valuable part of holistic education, allowing students to connect with history, nature, and culture beyond classroom boundaries.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં 'મેઘધનુષ' આંતર કૉલેજ રંગોળી સ્પધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતમાં તા. ૦૧/૦૯/૨૦૨૫ને સોમવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'મેઘધનુર્ષ' આંતર કૉલેજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ.ભાલાનીયા અસ્મિતાએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા વિષે માહિતી પ્રા. બિંદુ એ ઠાકોરે આપી હતી. મહેમાનનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. ડૉ. ઝંખના એસ. પરમાર દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રા. શિવાની રાજપૂતએ સ્પર્ધકોને સ્પર્ધાનાં નિયમ વિષે સમજ આપી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની વંદના સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ પ્રા. નિહારિકા ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી.

### જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં 'બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ સ્પર્ધા'



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતમાં તા. ૦૨/૦૯/૨૦૨૫ને મંગળવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ.ઘોઘારી હસ્તીએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા વિષે માહિતી પ્રા. કે.એસ.સુતરીયા સાહેબે આપી હતી. મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. ડૉ. બી.એન.ઢીમ્મર સાહેબ દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રા. ભૂમિબેન ડી. મિસ્ત્રીએ સ્પર્ધકોને સ્પર્ધાના નિયમ વિષે સમજ આપી હતી. જેમાં પ્રથમ ક્રમે વિવેકાનંદ કૉલેજનો વિદ્યાર્થી વ્રજ ત્રિવેદી, દ્વિતીય ક્રમે મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ.કૉલેજ પાંડેસરાની વિદ્યાર્થીની કાયસ્થ પ્રિયા. તૃતીય ક્રમે વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીની વિદ્યાર્થીની મિશ્રા રિદ્ધિ વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની મિશ્રા મીનાક્ષી ઉપેન્દ્રનાથ પટેલ પાયલ રામેશ્વર, હિતેષા અગ્રવાત દિનેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રા. ઝલક વી. કુબાવત દ્વાર કરવામાં આવી હતી.

### જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં 'મેન્ટલ હેલ્થ અવૅરનેસ' વિષય પર કાર્યક્રમ




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી, સુરતમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'વર્લ્ડ સુસાઈડ પ્રિવેન્શન ડે' અંતર્ગત અયોગ્ય શૈક્ષણિક દબાણ ટાળવા, માનસિક તણાવનાં ચિહ્નોને ઓળખવા અને સહાનુભૂતિપૂર્ણ અને સહાયક બનવા માટે માતા–પિતા અને વાલીઓ માટે સંવેદનશીલતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી શિવાંગી ચૌહાણ, રિહેબિલિટેશન સાઈકોલોજિસ્ટ તથા આત્મનું હીલિંગ સેન્ટરના સ્થાપક, મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમને શ્રી સંકલ્પ કુલકર્ણીનો સહયોગ મળ્યો હતો. શ્રીમતી શિવાંગી ચૌહાણે વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજાવ્યું તથા આત્મહત્યા જેવી પ્રવૃત્તિઓની અટકાવ અંગે માર્ગદર્શન આપ્યું. તેમણે વિદ્યાર્થીઓ તથા વાલીઓ સાથે

આઈસ બ્રેકીંગ ગેમ દ્વારા તેમની માનસિક સ્થિતિને સમજવાનો પ્રયાસ કર્યો અને સંવાદ (Communication)ના મહત્ત્વ પર ખાસ ભાર મૂકયો. આ કાર્યક્રમમાં ૧૭૮ વિદ્યાર્થીઓ તથા ૨૮ વાલીઓ એ સક્રિય રીતે ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓએ પોતાની સમસ્યાઓ રજૂ કરી અને માનસિક સ્વાસ્થય વિશે ચર્ચા કરી, જે ખૂબ જ પ્રેરણાદાયક બન્યો. કાર્યક્રમનું સંકલન ડૉ. સ્વાતી જોશી એ કર્યું હતું તથા ડૉ. રાજ ડુમસિયા એ એન્કરિંગ કર્યું હતું. કાર્યક્રમમાં પ્રા. બિન્દુ એ. ઠાકોર, પ્રા. બી.ડી.પટેલ, પ્રા.ક્રિષ્ના દેવાણી, પ્રા. મિલન તલસાણીયા, પ્રા. હાર્દિક સેલડિયા, પ્રા. ડૉ. મનિષ ટેલર તેમજ જીવન જ્યોત ટ્રસ્ટના સેક્રેટરીશ્રી અશ્વિનભાઈની હાજરી નોંધપાત્ર રહી હતી. આ કાર્યક્રમ ખૂબ જ સક્રિય અને સફળ રહ્યો. વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે માનસિક સ્વાસ્થ્યના મહત્વ વિષે જાગૃતિ ફેલાવવા અને સંવાદને પ્રોત્સાહન આપવા માટે આ એક યાદગાર પ્રયાસ સાબિત થયો.

## જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં 'મહાઆરતી અને ગરબા સ્પર્ધા'નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'નવરાત્રી નિમિત્તે'મહાઆરતી અને ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી આદરણીય અશ્વિનભાઈ પટેલએ શ્રી અંબા માતાની આરતી કરી ગરબાની શુભ શરૂઆત કરી હતી. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી પરિવારના તમામ સભ્યો, કૉલેજની સાંસ્કૃતિક સમિતિ અને ખુબ જ મોટી સંખ્યામાં કૉલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી ગરબે ઝૂમયા હતાં. જેમાં વિજેતાઓને ટ્રોફી, શિલ્ડ અને ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## College ke Tashan Baaz અંતર્ગત વિવિધ સ્પર્ધાનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતમાં તા. ૨૪/૦૯/૨૦૨૫ ને બુધવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ '95 Red FM' દ્વારા 'College ke Tashan Bazz' અંતર્ગત વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને કૉલેજ ગીત દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પ્રાધ્યાપકોની સાથે લગભગ ૧૨૨ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના Canara Bank, Wild stone, Aqua Imagica, Sosyo, Royal Infield, Samsung Mobial, Boome, Yousta તથા '95 Red FM'ના સ્પોન્સર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.રાજ ડુમસિયા દ્વારા કરવામાં આવ્યું હતું.



## પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### ડૉ. નિલેશ જયવદનભાઈ પટેલ પીએચ.ડી. થયા




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી સુરતના મૅનેજમૅન્ટ વિષયનાં વ્યાખ્યાતા ડૉ. નિલેશ જયવદનભાઈ પટેલ ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત તરફથી એમણે રજૂ કરેલ 'A Study of Entrepreneurial Proclivity Among Higher Education Student of South Gujarat' વિષય પરના મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય અમરોલી જે.ઝેડ.શાહ.આર્ટસ અને એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલી કૉલેજના પ્રા. ડૉ. ચિરાગ કે. સીદ્ધપુરિયાના માર્ગદર્શન હેઠળ કોમર્સ–એકાઉન્ટન્સી વિષયમાં કરેલ છે. તેમની આ સિદ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી,

તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## Business Opportunities in Import Export વિષય પર પ્રવચન/સેમીનારનું આયોજન




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં તા.૨/૯/૨૦૨૫નાં રોજ Business Opportunities in Import and Export વિષય નિષ્ણાંત શ્રી. ધર્મેશ સોની (યુવા ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇમ્પોર્ટ ઍક્સપોર્ટ) દ્વારા Business Opportunities in Import Export પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ધર્મેશ સોનીએ આયાત નિકાસમાં વ્યાવસાયિક તકો માટેની માહિતી આપી હતી. સેમિનારમાં કૉલેજની ૨૨૬ વિદ્યાર્થીઓએ હાજર રહ્યા હતા. સેમિનારનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના નેતૃત્વમાં બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર પ્રા.ડૉ. સ્વાતિ મહેતા, પ્રા.ડૉ. નિલેશ પટેલ તેમજ પ્રા. રાકેશ પટેલ અને પ્રા. આગમ શેઠ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું

## જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ કૉલેજમાં શિક્ષક દિવસની ઉજવણીનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી સુરતમાં તા. ૦૪/૦૯/૨૦૨૫ના રોજ શિક્ષક દિનનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ૧૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને શિક્ષક દિન નિમિત્તે પોતાના પ્રિયજન શિક્ષકની ભૂમિકા ભજવીને વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્ય કરાવ્યું અને એક સફળ શિક્ષક કઈ રીતે બની શકાય તેની તાલીમ દીધી હતી. આ શિક્ષક દિનનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને સાંસ્કૃતિક કમિટીના પ્રતિનિધિ ડૉ. હિરલ પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્કૃતિક કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## યુનિવર્સિટીની ઇન્ટર કૉલેજ બોકિસંગ ટુર્નામેન્ટમાં અમરોલી સ્વનિર્ભર કૉલેજના વિદ્યાર્થીઓ ઝળકિયા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતની ઈન્ટર કૉલેજ બોકિસંગ ટુર્નામેન્ટ તા. ૦૨ અને ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ એસ.ડી.જૈન કૉલેજ દ્વારા યોજાયેલ હતી. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર ઍપ્લીકેશન ઍન્ડ સાયન્સ અમરોલી, ટી.વાય.બી.કોમ.નો વિદ્યાર્થી મૈસુરીયા મિહિર હિતેશભાઈએ સિલ્વર મેડલ, એફ.વાય.બી.કોમ.નો વિદ્યાર્થી પટેલ જય મહેશભાઈ બ્રોન્ઝ મેડલ અને એફ.વાય.બી.સી.એ.નો વિદ્યાર્થી મંડલ અંકુશએ બોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીને સિલ્વર, બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરવા બદલ આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, સ્પોર્ટ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા અને ડૉ. હેતલ ઢીમ્મર તેમજ સમગ્ર સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અભિનંદન પાઠવે છે.

## 'યુનિવર્સિટીની ઇન્ટર કૉલેજ જુડો ટુર્નામેન્ટમાં અમરોલી સ્વનિર્ભર કૉલેજના વિદ્યાર્થીઓયા' ઝળકિયા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતની ઈન્ટર કૉલેજ જુડો ટુર્નામેન્ટ તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ નવયુગ સાયન્સ કૉલેજ દ્વારા યોજાયેલી હતી. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી, એફ.વાય.બી.સી.એ.નો વિદ્યાર્થી દેવાણી

જેહાન પ્રતાપભાઈએ બ્રોન્ઝ મેડલ, એફ.વાય. બી.કોમનો વિદ્યાર્થી વરીયા દિવ્યાંગ અશોકાભાઈ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીને સિલ્વર, બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરવા બદલ આચાર્ય ડૉ. મુકેશભાઈ આર. ગોયાણી, સ્પોર્ટ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા અને ડૉ. હેતલ ઢીમ્મર તેમજ સમગ્ર સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અભિનંદન પાઠવે છે.



## જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ કૉલેજમાં ખેલૈયા સ્પર્ધાનું (ગરબા ઉત્સવ) આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા. ૨૬/૦૯/૨૦૨૫ના રોજ ખેલૈયા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા મહોત્સવની શરૂઆત માતાજીની આરતી કરવામાં આવી હતી. જ્યારે વિદ્યાર્થીનો ઉત્સાહ વધારવા માટે જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ કૉલેજના વિવિધ વિભાગના કૉ–ઓર્ડિનેટર હાજર રહ્યા હતા. ગરબા ઉત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક ગરબા સાથે સાથે ડી.જે.ના તાલે ઝુમ્યા હતા. જ્યારે ખેલૈયા સ્પર્ધામાં કુલ ૪૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ખેલૈયા સ્પર્ધામાં જજ તરીકે હેમાંગીની દેસાઈ હાજર રહ્યા હતા. જેમાં બેસ્ટ ડ્રેસ (છોકરાઓ)માં પ્રથમ ક્રમ વોરા કિશન (B.Com. DS), દ્વિતીય ક્રમે સૂર્યમ કલાથીયા (B.Com), અને તૃતીય ક્રમે દેસાઈ નીલ (B.Com), આ ઉપરાંત બેસ્ટ ડ્રેસ (છોકરીઓ)માં પ્રથમ ક્રમે બંસી સંઘની (B.Com), દ્વિતીય ક્રમે લુખી પ્રાચી (B.B.A), અને તૃતીય ક્રમે વરસણી જાનવી (B.Com), પ્રાપ્ત કયો હતો. જ્યારે બેસ્ટ એકશનમાં (છોકરાઓ)માં પ્રથમ ક્રમે શાહ ધાર્મિક (B.Com), દ્વિતિય ક્રમે બાલાર રુશાલ (B.Com), અને તૃતીય ક્રમે ભંડેરી મિત (B.Com) આ ઉપરાંત બેસ્ટ ડ્રેસ (છોકરીઓમાં પ્રથમ ક્રમે હિરપરા હેપ્પી (B.B.A), દ્વિતીય ક્રમે શાહ આયુષી (B.Com DS), તૃતીય ક્રમે તરસરિયા દિવ્યા (B.Com) એ પ્રાપ્ત કર્યો હતો. ખેલૈયા સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ કૉલેજમાં શિક્ષક દિવસની ઉજવણીનું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી સુરતમાં તા. ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ઈન્ટર કૉલેજ વેઈટ લિફિટંગ ટુર્નામિન્ટનું આયોજન કૉલેજના કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. વેઈટ લિફિટંગ ટુર્નામિન્ટમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૫ કૉલેજનાં ૩૯ સ્પર્ધાકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પરીક્ષા નિયામકશ્રી અરવિંદ ધડૂક સાહેબ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન કર્યા હતા. વેઈટ લિફિટંગ ટુર્નામિન્ટમાં ચેમ્પિયન કૉલેજ તરીકે જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી જ્યારે રનર્સઅપ તરીકે ડી.આર.પટેલ એન્ડ આર.બી.પટેલ કોમર્સ કૉલેજ એન્ડ નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ મૅનેજમૅન્ટ ભરથાણા, સુરત રહી હતી. સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્યના

માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા અને ડૉ. હેતલ ઢીમ્મર દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

## જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ કૉલેજમાં રક્તદાન કેન્દ્ર દ્વારા સન્માનિત કરવામાં આવી



સુરત રક્તદાન કેન્દ્ર અને રીસર્ચ સેન્ટર તરફથી 'હાઈએસ્ટ બ્લડ કલેકશન એવોડ' ૨૦૨૫–૨૬ દરમિયાન વધુમાં વધુ સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરનાર સંસ્થાઓનું તા. ૨૮/૦૯/૨૦૨૫ રવિવારના રોજ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીને'હાઈએસ્ટ બ્લડ કલેકશન એવોર્ડ ઇન કૉલેજ' ૨૦૨૫–૨૬નો ટ્રોફી સુરત પોલીસ કમિશ્નર શ્રી અનુપમસિંહ ગેહલોત તેમજ કે.પી.ગ્રુપનાં ચેરમેન ફારુખભાઈ પટેલ હસ્તે સન્માન/પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ટ્રોફી જીવન જ્યોત ટ્રસ્ટના માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ આર. ગોયાણી દ્વારા સ્વીકારવામાં આવેલ છે. જ્યારે એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રા. જ્યોતિકાબેન ટેલર કૉલેજના અધ્યાપકો અને એન.એસ.એસ. સ્વયંમ સેવકો હાજર રહ્યા હતા. આ પ્રસંગ નિમિત્તે સતત ૨૦ વર્ષથી ટ્રોફી/પુરસ્કૃત મળવા બદલ આચાર્યશ્રીએ તમામ રકતદાતાનો આભાર વ્યકત કર્યો હતો.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં શિક્ષક દિવસની ઉજવણી




બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં એન.એસ.એસ. યુનિટ દ્વારા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે તા. ૦૪/૦૯/૨૦૨૫ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના લગભગ ૩૨ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષયના શિક્ષક તરીકેની ભૂમિકા નિભાવવામાં આવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલ એસ.વસાવાના નેતૃત્વ હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાવેશ પચ્ચીગર તેમજ પ્રા. પૂજા વાઘેલા અને ડૉ. હિતેશ શર્મા દ્વારા સમગ્ર કાર્યક્રમમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો શેર કર્યા હતા. દરેક વિદ્યાર્થીઓને નાનકડી ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ ખૂબ સારી રીતે સંપન્ન થયો હતો.

## બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં નેશનલ ટાસ્ક ફોર્સ અંતર્ગત આત્મહત્યા નિવારણ જાગૃતિ દિવસની ઉજવણી



ઉચ્ચ શિક્ષણ કમિશનર ગાંધીનગર તેમજ ભારતના શિક્ષણ મંત્રાલય દ્વારા વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોના નિરાકરણ તેમજ આત્મહત્યાને અટકાવવા માટે નેશનલ ટાસ્ક ફોર્સ અંતર્ગત તેમજ કૉલેજની એન્ટી રેગિંગ સેલ, જાતિ ભેદભાવ સેલ, ફરિયાદ નિવારણ સેલ અને સાયકોલોજી સેલ અંતર્ગત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. રેણુકા સોલંકી ટંડેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વક્તવ્ય દરમિયાન આત્મહત્યા થવા પાછળનાં વિવિધ કારણો વિશે વિગતવાર ચર્ચા કરી હતી. સાથે સાથે વિદ્યાર્થી મિત્રો જ્યારે આવા વિચારોનો સામનો કરે ત્યારે કયા પગલાં લઈ શકે તે અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં તેમણે આશરે ૧૦ મિનિટ સુધી વિદ્યાર્થીઓ સાથે સીધી ચર્ચા કરી અને તેમની મુંઝવણસભર પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપ્યા હતા. ઇ.ચા.આચાર્ય ડૉ.સોનલ એસ. વસાવાએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક તથા પુષ્પ અને મૉમેન્ટો આપી મહેમાનોને આવકાર્યા હતા. એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર પૂજા વાઘેલા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું તથા નેશનલ ટાસ્ક ફોર્સના કો–ઓર્ડિનેટર ડૉ. ભાવેશ પચ્ચીગર આભાર વિધિ કરી હતી અને આ કાર્યક્રમ ખૂબ સારી રીતે સંપન્ન થયો હતો. ઉચ્ચ શિક્ષ

કમિશનર ગાંધીનગર તેમજ ભારતના શિક્ષણ મંત્રાલય દ્વારા વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોના નિરાકરણ તેમજ આત્મહત્યાને અટકાવવા માટે નેશનલ ટાસ્ક ફોર્સ અંતર્ગત તેમજ કૉલેજની એન્ટી રેગિંગ સેલ, જાતિ ભેદભાવ સેલ, ફરિયાદ નિવારણ સેલ અને સાયકોલોજી સેલ અંતર્ગત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. રેણુકા સોલંકી ટંડેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વકતવ્ય દરમિયાન આત્મહત્યા થવા પાછળના વિવિધ કારણો વિશે વિગતવાર ચર્ચા કરી હતી. સાથે સાથે વિદ્યાર્થી મિત્રો જ્યારે આવા વિચારોનો સામનો કરે ત્યારે કયા પગલાં લઈ શકે તે અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં તેમણે આશરે ૧૦ મિનિટ સુધી વિદ્યાર્થીઓ સાથે સીધી ચર્ચા કરી અને તેમની મુંજવણસભર પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપ્યા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલ એસ.વસાવાએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક તથા પુષ્પ અને મોમેન્ટો આપી મહેમાનોને આવકાર્ય હતા. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર પૂજા વાઘેલા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું તથા નેશનલ ટાસ્ક ફોર્સના કૉ–ઓર્ડિનેટર ડૉ. ભાવેશ પચ્ચીગર આભારવિધિ કરી હતી અને આ કાર્યક્રમ ખૂબ સારી રીતે સંપન્ન થયો હતો.

## નવરાત્રી પર્વની ઉજવણી




બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં કૉલેજની સંસ્કૃતિક કમિટીનાં ઉપક્રમે કુંદન બા હોલમાં નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ ગરબે ઘુમીને મા શક્તિની અરાધના કરી હતી. આ સાથે બેસ્ટ ડ્રેસ તેમજ બેસ્ટ એક્શન સ્પર્ધા યોજાયેલ જેમાં કૉલેજના શ્રી ચિરાગ કશ્યપ તેમજ શ્રી બંસરીબેન દેસાઈએ નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી વિજેતાઓને ઇનામ દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બેસ્ટ ડ્રેસ સ્પર્ધામાં ભાઈઓમાં પ્રથમ વિજેતા પટેલ વિવેક (ટી.વાય.બી.કોમ.) અને ઉપવિજેતા પટેલ તનેસ (એફ.વાય.બી.કોમ) રહ્યા હતા. તેમજ બહેનોમાં બેસ્ટ ડ્રેસ સ્પર્ધામાં પ્રથમ વિજેતા પટેલ મેઘના (ટી.વાય.બી.કોમ.) અને ઉપવિજેતા પટેલ રિયા (ટી.વાય. બી.કોમ.) રહ્યા હતા. આ ઉપરાંત બેસ્ટ એક્શન સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. જેમાં ભાઈઓમાં પ્રથમ વિજેતા પટેલ સંવેદ (ટી.વાય.બી.કોમ.) અને ઉપવિજેતા રાઠોડ મોહિક (એસ.વાય.બી.કોમ) તેમજ બહેનોમાં બેસ્ટ એક્શન સ્પર્ધામાં પ્રથમ વિજેતા સોલંકી ક્રિષ્ના (એસ.વાય.બી.કોમ.) અને ઉપવિજેતા પટેલ ધ્રુવી (ટી.વાય.બી.કોમ. ઈંગ્લીશ મીડિયમ) રહ્યા હતા. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક કમિટીના કન્વીનર પ્રા. વર્ષાબેન રાણા, ડૉ. ભાવેશ પચ્ચીગર, ડૉ. પૂજા વાઘેલા, પ્રા. હરમિતસિંગ સરદાર તેમજ કૉલેજના સમગ્ર સ્ટાફ સભ્યોના સહકારથી થયેલ હતું.

## ઉદિશા અંતર્ગત કારકિર્દી માર્ગદર્શન અંગે કાર્યક્રમ યોજાયો




તા. ૩૦ સપ્ટેમ્બરે બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં ઇ.ચા.આચાર્ય ડૉ. સોનલબેન વસાવાના નેતૃત્વ હેઠળ ઉદિશા અંતર્ગત કારકિર્દી માર્ગદર્શન અંગે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આઈ બી એમ સંસ્થાના સહયોગથી પ્રથમ ઇન્ફોટેક ફાઉન્ડેશનના શ્રી હિતેશભાઈ ચૌધરી, શ્રી મિતેશભાઈ થોરાટ અને શ્રી હર્ષદભાઈ જાદવે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને બાયોડેટા અંગે ઇન્ટરવ્યૂના વર્તણુક અંગે તેમજ અન્ય જરૂરી કૌશલ્યનો વિકાસ કરીને સફળતા કેમ મેળવી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત આવા કાર્યક્રમ ભવિષ્યમાં યોજવા અંગે બંને સંસ્થા વચ્ચે જરૂરી એમઓયુ કરાયા હતા. સમગ્ર કાર્યક્રમ કારકિર્દી માર્ગદર્શન કમિટીના કન્વીનર પ્રા. વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ ડૉ. ભાવેશ પચ્ચીગર દ્વારા સફળતાપૂર્વક યોજાયેલ હતો.

## विश्व हिंदी दिन पर निबंध प्रतियोगिता का आयोजन



बिलिमोरा विभाग केणवनी मंडल संचालित ए. वी. पटेल कॉमर्स कॉलेज में विश्व हिंदी दिन पर निबंध प्रतियोगिता का आयोजन कॉलेज के कार्यकारी आचार्यश्री डॉ. सोनालबेन वसावा के मार्गदर्शन ओर प्रेरणा के अंतर्गत किया गया था । इस प्रतियोगिता में

बड़ी संख्या में हिस्सा लेकर छात्रों ने इस प्रतियोगिता को सफल बनाया था । सभी छात्रों ने हिंदी भाषा का महत्त्व, हिंदी भाषा का अन्य भाषा के साथ संबंध, और आर्टिफिशियल इंटेलिजेंस और हिंदी भाषा का भविष्य जैसे भिन्न-भिन्न विषयों पर प्रतियोगी छात्र में अपने विचार प्रदर्शित किए थे । इस कार्यक्रम का पूरा व्यवस्थापन प्रा. हरमीतसिंग सरदारने किया था । इस कार्यक्रम में निर्णयकर्ता की अहम भूमिका प्रा. दीपिकाबेन लाड और प्रा. शीतलबेन टंडेल ने बजाई थी । इस प्रतियोगिता के प्रथम विजेता नायक राज, द्वितीय विजेता विश्वकर्मा काजल, और तृतीय विजेता तादे हेमंत और कुमावत उषा रहे थे । इस कार्यक्रम के अंत पर आभार विधि डॉ. भावेशभाई पच्चीगर ने की थी। सभी के सहयोग और प्रेरणा के आधार पर यह प्रतियोगिता संपन्न हुई॥

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### નવયુગ કોમર્સ કૉલેજની બહેનો બોક્ષિંગ સ્પર્ધામાં ઝળકયા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આંતર કૉલેજ બોક્ષિંગ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. (૧) કું. સાલેહા મો. તબરેઝ અંસારી ૪૮ કિગ્રા ગ્રુપમાં તૃતીય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો (૨) કુ. અલિના મો.અસિફ મલેક ૫૦ કિગ્રા ગ્રુપમાં દ્વિતીય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો (૩) કુ. આલિયા સલીમ અહેમદ અંસારી ૭૫ કિગ્રા ગ્રુપમાં દ્વિતીય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. તેમજ ભાઈઓની સ્પર્ધામાં આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના આસી. પ્રો. સી.કે.અસારિયા, પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

### નવયુગ કૉલેજના ભાઈઓ બોક્ષિંગ સ્પર્ધામાં ઝળકયા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આંતર કૉલેજ બોક્ષિંગ સ્પર્ધા એસ.ડી.જૈન કૉલેજ આયોજિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં યોજાય હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં (૧) શ્રી.કાર્તિકકુમાર પ્રવિંનભાઈ ભિટોરા ૭૦ કિગ્રા ગ્રુપમાં તૃતીય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો (૨) શ્રી. જય ઉમેશભાઈ બારિયા ૭૫ કિગ્રા ગ્રુપમાં તૃતીય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના આસી. પ્રો. સી.કે.અસારિયા, પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.



### વિકાસ સપ્તાહ ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત સમાનુભૂતિ-આત્મવિશ્વાસ-સકારાત્મકતા વિષય પર વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ વર્કશોપ



સુરત સ્થિત નવયુગ કોમર્સ કૉલેજ- એન.એસ.એસ. યુનિટ દ્વારા ૧૧ સપ્ટેમ્બર,૨૦૨૫ના રોજ વિકાસ સપ્તાહ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત કૉલેજના સેન્ટ્રલ હોલમાં "Mental Health Awareness" વિષય પર સુંદર વર્કશોપ યોજાયો. આ પ્રસંગે JC ડૉ. બિંદુ શાહે વિદ્યાર્થીઓને તણાવમુક્ત જીવન માટે સકારાત્મક વિચાર, આત્મવિશ્વાસ, સહાનુભૂતિ અને ધૈર્ય જેવા મુદ્દાઓ પર પ્રેરક માર્ગદર્શન આપ્યું. તેમણે વિદ્યાર્થીઓને બીજાને જજ કરવા અને લેબલિંગ કરવાનું બંધ કરવા તેમજ કોન્ફિડન્સ અને સમાનુભૂતિ રાખવી, ક્યારે જીવનમાં હાર ન માનવી વગેરે બાબતો ઉદાહરણ આપીને સુંદર રીતે સમજાવ્યા હતા તેમણે આત્મવિશ્વાસ વધારવા માટે કેટલાક પ્રેરણાદાયક પુસ્તકો વિશે પણ માહિતી આપી હતી આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ જીવન પ્રત્યે નવી દૃષ્ટિ અપનાવવાનો સંકલ્પ કર્યો હતો. આજના સમયમાં યુવાઓમાં વધતી માનસિક તણાવ અને આત્મહત્યા જેવી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને આ વર્કશોપનું ખૂબ જ અગત્યાનો સાબિત થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિન્સિપાલ ડૉ. વિનોદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા, ડૉ. રૂપેશ દવે તથા ડૉ. ધરિત નાયક દ્વારા કરવામાં આવ્યું હતું.

## કૉલેજની વિદ્યાર્થીની જીમ્નાસ્ટીકસ સ્પર્ધામાં સિદ્ધિ




એરોબિક જીમ્નાસ્ટીકસ નેશનલ લેવલ સ્પર્ધાનું આયોજન કોચી એર્નાકુલમ કેરલા મુકામે યોજાઈ હતી. જેમાં નવયુગ કોમર્સ કૉલેજની ખેલાડી કુ. વિશ્વા ભદ્રેશભાઈ પટેલ આ સ્પર્ધામાં ભાગ લઈ એરોબિક જીમ્નાસ્ટીકસ મિકસ પેરમાં તૃતીય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. તેમજ આ ખેલાડીએ આંતર કૉલેજ રિધમિક જીમ્નાસ્ટીકસ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ ગુજરાત સ્ટેટ લેવલે એરોબિક વ્યકિતગતમાં સિલ્વર મેડલ, મિકસપેરમાં ગોલ્ડ મેડલ અને ટ્રાયોમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ ખેલાડીને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના પ્રા. છગનભાઈ કે. અસારિયાલ પ્રા.ડૉ. બ્રિજેશભાઈ એસ.પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

## કૉલેજની વિદ્યાર્થીનીઓ બેડમિન્ટન સ્પર્ધામાં ઝળકયા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ બેડિમન્ટન સ્પર્ધા નર્મદા કૉલેજ ઓફ કોમર્સ ભરૂચમાં યોજાય હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં (૧) કું. હેતસ્વી હરીશકુમાર સારિયા (૨) કું. હિમાની સંજયભાઈ મિશ્રા (૩) કું. અકુશા મગજીભાઈ લાડુમોર આ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી સમગ્ર યુનિવર્સિટીમાં નવયુગ કોમર્સ કૉલેજ તૃતીય ક્રમે આવી હતી. તેમજ કુ. હેતસ્વી હરીશકુમાર સારિયા ઉત્કુષ્ટ દેખાવ કરી ઓલ ઈન્ડિયા ઇન્ટર યુનિવર્સિટીની બેડમિન્ટન ટીમમાં પસંદગી પામે વેસ્ટ ઝોન એન.આર.ટી. યુનિવર્સિટી આંધ્રપ્રદેશ મુકામે રમવા જશે. આ ખેલાડી સતત ત્રણ વખત ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટીમાં રમી ચૂકી છે. આ ખેલાડીઓને આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, શારિરીક શિક્ષણના આસી.પ્રો. સી.કે.અસારિયા, પ્રો. ડૉ. બ્રિજેશભાઈ પટેલ તેમજ કૉલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા.

## નવયુગ કોમર્સ કૉલેજ જુડો સ્પર્ધામાં સમગ્ર યુનિવર્સિટીમાં રનર્સઅપ બની



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ જુડો બહેનોની સ્પર્ધા નવયુગ સાયન્સ કૉલેજમાં યોજાય હતી આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કૉલેજની ખેલાડી કુ. કૃપા સંજયભાઈ રાવલએ પર કિગ્રા. ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. આ સાથે સમગ્ર યુનિવર્સિટી રનર્સઅપ બની નવયુગ કોમર્સ કૉલેજનું ગૌરવ વધાર્યુ. કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ, જીમખાના વિભાગના અધ્યક્ષ શ્રી ડૉ. બ્રિજેશ પટેલ, શારીરિક શિક્ષણના પ્રા.સી.કે.અસારિયા તેમજ સમગ્ર કૉલેજ પરિવારે આ ખેલાડીને અભિનંદન પાઠવ્યા.

## નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓ કરાટે સ્પર્ધામાં ઝળકયા




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ કરાટે સ્પર્ધા યુનિવર્સિટી ખાતે યોજાય હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં (૧) શ્રી. દેવર્ષિ જગદિશભાઈ ત્રિપાઠીએ ૮૪ કિગ્રામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. (૨) શ્રી નીલ નવિનભાઈ પ્રજાપતિએ ૭૫ કિગ્રા ગ્રૂપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી સમગ્ર યુનિવર્સિટીમાં નવયુગ કોમર્સ કૉલેજનું ગૌરવ વધાર્યુ. આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારિરિક શિક્ષણના આસી. પ્રો.સી.કે.અસારિયા, પ્રો.ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

## નવયુગ આર્ટ્સ કૉલેજ, સુરત.

### નવયુગ આર્ટસ કૉલેજનું ગૌરવ

નવયુગ આર્ટ્સ કૉલેજ, સુરતમાં બી.એ. સેમેસ્ટર–૩ના વિદ્યાર્થી શ્રી માળી વરુણે ગુજરાત રાજ્ય જુનિયર એથ્લેટીક્સ મીટ–૨૦૨૫ અંતર્ગત તા. ૦૪ અને ૦૫–૦૯–૨૦૨૫ના રોજ નડિયાદ મુકામે યોજાયેલી ૩૬મી વેસ્ટઝોન જુનિયર એથ્લેટીક્સ ચેમ્પીયનશીપમાં લાંબી કૂદમાં ભાગ લઈ ૬.૫૫ મીટર લંબાઈનો કૂદકો મારી બીજો ક્રમ પ્રાપ્ત કરી, સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ ખેલાડી ૧૮ થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ શિવપુરી, મધ્યપ્રદેશ મુકામે યોજાનારી જુનિયર એથ્લેટીક્સ સ્પર્ધામાં પસંદગી પામી ભાગ લેનાર છે. આ રીતે શ્રી માળી વરુણે નવયુગ આર્ટ્સ કૉલેજનું ગૌરવ વધાર્યુ છે. આ ખેલાડીને નવયુગ આર્ટ્સ કૉલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. ચેતન મોદી, શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક ડૉ. સુનિતાબેન વારલી તથા શૈક્ષણિક સ્ટાફના સૌ અધ્યાપકોએ અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારામાં સેમિનારનું આયોજન



સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારામાં તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય સંશાધન વ્યકિત તરીકે ડૉ. સુભાષ સિંહ (Hom), Ph.D. (Hom.) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે 'એલેન્સ મેરીટિયા મેડિકા કેવી રીતે અભ્યાસ કરવી, ખાસ કરીને'એલનની કી નોટસ્' તથા 'ઑગેનન ઑફ મેડિસિનનો પ્રાયોગિક ઉપયોગ' વિષય પર વ્યાખ્યાન આપ્યું.

કાર્યક્રમનું સંચાલન જીલ ત્રિવેદી (4th BHMS વિદ્યાર્થી) દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનનું સ્વાગત કૉલેજ તરફથી ડૉ. જયોતિ રાવ તથા ડૉ. ભવિન મોદી, HMAI વ્યારા યુનિટ તરફથી ડૉ. તુષાર ધીમર (સચિવ) અને ડૉ. ભૂમિકા ચૌધરી (ખજાનચી) તેમજ સેમિનાર કમિટી તરફથી ડૉ. અમિત રાય શાહ અને ડૉ. વૈશાલી ચૌધરી દ્વારા ગુલદાસ્તા આપી કરવામાં આવ્યું. ઉપરાંત ડૉ. ભાવિન મોદીએ શાલ અને નાળિયેર અર્પણ કરી સન્માનિત કર્યા. ત્યારબાદ વકતાનું ઔપચારિક પરિચય પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિરાવ દ્વારા આપવામાં આવ્યું.

ડૉ સુભાષ સિંહે એલનની કી નોટ્સનો ઇતિહાસ, તેને કેવી રીતે વાંચવી તથા ઑર્ગેનન ઑફ મેડિસિનનો પ્રાયોગિક ઉપયોગ અંગે વિશદ તથા માર્ગદર્શક વ્યાખ્યાન આપ્યુ, જેને વિદ્યાર્થીઓએ ખૂબ જ પ્રશંસા કરી. અંતે યોજાયેલ પ્રશ્નોતરી સત્ર દ્વારા વિદ્યાર્થીઓને વધારે સ્પષ્ટતા મળી. વકતાને કૉલેજ તરફથી ૨૫મી વર્ષગાંઠનો ટ્રોફી તથા પ્રમાણપત્ર ડૉ. જયોતિરાવએ આપ્યું. HMAI વ્યારા યુનિટ તરફથી ડૉ. પંકજ લાઠિયા તથા ડૉ. સ્વપ્નિલ ખેંગરે સ્મૃતિભેટ આપી. સેમિનારનો સમાપન ડૉ.એ.કે.શાહ દ્વારા આભારવિધિ અને રાષ્ટ્રગીત સાથે કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થયો અને તેમણે મેરીટિયા મેડિકા તથા ઑર્ગેનન ઓફ મેડિસિનને વધુ ઊંડાણપૂર્વક અને પ્રાયોગિક રીતે અભ્યાસ કરવાની પ્રેરણા મેળવી.

### શિક્ષક દિવસની ઉજવણી



તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારામાં શિક્ષક દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક યોજાઈ હતી. આ કાર્યક્રમનું આયોજન ચોથા વર્ષ બીએચએમએસના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકો પ્રત્યે તેમના અમૂલ્ય માર્ગદર્શન અને તેમના જીવનને ઘડવામાં યોગદાન બદલ કૃતજ્ઞતા અને પ્રશંસા વ્યકત કરવા માટે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત ચોથા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા વર્ગો ચલાવવાથી થઈ હતી. જેઓ તે દિવસ માટે શિક્ષકો હતા, દરેક સંબંધિત બેચમાં, ત્યારબાદ મા સરસ્વતી, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન અને માસ્ટર હેનેમને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થી પ્રતિનિધિઓ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રિન્સિપાલ ડૉ. ભાવિન સર વતી એક ભાષણ આપ્યું હતું, જે પછી તે દિવસના શિક્ષકો હતા તેવા વિદ્યાર્થીઓ દ્વારા ભાષણ આપવામાં આવ્યું હતું. વકતવ્ય બાદ આજની સ્પર્ધાના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી જે નીચે મુજબ છે.

પ્રથમ વર્ષ BHMSમાં પ્રથમ ક્રમે ધિનૈયા અપેક્ષા ભરતભાઈ અને દ્વિતીય ક્રમે રાજપુરોહિત મમતા જોઈતારામ વિજેતા જાહેર થયા હતા. દ્વિતિય વર્ષ BHMSમાં પ્રથમ ક્રમે પંડીદાર સ્નેહા રમેશ અને દ્વિતીય ક્રમે ઘેવરિયા કૌશલ ભરતભાઈ વિજેતા જાહેર થયા હતા. ચોથા વર્ષ BHMSમાં

પ્રથમ ક્રમે ટીબડિયા દેવાંગી દલસુખભાઈ અને દ્વિતીય ક્રમે કલસરિયા વિશાલ મહેન્દ્રભાઈ વિજેતા જાહેર થયા હતા.

નિર્ણાયકોને સ્ટેજ પર આમંત્રિત કરવામાં આવ્યા હતા. અને ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા અને આજની સ્પર્ધા માટેની તેમના અનુભવો શેર કરવા માટે કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રવૃત્તિ સમિતિના સભ્યો દ્વારા દિવસના શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શિક્ષકોને સ્ટેજપર આમંત્રિત કરવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓ તરફથી ફૂલો, સ્મૃતિચિહ્ન અને હૃદયપૂર્વકની શુભેચ્છાઓથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર વાતાવરણ આનંદ, આદર અને કૃતજ્ઞતાથી ભરાઈ ગયું હતું. આ કાર્યક્રમનું સંચાલન ચોથા વર્ષના વિદ્યાર્થી જીલ ત્રિવેદીએ કર્યું હતું. કાર્યક્રમનું સમાપન જીલ ત્રિવેદીએ આભારવિધિ સાથે કર્યું હતું. જેમાં તમામ શિક્ષકોને તેમના સમર્પણ અને નિઃસ્વાર્થ સેવા બદલ પ્રશંસા વ્યક્ત કરવામાં આવી હતી. આ ઉજવણી ખરેખર શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના મજબૂત બંધનને પ્રતિબિંબિત કરે છે અને દરેક માટે એક યાદગાર દિવસ હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન પ્રવૃત્તિ સમિતિ અને ડૉ. ધ્રુણી બિરારીની આગેવાની હેઠળની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## Silent Wind to Serene Skies: Homoeopathic Insights in Restoring the Symphony of Respiratory Affections



સી.એન કોઠારી હોમિયોપેથીક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા ખાતે તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. હિતાર્થ મહેતા (હોમ.), પી.એચ.ડી. (હોમ.)એ "Silent Wind to Serene Skies: Homoeopathic Insights in Restoring the Symphony of Respiratory Affections" વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. આ સેમિનારમાં ત્રીજા અને ચોથા વર્ષના વિદ્યાર્થીઓ, શિક્ષણમંડળ તથા એચ.એમ.આઈ. વ્યારા યુનિટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ચોથા વર્ષના વિદ્યાર્થીની કુમારી નિલ ત્રિવેદીએ કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં વકતાને બુકે આપીને આવકારવામાં આવ્યા હતા, જેમાં કૉલેજ તરફથી ડૉ. જ્યોતિ રાવ, એચ.એમ.આઈ.વ્યારા યુનિટ તરફથી ડૉ. ભૂમિકા ચૌધરી (ખજાનચી), તથા સેમિનાર કમિટી તરફથી ડૉ. વૈશાલી ચૌધરીએ સન્માન આપ્યું હતું. બાદમાં પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિરાવ દ્વારા વકતાનો પરિચય આપ્યો હતો. ડૉ. હિતાર્થ મહેતાએ પોતાના વ્યાખ્યાનમાં હોમિયોપેથીના મૂળભૂત સિદ્ધાંતો, રેસ્પિરેટરી અફેકશનના કેસમાં હિસ્ટ્રી ટેકિંગ અને લક્ષણવિજ્ઞાનનું મહત્ત્વ તથા શ્વસન તંત્રના રોગોમાં હોમિયોપેથીક અભિગમ અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું, જેને વિદ્યાર્થીઓએ ખુબ જ પ્રશંસા કરી. સેમિનાર દરમિયાન થયેલા પ્રશ્નોતરી સત્રે શૈક્ષણિક વાતાવરણને વધુ સમૃદ્ધ બનાવ્યું હતું. વકતાને કૉલેજ તરફથી ૨૫મી વર્ષગાંઠની ટ્રોફી, સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્ર વડે ડૉ. જ્યોતિરાવ દ્વારા તથા એચ.એમ.એ.આઈ.વ્યારા યુનિટ તરફથી ડૉ. તુષાર ધીમ્મર દ્વારા સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનો સમાપન ડૉ. શ્રદ્ધા ઢોળીયા દ્વારા આભારવિધિ સાથે કરવામાં આવ્યો હતો અને અંતે રાષ્ટ્રગાન સાથે સેમિનાર પૂર્ણ થયો હતો.

## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### 'Climate Change and Sustainable Life Styles for Environment' કાર્યક્રમ



શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રે છેલ્લા ૮૦ વર્ષથી પણ વધુ સમયથી કાર્યરત એવી નવસારીની સુપ્રસિદ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજમાં એન.એસ.એસ. અને આઈ.કયુ.એ સેલના સંયુકત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબની પ્રેરણા અને માર્ગદર્શનથી તા. ૦૩/૦૯/૨૦૨૫ના રોજ 'દાન અભિયાન'નો આરંભ અને'Climate Change and Sustainable Life Styles for Environment' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના હસ્તે 'દાન અભિયાનનો' આરંભ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ પ્રાસંગિક ઉદ્દબોધનમાં જીવનમાં સારા કર્મ કરતાભ રહેવાની અને દાનના પ્રેરણાત્મક ઉદાહરણ પૂરા પાડી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રોગ્રામ ઑફિસર શ્રીમતી હેતલબેન નાયકે પર્યાવરણ અને સુરક્ષા માટે વિદ્યાર્થીઓ પાસે પ્રતિજ્ઞા લેવડાવી હતી. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાધાબેન ગૌતમે આબોહવા પરિવર્તન અને પર્યાવરણ માટે ટકાઉજીવનશૈલી" વિષય પર વિદ્યાર્થી સમક્ષ વ્યકત્વય રજૂ કર્યું હતું. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રીના વરદ હસ્તે પ્રતિકરૂપે ૫ જેટલા વિદ્યાર્થીઓને વૃક્ષનું વિતરણ કરવામાં આવ્યું હતું. કૉલેજના

ઉપાચાર્યશ્રી ડૉ.હિતેશભાઈ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં એન.એસ.એસ.ના ૧૨૮ જેટલા વિદ્યાર્થીઓએ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું એન.એસ.એસ.ના ૧૨૮ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર શ્રી કિશોરભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રક્તદાન શિબિર



છેલ્લા ૮૦ વર્ષથી શિક્ષણ અને સંસ્કાર સાથે માનવ સેવાની વિવિધ પ્રવૃત્તિઓ કરતી એવી એસ.બી.ગાર્ડા, નવસારીમાં રાષ્ટ્રીય સેવા યોજના, એન.સી.સી., જીમખાના સમિતિ, આઈ.ક્યુ.એ.સેલ અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી નવસારીનાં સંયુક્ત ઉપક્રમે તા. ૦૪/૦૯/૨૦૨૫ના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ 'રક્તદાન શિબિર' યોજાયો હતો. આ કાર્યક્રમ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે તથા ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ સાહેબ રેડક્રોસના સ્ટાફનું પુષ્પગુચ્છથી અભિવાદન કરી રક્તદાન કરનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કેમ્પને રેડક્રોસ સોસાયટી, નવસારીના ચેરમેનશ્રી તૃષારકાંત દેસાઈ સાહેબે શુભેચ્છા પાઠવી હતી તેમજ માનદમંત્રીશ્રી ડૉ. ધર્મેશભાઈ કાપડિયા તથા કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક તથા એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર શ્રી જશુભાઈ નાયકે આ કેમ્પની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ રક્તદાન કેમ્પમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી કુલ ૬૬ યુનિટ રક્ત એકત્ર કર્યું હતું. કૉલેજે તમામ રકતદાતાઓને સ્મૃતિભેટ આપી નવાજ્યા હતા. આ કેમ્પમાં ૩૧ જેટલો એન.એસ.એસ ના સ્વયંસેવકોએ ઉત્સાહભર સેવા આપી હતી તેમજ એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરો, એન.સી.સી. ઓફિસર તથા જીમખાના સમિતિના ચેરમેનના અથાક પ્રયત્નોથસ સફળ રહ્યો હતો. આ કાર્યક્રમને સમગ્ર ગાર્ડા પરિવાર તથા ગાર્ડા ટ્રસ્ટે રક્તદાતાઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

## 'માતૃભાષાનું મહત્ત્વ' વિષય પર વ્યાખ્યાન યોજાયું

સંસ્કાર સિંચન અને માનવીય મૂલ્યોના આદર્શોને ઉજાગર કરતી તેમજ સમગ્ર જીલ્લામાં આર્ટ્સ અને કોમર્સ વિષયમાં ઉચ્ચ શિક્ષણ અને જીવન ઘડતર માટે ખ્યાતનામ સંસ્થા એસ.બી.ગાર્ડા આટર્સ એન્ડ પી.કે. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારીમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન હેઠળ કૉલેજમાં આઈ.ક્યુ.એ.સેલ દ્વારા તા. ૦૮/૦૯/૨૦૨૫ના રોજ 'માતૃભાષાનું મહત્વ' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જંબુસર કૉલેજના અધ્યાપક ડૉ. મહેન્દ્ર આર. પટેલ પધાર્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત કુ. શ્રુતિ બોડા અને કુ. ડીનલ આર્યની પ્રાર્થના દ્વારા થઈ હતી. પ્રાર્થનાના પવિત્ર સૂરમાં રંગાઈ ગયા બાદ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે પ્રાસંગિક ઉદબોધનમાં 'મા–માતૃભાષા–માતૃભૂમિ' સંસ્કાર ઘડતરમાં અમૂલ્ય રીતે જોડાયો છે. એની સદ્દૃષ્ટાંત સમજ વિદ્યાર્થીઓને આપી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રી ડૉ. મહેન્દ્ર આર. પટેલનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે કર્યું હતું. ડૉ. મહેન્દ્ર આર. પટેલે એમના વ્યાખ્યાનમાં ગુણવંત શાહ, ઉમાશંકર જોશી ઇત્યાદિના ઉદાહરણો રજૂ કરી માતૃભાષાનું મહત્ત્વ સ્પષ્ટ કરી રસપ્રદ ઉદાહરણો આપ્યા હતા. વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ ફળદ્રુપ અને પ્રેરણાદાયી રહ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ સાહેબ, ગુજરાતી વિભાગના અધ્યક્ષા શ્રીમતી હેતલબેન નાયક, ડૉ. આશાબેન પટેલ, ઍડહોક અધ્યાપિકા તેજલ ચાંપાનેરી તેમજ અન્ય અધ્યાપકોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઍડહોક અધ્યાપિકા ડૉ. ઉર્વિકા પટેલે કર્યું હતું અને આભાર દર્શન એડહોક અધ્યાપિકા કુ. ફાએઝા માંકડાએ કર્યું હતું.



## 'ઇતિહાસના અભ્યાસ અને સંશોધનમાં AIની ભૂમિકા' વિષય પર વ્યાખ્યાન



નવસારીની સુપ્રસિદ્ધ એવી ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન હેઠળ આઈ.કયુ.એ.સેલ અને ઈતિહાસ વિભાગના સંયુકત ઉપક્રમે તા. ૦૪/૦૯/૨૦૨૫ના રોજ 'ઇતિહાસના અભ્યાસ અને સંશોધનમાં AIની ભૂમિકા' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીની દક્ષાબેન પ્રજાપતિ અને કૃતિ ટંડેલની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા શુભેચ્છા પાઠવી હતી. ઇતિહાસ વિભાગના અધ્યક્ષ શ્રી અંબુભાઈ પટેલે વક્તાશ્રી ડૉ. ગિરીશ વાઘેલા સાહેબનો પરિચય આપ્યો હતો. મુખ્ય વક્તાશ્રી ડૉ. ગિરીશ વાઘેલા સાહેબનું ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે બુકે સ્મૃતિભેટ આપી સન્માન કર્યું હતું. ડૉ. ગિરીશ વાઘેલા સાહેબે "ઇતિહાસના અભ્યાસ અને સંશોધનમાં AIની ભૂમિકા" વિષય પર ખૂબ જ વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમની આભારવિધિ શ્રી નયનકુમાર ગુજ્જાએ કરી હતી તેમજ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી કિર્તીબેન પટેલે કર્યું હતું. આ કાર્યક્રમની સફળતા બદલ ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## Communication Skills અંતર્ગત વર્કશોપનું આયોજન



નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી ડિપાર્ટમેન્ટ તથા આઈ.કયુ. એ.સેલના સંયુકત ઉપક્રમે તા. ૦૯/૦૯/૨૦૨૫ના રોજ 'Speak Smart: Campus To Career Communication Workshop'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત કૉલેજની વિદ્યાર્થીની કુ. સંગીતા રાજભરની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આજના યુવાનો માટે Communication Skillsનું મહત્ત્વ અને તેની ઉપયોગિતા વિશે વાત કરી તથા આ સ્કીલ વિદ્યાર્થીઓને પોતાના કરિયર માટે કેટલી ઉપયોગી થશે. તેની માહિતી આપી વિદ્યાર્થીઓને નવુ શીખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના અતિથિ વિશેષશ્રી ડૉ. ધર્મેશ શેઠ દ્વારા Communication Skills શું છે? તેમજ તેને અસરકારક ઉચ્ચારો દ્વારા કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય તેનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ સાહેબ, અંગ્રેજી વિભાગના અધ્યક્ષા એસોસીએટ પ્રોફેસર ડૉ. રાધા ગૌતમ, એસોસીએટ પ્રોફેસર ડૉ. નેહા હરિયાણી, ઍડહોક અધ્યાપિકા કુ. એસા રાઠોડ અને એડહોક અધ્યાપિકા કુ. વૃષ્ટિ પટેલ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. અંતે વિદ્યાર્થીઓ દ્વારા પોતાના પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એસ.વાય. બી.એ.ની વિદ્યાર્થીની કુ. ગઝાલા હિંગોરા તથા આભારવિધિ ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થી સાદિક બેહલીમે કરી હતી.

## શિક્ષક દિન સમારોહ યોજવામાં આવ્યો

'વિદ્યાર્થીના સાચા માર્ગદર્શક બની, માનવ ઘડતર દ્વારા સમાજ ઘડતર કરનાર જ સાચો શિક્ષક.' – ડૉ. ધર્મવીર ગુર્જર



એસ.બી.ગાર્ડા કૉલેજ ગત આઠ દાયકાથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણના પર્યાય તરીકે ખ્યાતનામી છે. આ કૉલેજના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા તા. ૦૩/૦૯/૨૦૨૫ના રોજ શિક્ષક દિન સમારોહની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંસ્કાર સાથેની કેળવણીના આગ્રહી, વિધાયક અભિગમ દ્વારા કુશળ નેતૃત્વ પૂરું પાડનાર ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સંપન્ન થયો. કાર્યક્રમની શરૂઆત બી.એ.સેમ.–૫ની વિદ્યાર્થીની આનંદિતા નાયકની પ્રાર્થનાથી કરવામાં આવી. કાર્યક્રમની ભૂમિકા સમજ ડૉ. અશ્વિન શર્માએ આપી. ત્યારબાદ શિક્ષકદિન નિમિત્તે પ્રિયાંશી પટેલ, ભારતી પ્રજાપતિ, કિંજલ રબારી, મીરાં ચૌહાણ, વિશાલ ચૌધરી, પલક પટેલ, પ્રણામી ટંડેલ, વિનાયક ગુર્જર, દિપેશ, એકતા, તથા યોગીતા પાંડેએ પોતાના વિચારો અને અનુભવો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ પોતાના વક્તવ્યમાં જીવનરાહના પ્રેરક તરીકે ઉમદા શિક્ષકના ગુણો રજૂ કર્યા હતા. આ સાથે તેઓએ એક આદર્શ શિક્ષક તરીકે ડૉ. ધર્મવીર ગુર્જરની મૂક્ત કંઠે પ્રસંશા કરી હતી. આ પ્રસંગે અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતા ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર માનવજીવનના લક્ષ્યને હાંસિલ કરવામાં માતાપિતા, શિક્ષક અને સંસ્કારની ભૂમિકા અંગે રસપ્રદ પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સુચારું સંચાલન ઍડહોક અધ્યાપિકા કુ. દિવ્યાની ટંડેલે તથા આભારદર્શન ઍડહોક અધ્યાપક ડૉ. હેમંત પટેલે કર્યું હતું.

## ગાર્ડા કૉલેજમાં નાણાંકીય સાક્ષરતા વિષય પર વ્યાખ્યાન




તા. ૧૦/૦૯/૨૦૨૫ ગાર્ડા કૉલેજમાં કોમર્સ વિભાગ અને આઈ.કયુ.એ.સેલ દ્વારા નાણાંકીય સાક્ષરતા વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબ દ્વારા સ્વાગત પ્રવચન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને વિદ્યાર્થીઓને કઈ રીતે સ્ટાટર દ્વારા, કઈ રીતે કિક દ્વારા અને કેટલીક ગાડી શરૂ જ ન થાય આ પ્રકારો દ્વારા વિદ્યાર્થીઓને રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા અને ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા મુખ્ય મહેમાનશ્રી કેતનભાઈ દેસાઈનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતાશ્રી કેતનભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને આવકમાંથી પહેલા બચત કરો અને પછી ખર્ચ માટે રકમ રાખી તમારી નાની SIP પણ ૧૫ અને ૨૦ વર્ષે ખૂબ મોટી રકમ થઈ જાય છે તે ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓને રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા. મહેમાનનો પરિચય લેફટનન્ટ ડૉ. ઇશ્વરભાઈ ચૌધરીએ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ઍડહોક અધ્યાપિકા કુ. જ્યોતિ કાંજાણી અને આભારવિધિ ઍડહોક અધ્યાપિકા કુ. જીનલ નાયકા દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઍડહોક અધ્યાપક ધ્રુવિલ પટેલ અને ડિમ્પલ પરમારે અને કોમર્સના ૧૩૦ વિદ્યાર્થી ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

## વિશ્વ આપઘાત નિવારણ દિન નિમિત્તે વ્યાખ્યાન યોજાયું



વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાથે સમાજ ઉપયોગી પ્રવૃત્તિ માટે જાણિતી એસ.બી.ગાર્ડા કૉલેજનાં મનોવિજ્ઞાન વિભાગ અને આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે તા. ૧૦/૦૯/૨૦૨૫ના રોજ વિશ્વ આપઘાત નિવારણ દિનની ઉજવણી અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશય યુવા વિદ્યાર્થીઓને આપઘાત જેવા કલંકથી દૂર રહેવાનો સંદેશ આપવાનો હતો. કાર્યક્રમની શુભ શરૂઆત કિંજલ ભરવાડ, કિંજલ પટેલ અને પૂજમ પટેલની સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, જીવનમાં મુશ્કેલીઓ આવતી જ રહે છે. કયારેક પરીક્ષાનું ટેન્શન, કયારેક મિત્રો સાથે મનદુઃખ, તો કયારેક ભવિષ્યની ચિંતા, આ બધી સમસ્યાઓ કયારેક એટલી મોટી લાગવા માંડે છે કે આપણને લાગે છે કે કોઈ રસ્તો નથી બચ્યો પણ દરેક સમસ્યાનો ઉકેલ હોય છે. આપઘાતએ કોઈ ઉકેલ નથી, તે માત્ર તમારી નહીં, પરંતુ તમારા માતા–પિતા , મિત્રો અને શિક્ષકોની પણ આશાઓ અને સપનાઓનો અંત છે, આ સાથે જ આપઘાતને માનવ જીવનનું કલંક ગણાવી, કુટુંબ અને સમાજની ભૂમિકા વિદ્યાર્થીઓને સમજાવી હતી. આ પ્રસંગે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર મુખ્ય વકતાશ્રી ડૉ. રેણુકાબેન સોલંકીનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ થકી સન્માન કર્યુ હતું. કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. રેણુકાબેન સોલંકીએ આપઘાતનાં કારણો, લક્ષણો અને મનોવૈજ્ઞાનિકની કામગીરી અંગે તજજ્ઞ વ્યાખ્યાન રજૂ કર્યુ. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમનું સૂચારુ સંચાલન ડૉ. અશ્વિન શર્માએ કર્યુ હતું. આભાર દર્શન ઍડહોક અધ્યાપિકા કુ. દિવ્યાની ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ થકી કૉલેજના યુવાધનને આપઘાતનાં માર્ગથી બચાવવા અને જનસમુદાયમાં આપઘાત નિવારણની કામગીરી કરવાનો સંદેશ સાથે અપિલ કરી હતી.

## ગાર્ડા કૉલેજમાં "राष्ट्रीय हिन्दी दिन" નિમિત્તે "हिन्दी भाषा का उद्भव और विकास" વિષય પર વ્યાખ્યાન



નવસારીની સુપ્રસિદ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન હેઠળ હિન્દી વિભાગ અને આઈ.કયુ.એ.સેલના ઉપક્રમે તા. ૧૧/૦૯/૨૦૨૫નાં રોજ "राष्ट्रीय हिन्दी दिन" નિમિત્તે हिन्दी भाषा का उद्भव और विकास વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત કુ. સંગીતા રાજભરની પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, હિન્દી એ માત્ર ભાષા નથી, તે

આપણા સંસ્કાર, એકતા અને રાષ્ટ્રના આત્માનું પ્રતિનિધિત્વ કરે છે. હિન્દી ભાષાનો ઉદ્ભવ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓમાંથી થયો છે. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબ દ્વારા કાર્યક્રમના મુખ્ય વકતાશ્રી ડૉ. વિરલ પટેલનું પુષ્પગુચ્છ તેમજ સ્મૃતિભેટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વકતાશ્રી ડૉ. વિરલ પટેલે વિદ્યાર્થીઓને હિન્દી ભાષાનું મહત્ત્વ સમજાવ્યું. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમની આભારવિધિ હિન્દી વિભાગના ઍડહોક અધ્યાપિકા શ્રીમતી અમૃતાબેન તેમજ કાર્યક્રમનું સંચાલન ઍડહોક અધ્યાપિકા શ્રીમતી બીનાબેન આહિર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાર્ડા કૉલેજમાં એન્ટી રેગિંગ જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો



દક્ષિણ ગુજરાતની પ્રતિષ્ઠિત એસ.બી.ગાર્ડા કૉલેજમાં વિદ્યાર્થીઓને રેગીગ અંગેના કાયદાઓથી જાગૃત કરવાના આશયે તા. ૧૨/૦૯/૨૦૨૫ના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબની અધ્યક્ષતામાં એન્ટી રેગિંગ જાગૃતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વકતા તરીકે હેડ કોન્સ્ટેબલ શ્રી લક્ષ્મીબેન દેશમુખ, હૅડ કોન્સ્ટેબલ શ્રી રમેશભાઈ મુલયાણા તથા અજિતાબેન હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત કુ. સંગીતા રાજભરની પ્રાર્થનાથી થઈ હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે વકતાશ્રી લક્ષ્મીબેન દેશમુખનું તથા ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ શ્રી રમેશભાઈ મુલયાણાનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ આપીને સ્વાગત કર્યુ હતું. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પોતાના વકતવ્યમાં ગાર્ડા કૉલેજના સ્થાપકના કાળથી આજ દિન સુધીની ૮૧ વર્ષ દરમ્યાન રેગીગનો કોઈ ગુનો બન્યો નથી. એ જણાવીને કૉલેજના વિદ્યાર્થીઓના શિક્ષણ અને સંસ્કારને નવાજ્યા હતા. ગાર્ડા કૉલેજના વિદ્યાર્થીઓ જ કૉલેજની શાન છે. એવું જણાવી વિદ્યાર્થીઓની મહત્તા વર્ણવી હતી. વકતાશ્રી હૅડ કોન્સ્ટેબલ રમેશભાઈ મુલયાણાએ રેગીગ શબ્દની વિવિધ દૃષ્ટાંતો દ્વારા સમજૂતી આપી હતી. રેગિંગ એ ગુનો છે જેની સજા માટે કાયદામાં જોગવાઈ છે એવું સમજાવી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં કયા કયા પ્રકારના વર્તનોને રેગિંગ હેઠળ સમાવવા આવ્યા છે તેની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. હૅડ કોન્સ્ટેબલ લક્ષ્મીબેન દેસમુખે વિદ્યાર્થીઓને રેગીગની સાથે સાથે પોક્સો એકટની માહિતી આપીને જાગૃતિ લાવવાના આશય હેઠળ વિવિધ કેસોની છણાવટ કરી હતી. આ કાર્યક્રમમાં ૧૨૧ વિદ્યાર્થીઓએ હાજર રહી, માર્ગદર્શન મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રેખાબેન પટેલે અને ડૉ. અરવિંદભાઈ પટેલે આભાર પ્રગટ કર્યો હતો.

## માનનીય વડાપ્રધાનશ્રીના સ્વદેશી અભિયાન અંતર્ગત 'પોસ્ટ કાર્ડ લખવા ઝુંબેશ' કાર્યક્રમ યોજાયો



શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરતી એવી એસ.બી.ગાર્ડા કૉલેજ નવસારીમાં રાષ્ટ્રીય સેવા યોજના અને આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન હેઠળ માનનીય વડપ્રધાનશ્રીના 'સ્વદેશી અભિયાન' અંતર્ગત 'પોસ્ટ કાર્ડ લખવા ઝુંબેશ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત કુ. રીંકુ ભંડેરીની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે પ્રાસંગિક ઉદ્બોધનમાં સ્વદેશી અભિયાન અંતર્ગત ભારતના ઇતિહાસની ઝાંખી રજૂ કરી હતી તેમજ સ્વદેશી અપનાવો દેશ બચાવોના અભિયાનની સાકાર કરવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ ઉપસ્થિત રહી સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં સ્વદેશી અભિયાન અંતર્ગત ‘સ્વદેશી અપનાવો આત્મનિર્ભર ભારત બનાવો’ તથા ‘વોકલ ફોર લોકલ’ વગેરે જેવા સૂચિત વિષયો પર ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને માનનીય વડાપ્રધાનશ્રીને સંબોધીને પોસ્ટ કાર્ડ લખ્યા હતા. એન.એસ.એસમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાધાબેન ગૌતમ, શ્રીમતી હેતલબેન નાયક તેમજ શ્રી કિશોરભાઈ પટેલના પ્રયત્નોથી કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો.

## યુનિવર્સિટીની કરાટે સ્પર્ધામાં ગાર્ડા કૉલેજના વિદ્યાર્થીએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યુ



શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, અંકલેશ્વરના ઉપક્રમે આંતર કૉલેજ કરાટે સ્પર્ધા (ભાઈઓ)નું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાર્ડા કૉલેજનો વિદ્યાર્થી રાઠોડ મિત અરવિંદભાઈ (બી.કોમ.સેમ.–૫) એ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ વધાર્યું. ટીમ મેનેજર તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. ચિરાગ ટંડેલે સેવા આપી હતી. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ ગાર્ડા કૉલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. એચ.જે. પટેલ, તેમજ જીમખાના ચેરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવાર અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડિયમ કૉલેજ, સુરત.

### અગ્રવાલ વિદ્યાવિહાર કોલેજ વેસુના વિદ્યાર્થી દ્વારા પિસ્ટલ શુટિંગ સ્પર્ધામાં શ્રેષ્ટ પ્રદર્શન



અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડિયમ કૉલેજ, વેસુના એફ.વાય.બી.બી.એ.ના વિદ્યાર્થી વિક્કી ગુપ્તાએ ૧૦ મીટર પિસ્ટલ શુટિંગ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રજત ચંદ્રક (સિલ્વર મેડલ) મેળવ્યો હતો તેમની આ સફળતાને કારણે તેઓની પસંદગી વી.એન.એસ.જી.યુ. પિસ્ટલ શુટિંગ ટીમમાં થઈ છે. હવે તેઓ માનવ રચના યુનિવર્સિટી, ફરીદાબાદ , હરિયાણા ખાતે યોજાનારી ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેશે. અગ્રવાલ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દૂઆ તથા સમસ્ત વ્યાખ્યાતાગણ તરફથી વિદ્યાર્થી અને તેમના માર્ગદર્શક લૅફટનન્ટ જિગર ચાવડાને હાર્દિક અભિનંદન

### અગ્રવાલ વિદ્યાવિહાર કોલેજ વેસુ ખાતે એન્ટી રેગિંગ કાર્યક્રમનું આયોજન

અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડિયમ કૉલેજમાં શિક્ષક દિવસના અવસરે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિસ્તૃત વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત વિદ્યાથીઓ માટે એન્ટી રેગિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનના મુખ્ય વક્તા, યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વ્યાખ્યાતા ડૉ. યોગેશ વાંસિયા એ વિદ્યાર્થીઓને રેગિંગનો ઇતિહાસ, પ્રકારો, અસર, ,પરિણામો તથા દંડ વિષે માહિતગાર કર્યા. કાર્યક્રમના સફળ આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ અને ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ શુભેચ્છા પાઠવી હતી.

### અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજમાં 'રાસ ગરબા' ઉત્સવનું આયોજન



સુરતના અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજમાં નવરાત્રીના ઉપલક્ષમાં 'રાસ ગરબા' ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવમાં કૉલેજના વિદ્યાર્થીઓએ પરંપરાગત વેશભૂષા ધારણ કરીને ગરબામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના ઉત્સાહવર્ધન માટે ઉત્તમ વેશભૂષા અને નૃત્યભાવમુદ્રાઓના આધાર પર કાર્યક્રમની નિર્ણાયક શ્રીમતી જાગૃતિ વૈદ્ય તથા ડૉ. કુંજલ મહેતાએ પ્રતિસ્પર્ધીઓની પસંદગી કરી હતી. કાર્યક્રમના આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ યુ.ટી.દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ તથા સમગ્ર વ્યાખ્યાતાગણે શુભેચ્છા પાઠવી હતી.

### અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજમાં વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન તથા પાણીની અંદર અને ઉપર રંગોળી શીખવાડી



સુરતના અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ ખાતે વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. ચંદ્રેશ જરદોશે જણાવ્યુ કે વિદ્યાર્થીઓએ આજથી જ પોતાની કારકિર્દી બનાવવામાં ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. શારીરિક કસરત અને માનસિક કસરતવાળી રમતો દ્વારા કારકિર્દીમાં કેટલો ફાયદો થાય તે જણાવ્યું હતું. આ માટે સુડોકું, વર્ડલ, નર્ડલ વગેરે માનસિક કસરત કરાવતી રમતો ખુબ જ સરળતાથી શીખવાડી હતી તથા હેમંતીબેને પાણીની નીચે રંગોળી, પાણીની ઉપર રંગોળી તથા ફ્લોટિંગ રંગોળી બનાવવાની રીતે શીખવાડી હતી. કાર્યક્રમમાં કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. ઉપેન્દ્ર દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ, સહાયક પ્રાધ્યાપક શ્રી શૌર્ય શાહ, મુખ્ય અતિથિ શ્રી કેતન દેસાઈ સહિત અન્ય પ્રાધ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

## અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજમાં "કાઈઝન કલબ" પ્રવૃત્તિઓ



સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડિયમ કૉલેજમાં 'કાઈઝન કલબ' અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. ઉપેન્દ્ર દેસાઈએ 'અંગ–અંગની કસરત' અંતર્ગત માઈક્રો યોગા પર લાઈવ પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. દેસાઈએ સમજાવ્યુ કે માઈક્રો યોગા એટલે નાના સમયગાળામાં શરીરના દરેક અંગ માટે કરાતી સરળ, સલામત અને અસરકારક કસરતો. તેમણે માથું, આંખ, ગળું, ખભા, હાથ, આંગળીઓ, છાતી, પીઠ, પેટ, કમર, ઘૂંટણ તથા પગ સુધીની કસરતોનું પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું. આ કસરતો દ્વારા દૈનિક થાક દૂર થાય છે, રક્તપ્રવાહ સુધરે છે, તાણ–તણાવ ઓછો થાય છે અને માનસિક તાજગી પ્રાપ્ત થાય છે. તેમના માર્ગદર્શન હેઠળ કૉલેજના ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ, પ્રાધ્યાપક ગણ તેમજ વહીવટી કર્મચારીઓએ માઈક્રો યોગા શરીર અને મનની તંદુરસ્તી માટેની સરળ કસરતોનો લાભ લીધો. અગ્રવાલ સમાજવિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓએ કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈને માઈક્રો યોગા દ્વારા દરેક અંગોની સરળ અંગકસરતોનું માર્ગદર્શન આપવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

## સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત.

### એસપીબી ઈંગ્લિશ મીડીયમ કૉલેજનું ગૌરવ



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતના વિદ્યાર્થી કનોજિયા આદિત્ય વિનોદભાઈ (એસ.વાય.બી.કોમ) એ ૮૦–૮૫ કિ.ગ્રા. વજન કેટેગરીમાં વી.એન.એસ.જી.યુ. ઇન્ટર કૉલેજ બોક્સિંગ (પુરુષ) ટુર્નામેન્ટમાં તા. ૨ અને ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ વી.એન.એસ.જી.યુ. બોક્સિંગ હોલ ખાતે ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યા, સ્પોર્ટસ ટીચર ડૉ. ધનંજય યાદવ અને સ્ટાફ મિત્રો દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### એસપીબી ઈંગ્લિશ મીડીયમ કૉલેજનું ગૌરવ



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતના વિદ્યાર્થી અમલસાડવાળા રુદ્ર ડી. (એફ.વાય.બી.કોમ) એ તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ VNSGU બોક્સિંગ હોલ ખાતે યોજાયેલી વી.એન.એસ.જી.યુ ઈન્ટર કૉલેજ કરાટે (પુરુષ) ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી અંડર ૮, કિલો ગ્રામ વેઈટ કેટેગરીમાં રજત પદક મેળવ્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન શ્રી ઠાકોરભાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અંકલેશ્વર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સિધ્ધી બદલ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યા સ્પોર્ટસ અધ્યાપક ડૉ. ધનંજય યાદવ તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે રુદ્રને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા.

### Cyber Awareness Quiz (Offline)નું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા જી–ભરૂચ ખાતે સાઈબર કલબ દ્વારા તા. ૨૯/૦૮/૨૦૨૫, શુક્રવારના રોજ Cyber Awareness Quiz (Offline)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સાઈબર ક્રાઈમ, પાસવર્ડ, ફિશીંગ, સાઈબર સુરક્ષા, પબ્લિક Wifiના ઉપયોગ, સાઈબર ક્રાઈમના રિપોર્ટ કરવાની વેબસાઈટ, સાઈબર બુલીંગ વગેરે પ્રશ્નો પર આધારિત ઓફલાઈન કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કિવઝમાં કુલ ૫૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી FYBA SEM-1ની વિદ્યાર્થી રાધિકા જી. પાડવી અને SYBA SEM-3ની વિદ્યાર્થીની તેજસ્વીની પ્રકાશભાઈ વસાવા સંયુક્ત રીતે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં ૫૧ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સાઈબર કલબના કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન



તારીખ ૦૩/૦૯/૨૦૨૫ સવારે ૧૦:૦૦ કલાકે શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ NSS યુનિટ અને આયુષ્યમાન મંદિર ગામ–લુણા જી. ભરૂચ અંતર્ગત સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મેડિકલ ઓફિસર ડૉ. ચિત્તલ ગાલિયા મેડમ તથા અમિષાબેન ગોહિલ હાજર રહીને વિદ્યાર્થીઓને અલગ અલગ રોગો વિશે માહિતી આપી જેમાં સ્ત્રી રોગ વિશે તેમણે વધારે ભાર મૂક્યો. સ્ત્રી રોગો અને તેનું નિવારણ માટેનું જાગૃતિ સભર વ્યાખ્યાન આપ્યું. ઉપરોકત કેમ્પમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓને અલગ અલગ રોગોની દવાનું વિતરણ વિના મૂલ્ય આયુષ્ય મંદિર લુણા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં NSS યુનિટના ઓફિસર ડૉ. દિનેશભાઈ રાજ, ડૉ. પુષ્પાબેન પટેલ, ડૉ. કુસુમબેન પટેલ, પ્રા. પ્રિયાબેન ચૌહાણ, પ્રા. વિશાલભાઈ વસાવા અન્ય પ્રા. ડૉ. દિલાવર સાહેબ હાજર રહ્યા હતા. આ કેમ્પમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહીને સર્વરોગ નિદાન કેમ્પને સફળ બનાવ્યો હતો.

### શિક્ષક દિનની ઉજવણી




તા.૦૪/૦૯/૨૦૨૫ના રોજ અત્રેની શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજમાં NSS યુનિટ દ્વારા પાંચમી સપ્ટેમ્બર ડૉ. રાધાકૃષ્ણ સર્વપલ્લીની યાદમાં ઉજવાતા શિક્ષક દિનની ઉજવણીનું આયોજન કૉલેજના આચાર્યશ્રી ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. આ દિવસે કૉલેજના વિદ્યાર્થીઓએ શિક્ષણ કાર્ય સંભાળીને અલગ અલગ કલાસમાં શિક્ષણ કાર્ય કર્યું. ત્યારબાદ આજના એક દિવસ માટે શિક્ષક બનેલી વિદ્યાર્થીનીઓએ પોતપોતાના અભિપ્રાયો આપ્યા હતા અને શિક્ષણના કાર્યની ગરિમા કેવી છે. આ કાર્ય કેટલું કઠિન છે, તેની જાણકારી વિદ્યાર્થીઓને આપી આ ઉજવણીમાં મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ હાજર રહીને આ પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

### The Art of Mental Well-Being – Advisory Care and Mentoring' (Date: 09th September 2025)




Under the Banner of the World Mental Health Day, Shree Rang Navchetan Mahila Arts College, Valia, hosted a programme of great significance - "The Art of Mental Well-Being - Advisory Care & Mentoring."

The keynote address was delivered by Assistant Professor Sonalben N. Gharia with clarity and eloquence explored the causes of mental health challenges, the means of their prevention and the sustaining power of positive thought. Drawing upon the insights of renowned scholars and writers, she transformed her lecture into an engaging dialogue with the mind and spirit, leaving the audience enriched and awakened to the value of mental well-being.

In a spirit of care, students were also made aware of the suicide prevention helpline numbers 14416 and 112, reminders that support is always within reach. The programme unfolded under the stewardship of the National Task Force (NTF) Nodal Officer Dr. Niyati B. Bhatt. On this occasion, the esteemed Secretary of the Institution, Dr. Vanrajsinhji Mahida addressed the gathering with an inspiring message on the necessity of nurturing mental health as the cornerstone of a meaningful life.

Further guidance was offered by Assistant Professor Parulben Rana, who spoke with insight and empathy on the strains of examination pressure. She encouraged students to adopt calmness and resilience as companions in their academic journey and recalled that since 1992, the World Federation for Mental Health (WFMH) has marked World Mental Health Day with the vision of expanding mental health services and awakening public consciousness worldwide.

With the earnest participation of students and the thoughtful counsel of their mentors, the programme concluded on a note of success, leaving behind a strengthened resolve — to value the mind, to safeguard its balance and to uphold the dignity of mental well-being. 148 students reaped the benefits of the session.

## Programme Report of ‘Guidance of GSET’



The Department of Economics, in collaboration with UDISHA and the Career Guidance Cell, organized a Guest Lecture on the topic ‘Guidance of GSET’ on Monday, 8th September 2025 at Shree Rang Navchetan Mahila Arts College, Valia, Dist. Bharuch, Gujarat. The programme began with an inauguration and welcome address by I/c Principal Dr. Niyati B. Bhatt, who encouraged the students to make the best use of such academic and career-oriented opportunities.

The invited guest speaker was Dr. Sumit P. Parmar, Assistant Professor, Smt. H.C. Patel (Kandari) Arts and Commerce College, Miyagam-Karjan, Dist. Vadodara, affiliated to Shree Govind Guru University, Godhra. Dr. Parmar delivered an insightful lecture covering various aspects related to career development and higher education. The key points included career opportunities after B.A. and M.A., introduction and importance of GSET, structure of the exam, paper style, syllabus, sample questions, and the qualification system. He also guided the students with preparation strategies and motivated them to aim for academic excellence and pursue teaching as a professional career.

The programme was successfully coordinated by Dr. Dilavarkhan N. Pathan, Head of the Department of Economics and Coordinator of UDISHA, with the active support of Ms. Shital D. Mistry (Adhoc Faculty) and dedicated volunteers from the Department of Economics. Students actively participated in the lecture and asked relevant questions, making the session interactive and meaningful.

Overall, the guest lecture proved highly beneficial for the students as it not only provided detailed knowledge of the GSET examination but also inspired them to prepare for competitive exams and explore career opportunities in higher education. The programme achieved its objectives and contributed significantly to the academic and career guidance of the students.

## સાયન્સ વિભાગના એડ ઓન કોર્ષ પાર્લર, સીવણ અને કોમ્પ્યુટરના કોર્ષ માટેના સર્ટીફીકેટ અને કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન



ભારતી શિરિષ મોદી રોટરી કલબ ઑફ ભરૂચ અને શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજના ઉપક્રમે તા. ૨૯/૦૮/૨૦૨૫ના રોજ હોમ સાયન્સ વિભાગના એડ ઓન કોર્ષ પાર્લર, સીવણ અને કોમ્પ્યુટરના કોર્ષ માટેના સર્ટીફિકેટ અને કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે દીપ પ્રાગટય કરી, કૉલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત નૃત્યથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કૉલેજના સેક્રેટરીશ્રી ડૉ. વનરાજસિંહ મહિડા સાહેબે તમામ મહેમાનશ્રોઓનું શબ્દરૂપી સ્વાગત કરી આવકાર્યા હતા. કૉલેજના પ્રાધ્યાપકોએ તમામ મહેમાનોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યુ હતું. તેમજ કૉલેજની ૭૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને પાર્લર, સિવણ અને કોમ્પ્યુટર કોર્સના સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું, અને ૪૦૦ વિદ્યાર્થીઓને પાર્લર, સિવણ અને કોમ્પ્યુટરની કીટ રોટરી કલબ ઓફ ભરૂચ દ્વારા આપવામાં આવી હતી.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન માનનીય શ્રી કમલેશભાઈ ઉદાણી સરે પ્રાસંગિક ઉદબોધનમાં કૉલેજ ની વિદ્યાર્થીનીઓને આવા કોર્સિસ થકી આર્થિક ઉપૉજન કરી એક સારા ઉદ્યોગસાહસિક બની શકે એવી પ્રેરણા આપી હતી. રોટરી કલબના પ્રેસિડન્ટ આદરણીયશ્રી ભાવેશભાઈ હરીયાણી સાહેબે કૉલેજની બહેનો આ કોર્સિસમાં વધુમાં વધુ ભાગ લઈ સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે એ માટે પ્રોત્સાહિત કર્યા હતા. વુમન એમ્પાવરમેન્ટ પ્રોજેકટના ચેરમેન શ્રીમતી ડૉ. પ્રતિક્ષાબેને વિદ્યાર્થીનીઓ આત્મનિર્ભર બને એવી પ્રેરણા આપી અને વિદ્યાર્થીનીઓ કંઈક નવુ શીખી સ્વનિર્ભર બને એની માહિતી આપી. તેમજ આ કાર્યક્રમમાં કૉલેજના ધરોહર એવા કેસરી દાદાએ કાર્યક્રમમાં પધારી વિદ્યાર્થીઓનો જુસ્સો વધાર્યો હતો. ઉપરાંત સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના એડ ઓન કોર્સના કૉ–ઓર્ડિનેટર પ્રા.ભાવનાબેન ગોથાણા દ્વારા કરવામાં આવ્યું. અને કાર્યક્રમની આભારવિધિ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન દ્વારા કરવામાં આવી હતી. રોટરીયન ધનશ્યામભાઈ ભટ્ટ, રોટરીયન સુનિલભાઈ ખેર, સહમંત્રી વિહારીયા સર, કૉલેજના ટ્રસ્ટીમંડળના સભ્યોએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને દિપાવ્યો હતો.

## Campus Placement Driveનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયા ખાતે Placement Cell દ્વારા તા. ૧૦–૧૧/૦૯/૨૦૨૫ના રોજ ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિ બી ભટ્ટના માર્ગદર્શન હેઠળ Campus Placement Driveનું આયોજન કરવામાં આવ્યું હતું. આ Campus Placement Driveમાં કુલ ૧૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ૮૬ વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું અને ૪૪ વિદ્યાર્થીઓએ સ્પોટ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી કુલ ૬૫ વિદ્યાર્થીઓ Campus Placement Drive માં હાજર રહ્યા હતા. તેમજ ૦૯ કંપનીઓને આમંત્રણ આપ્યું હતું જેમાંથી ૨ કંપનીઓ (1 WealthTrain, Vadodara 2 YOKOHAMA, Dahej, Bharuch) Campus Placement Drive માં હાજર રહી હતી. આ કંપનીઓએ વિદ્યાર્થીઓને પોતાની કંપની વિશે માહિતી આપી હતી અને ત્યારપછી વિદ્યાર્થીઓના ઇન્ટર્વ્યૂ લેવામાં આવ્યા હતા. આ Campus Placement Driveના અંતે ૨૨ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી અને વાર્ષિક રૂ. ૨ લાખ સુધીના પગારની ઓફર આપવામાં આવી હતી. આ Campus Placement Driveનું આયોજન અને સંચાલન Placement CellGF Coordinator પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું, તેમજ Adhoc Faculty શિતલબેન ડી. મિસ્ત્રી તથા સ્વયંસેવક વિદ્યાર્થીઓ ખૂબ મદદરૂપ થયા હતા.

## NSS Dayની ઉજવણી



૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ શ્રીરંગ ચેતન મહિલા આર્ટસ કૉલેજમાં NSS ડે ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો આરંભ રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) ના ગીત સાથે કરવામાં આવ્યો. ત્યારબાદ ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટે "Not Me But You"ને ઉજાગર કરી વિદ્યાર્થીઓને સમાજ સેવામાં સક્રિય ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સાથે એન.એસ.એસ.યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. કુસુમબેન પટેલે સ્વયંસેવકોમાં સમાજસેવા, માનવતા, પર્યાવરણ સંરક્ષણ તથા રાષ્ટ્રીય એકતા પ્રત્યેની જવાબદારી વિશે જાગૃતિ લાવવા માટે કેવા કાર્યો કરવા જોઈએ તેની માહિતી આપી હતી. તથા વિદ્યાર્થીઓને એન.એસ.એસ. જેવી સેવાભાવી પ્રવૃત્તિઓમાં જોડાઈને સમાજ માટે યોગદાનઆપવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમનો સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. પુષ્પા પટેલે કર્યુ તેમજ આજના NSS ડેની ઉજવણીમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં. તથા પ્રો. વિશાલ વસાવા તથા પ્રા. પ્રિયા ચૌહાણ નો ખૂબ સહકાર રહ્યો હતો.

## સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન



તા. ૨૬/૦૯/૨૦૨૫ના રોજ અત્રેની શ્રી રંગ નવચેત મહિલા આર્ટસ કૉલેજમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન NSS યુનિટ દ્વારા કરવામાં આવ્યુ, આ કાર્યક્રમની શરૂઆત પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટના સંબોધનથી થઈ NSS સ્વયંસેવકો દ્વારા કૉલેજ પરિસરમાં સફાઈ કામગીરી આદરવામાં આવી. આ અભિયાનનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાય અને વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જવાબદારીની ભાવના જાગે તે રહ્યો. આ સમયે વિદ્યાર્થીઓએ સંકલ્પ કર્યો કે તેઓ રોજિંદા જીવનમાં સ્વચ્છતા જાળવી સ્વચ્છ ભારત અભિયાનને સફળ બનાવશે. આ અભિયાનમાં NSS ઓફિસરશ્રીઓ હાજર રહીને વિદ્યાર્થીઓને આ અભિયાન માટે પ્રેરિત કર્યા હતા.

## શ્રીરંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિઆમાં કવિઝ સ્પર્ધાનું આયોજન




તા. ૨૬/૦૯/૨૦૨૫ના રોજ વિકાસ સપ્તાહ અંતર્ગત અંતર્ગત અંગ્રેજી વિભાગ દ્વારા કવિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ છ ટીમે ભાગ લીધો. દરેક ટીમમાં વિકાસ સપ્તાહ ની ગાઈડલાઈન પ્રમાણે બે સ્પર્ધકો હતા. જેમાં પ્રેરણાસ્ત્રોત, વિજ્ઞાનવીરો, સમૃદ્ધિ સંગાથ, બુદ્ધિબળ, પ્રગતિ પથિક અને જ્ઞાનદીપ ટીમનો સમાવેશ થયો હતો. કિવઝને ચાર વિવિધ તબક્કામાં વિભાજિત કરવામાં આવી હતી. પ્રથમ રાઉન્ડ મલ્ટીપલ ચોઈસ કવેશ્ચન્સ આધારિત હતો, બીજો રાઉન્ડ રેપિડ ફાયરનો હતો, ત્રીજો રાઉન્ડ ફોર્સ તરીકે ઓળખાયો હતો અને ચોથો રાઉન્ડ લોગો ઓળખવાનો હતો. તમામ રાઉન્ડમાં વિદ્યાર્થીઓએ જનરલ નોલેજ, ઝડપી વિચારશકિત, અને ત્વરિત નિર્ણય શકિતનું પ્રદર્શન કર્યું હતું.

પરિણામ મુજબ જ્ઞાનદીપ ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ, પ્રગતિ પથિક દ્વિતીય સ્થાને રહી અને જ્ઞાનવીર ટીમે તૃતીય સ્થાન હાંસલ કર્યુ. ત્વરિત યોજાયેલ કિવઝ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાના જનરલ નોલેજનો પ્રશંસનીય પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી વિભાગના પ્રાધ્યાપક સોનલબેન ધરીયા તથા શ્રીમતી પારુલ રાણાએ સુંદર રીતે કર્યુ હતું. અંતે પુરસ્કાર વિતરણ પ્રસંગે, કોમર્સ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. બિંદુબહેને વિજેતા– જ્ઞાનદીપ ટીમને સર્ટિફિકેટ આપી અભિનંદન પાઠવ્યા. તેમજ ડૉ. કુસુમબેન પટેલ તથા ડૉ. પુષ્પાબેન પટેલે અનુક્રમે દ્વિતીય અને તૃતીય સ્થાને રહેનાર ટીમને સર્ટિસ્ફકેટ આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કિવઝ સ્પર્ધામાં અંગ્રેજી વિભાગની એફ વાય, એસ વાય અને ટી.વાયની વિદ્યાર્થીનીઓએ પોતાના સામાન્ય જ્ઞાનનો પરિચય આપવાની સાથે સાથે પ્રતિસ્પર્ધીઓમાં આત્મવિશ્વાસ વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી પોતાની ગરિમાનો પરિચય કરાવ્યો હતો. કુલ ૧૨ સ્પર્ધકોએ ઉત્સાહભેર ઓફલાઈન કિવઝમાં ભાગ લીધો હતો.

## નવરાત્રી નિમિત્તે "ગીતસંગીત નૃત્ય ધારા અને અંગ્રેજી વિભાગ દ્વારા ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજમાં તા. ૩૦/૦૯/૨૦૨૫ના રોજ નવરાત્રી નિમિત્તે "ગીતસંગીત નૃત્ય ધારા અને અંગ્રેજી વિભાગ દ્વારા ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટ અને વાઈસ પ્રિન્સિપાલશ્રી ભાવનાબેન ગોથાણાના અધ્યક્ષ હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલન અને દેવી અંબાના આરતીથી કરવામાં આવી. આ કાર્યક્રમમાં શ્રી રંગ નવચેતન એજ્યુકેશન ટ્રસ્ટના સેક્રેટરીશ્રી ડૉ. વનરાજસિંહજી મહિડા સરે હાજરી આપી અને વિદ્યાર્થીનીઓને પોતાની ગરીમા જાળવી કેમ્પસની ડિસિપ્લિનને બરકરાર રાખવા માટે અપીલ કરી હતી.

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ અને કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ રંગબેરંગી પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ ઉત્સાહપૂર્વક ગરબા રમ્યા. સમગ્ર પ્રાંગણ સાંસ્કૃતિક સૂર અને

તાલથી ગુંજી ઉઠયું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના લયબદ્ધ પગલાં અને કલાત્મક અંદાજથી સૌનું મન મોહી લીધું.

આ કાર્યક્રમમાં ડૉ. અલ્કાબેન ચૌહાણ અને પ્રો.શીતલબેન મિસ્ત્રીએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. નિર્ણાયક દ્વારા શ્રેષ્ઠ ગરબાની એકશન કરનાર તથા શ્રેષ્ઠ પરિધાન ધારણ કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય એમ ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. વિજેતા થનાર વિદ્યાર્થીઓને ટ્રોફી આપીને ઇન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી, વાઈસ પ્રિન્સિપાલશ્રી ,નિર્ણાયકશ્રીઓ અને અંગ્રેજી વિભાગના પ્રોફેસર દ્વારા તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન ગીત સંગીત નૃત્ય ધારાના કો–ઓર્ડિનેટર અને અંગ્રેજી વિભાગના પ્રાધ્યાપક સોનલબેન ઘરીયા અને પ્રાધ્યાપક પારૂલબેન રાણા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બધા સ્ટાફ મિત્રોએ પણ ખૂબ સહયોગ આપી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મદદ કરી હતી. દરેક વિદ્યાર્થીનીઓએ આ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેના કારણે ગરબા મહોત્સવ આનંદ અને ઉમંગથી છલકાતો હતો. વિદ્યાર્થીઓ માટે આ માત્ર મનોરંજન નહીં પરંતુ સાંસ્કૃતિક વારસાને જાળવવાની એક અનોખી તક બની. અંતે વાઈસ પ્રિન્સિપાલશ્રી ભાવનાબેન ગોથાણાએ સૌનો આભાર વ્યકત કરીને એકતા, પરંપરા અને ઉત્સવની ભાવનાને જાળવવાની પ્રેરણા આપી.

## ઓનલાઈન વેબિનારનું આયોજન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિ ભટ્ટના માર્ગદર્શન હેઠળ તા. ૦૧/૧૦/૨૦૨૫ ના રોજ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિકાસ સપ્તાહ ઉજવણી અંતર્ગત ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારનો વિષય "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ– ૨૦૨૦: યુવા ભારત માટેનું નવુ શૈક્ષણિક દર્શન " હતું. આ વેબિનારમાં જે.એમ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ (જમ્બુસર) ના ઇન–ચાર્જ પ્રિન્સિપાલ અને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. કિશોરભાઈ એમ. પ્રજાપતિએ રિસોર્સ પર્સન (મુખ્ય વકતા) તરીકેની ભૂમિકા નિભાવી હતી. તેમણે આ વેબિનારમાં ભારતમાં શિક્ષણનીતિઓના ઇતિહાસ, નવી શિક્ષણ નીતિનો પરિચય–ઉદ્દેશો, નવી શિક્ષણ નીતિ દ્વારા ઉચ્ચ શિક્ષણક્ષેત્રે આવી રહેલા પરિવર્તનો અને પડકારો, નવી શિક્ષણ નીતિની ભવિષ્ય પરની સંભવિત અસરો વગેરે મુદ્દાઓ પર ખૂબ સરસ સમજૂતી આપી હતી. આ વેબિનારમાં ૧૭ પ્રાધ્યાપકો અને ૮૧ જેટલા વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેસન કરાવી હાજર રહ્યા હતા. આ વેબિનારનું આયોજન અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને શીતલ ડી. મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વારલી આર્ટ પોસ્ટર સ્પર્ધા યોજવામાં આવી



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયામાં વિકાસ સપ્તાહ અંતર્ગત હોમસાયન્સ વિભાગ દ્વારા તા. ૨૯/૦૯/૨૦૨૫ના રોજ વારલી આર્ટ પોસ્ટર સ્પર્ધા યોજવામાં આવી. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વારલી આર્ટ જેવી આદિવાસી કલાને પ્રોત્સાહન મળે અને વિદ્યાર્થીઓની કલાત્મક પ્રતિભા વિકસે તે હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરાયું હતુ. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા દર્શાવી હતી. જેમાં પરિણામ મુજબ રાઠવા કપિલા બી. પ્રથમ ક્રમે, વસાવા હિરલ આર. દ્વિતીય ક્રમે, તથા વસાવા સંજના જી. અને વસાવા સુજેન જે. તૃતીય સ્થાન પર રહ્યા હતા. સ્પર્ધા નિર્ણાયક તરીકે પ્રો. સોનલબેન ઘરિયા અને પ્રા. પારુલબેન રણાએ સેવા આપી હતી, તેમજ આભારવિધિ પ્રા. ભાવનાબેન ગોથાણાએ કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. અનિતાબેન વાઘ તથા પ્રા. નિમિષાબેન કર્યુ હતું. કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેને વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી.

# Smt R.P.Chauhan Arts and Smt J.K.Shah and Shri K.D.Shah Commerce College, Vyara

## વ્યારા કૉલેજના યજમાન પદે 'ઉન્નત ભારત અભિયાન તાપી જિલ્લા ઝોનલ કાર્યશાળા' યોજાઈ

શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા કે.આર.પી. દરજી ઈન્ડો–અમેરિકન ઇન્સ્ટીટ્યૂટ ઑફ કમ્પ્યુટર સાયન્સ, વ્યારા

ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વ વિદ્યાલય, સુરત પ્રેરિત ઉન્નત ભારત અભિયાન વિભાગ, SVNIT સુરતના સંયુક્ત ઉપક્રમે "ઉન્નત ભારત અભિયાન ઝોનલ કાર્યશાળા" સફળતાપૂર્વક યોજાઈ હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ક્ષમતા, વિકાસ મનોવૃત્તિ અને દેશના સર્વાંગી વિકાસમાં ભાગ લેવા માટેની પ્રેરણા વધારવાનો હતો. ઉન્નત ભારત અભિયાન તાપી જિલ્લા ઝોનલ કાર્યશાળામાં અંદાજીત ૧૭ જેટલી કૉલેજના આચાર્યો અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.




આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ડૉ. એચ. વાય.ખરવાસીયાએ મહેમાનોને શબ્દોચિત આવકાર આપી જણાવ્યું કે, આ પ્રકારના ઝોનલ કાર્યશાળા વિદ્યાર્થીઓ માટે નવું જ્ઞાન, આત્મવિશ્વાસ અને નેર્તત્વ ના ગુણોના વિકાસની તક પૂરી પાડે છે જે વિદ્યાર્થીઓ માટે જાણકારી અને પ્રેરણાનું ઉત્તમ માધ્યમ છે. આજની યુવા પેઢીને દેશના વિકાસમાં સક્રિય ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે છે. ઉન્નત ભારત અભિયાનના હેતુ અનુસાર, આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં પ્રતિભા, નવીન વિભારશકિત અને સમૂહ સહભાગિતા નો વિકાસ કરે છે. ઉન્નત ભારત અભિયાન મહાત્મા ગાંધીના વિચારને સાર્થક કરવા માટેનો પ્રયત્ન છે. સ્થાનિકકક્ષાએ ખોરાક, કપડાં, આશ્રય, સ્વચ્છતા, શિક્ષણ જેવી આવશ્યક જરૂરિયાતો આ અભિયાન થકી પૂર્ણ કરી શકાય છે.

આ કાર્યક્રમના મુખ્ય વકતા અને સિવિલ ઇજનેર વિભાગના સંયોજક તથા ઉન્નત ભારત અભિયાન, SVNIT પ્રોફેસર ડૉ. કૃપેશ ચૌહાણે ઉન્નત ભારત અભિયાનનો ઉદ્દભવ અને કલ્પના IIT, દિલ્હીના ફેકલ્ટી સભ્યોના સમર્પિત જૂથના પ્રયોસોમાંથી આવ્યો છે. ઉન્ન્ત ભારત અભિયાનનો મૂળ ઉદ્દેશ રાષ્ટ્રીય જરૂરિયાતો ખાસ કરીને ગ્રામીણ ભારતની જરૂરિયાતોને અનુરૂપ સંશોધન અને તાલીમ પ્રવૃત્તિઓ ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં વધારો કરવાનો છે. આજના યુવાનોમાં જવાબદારી, સ્વચ્છતા, સ્ટાર્ટઅપના વિચારો મજબુત બનશે તો દેશ અને ગામડા સ્વાવલંબી બનશે. ભારત કૃષિપ્રધાન દેશ છે અને પ્રતિવર્ષ દેશની વસ્તીમાં ખુબ મોટો વધારો થાય છે ત્યારે માનવ જીવનની જરૂરીયાતને પહોચી વળવા માટે કૃષિ, જળસંચય, ઊર્જા બચત, શિક્ષણ, સ્વચ્છતા, પોષણક્ષમ આહારમાં ખુબ જાગૃતિ લાવવાની જરૂર છે. આ અભિયાન થકી ગામડાઓને સ્વાવલંબી અને સમૃદ્ધ બનાવી શકાય છે. શાળા મહાશાળામાં અભ્યાસ કરતા યુવાનોમાં ખુબ ટેલેન્ટ પડેલું છે સ્ટાર્ટઅપના માધ્યામથી એને રચનાત્મક અને યોગ્ય દિશામાં વાળી શકાય છે એમ જણાવ્યું હતું. ડૉ. આશ્લેષા હાથી, મેડીકલ ઑફિસર, SVNIT , સુરતે કોઈને પણ ઝેરી સાપ કરડે કે ડંખ મારે તેવા સંજોગોમાં પ્રાથમિક ઉપચાર કયા કરવા જોઈએ તે અંગેની જાણકારી આપી હતી. ઉપરાંત નંદરાજ એ. માળી, નેકસ્ટ વર્લ્ડ જનરેશન, સુરતે વર્તમાન સમયમાં AI નો ઉપયોગ વધી રહ્યો છે ત્યારે તેના કયા કયા સારા નરસા પરિણામો આવી શકે છે અને તેની સામે કઈ કઈ તકેદારી રાખવી જોઈએ તે અંગેની માહિતી આપવામાં આવી હતી. ઉન્નત ભારત અભિયાન ઝોનલ કાર્યશાળાનું સફળતાપૂર્વક સંચાલન અને આભારવિધિ ડૉ. યજ્ઞા વ્યાસે કરી હતી.

## વ્યારા કૉલેજ ખાતે તાપી જિલ્લાકક્ષાની કૉલેજોના 'વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થય અને આત્મહત્યા નિવારણ જાગૃતિ કાર્યક્રમ' યોજાયો




શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા કે.આર.પી. દરજી ઇન્ડો–અમેરિકન ઇન્સ્ટીટયૂટ ઑફ કમ્પ્યુટર સાયન્સ, વ્યારા ખાતે તાપી જીલ્લામાં આવેલી જુદી જુદી કૉલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફપરિવાર માટે " વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થય અને આત્મહત્યા નિવારણ જાગૃતિ કાર્યક્રમ" યોજાયો. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવી અને તેમના પોતાના ભાવનાત્મક અને માનસિક ચિંતાઓને ઓળખવા અને સંભાળવા માટે માર્ગદર્શન આપવાનો હતો.

આ પ્રસંગે પ્રિ.ડૉ. એચ.વાય.ખરવાસિયાએ તાપી જિલ્લાની વિવિધ કૉલેજોમાંથી ઉપસ્થિત આચાર્યો અને અધ્યાપકોને શબ્દો અને પુષ્પગુચ્છથી સ્વાગત કરી માનસિક સ્વાસ્થ્યએ આપણી ભાવાત્મક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક સુખાકારીને દર્શાવે છે તે આપણે કેવી રીતે વિચારીએ છીએ, અનુભવીએ છીએ અને વર્તન કરીએ છીએ તેના પર અસર કરે છે. વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનું રક્ષણ અને આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ લાવવી એ આજના સમયની સૌથી મહત્વની માંગ અને સામાજિક જવાબદારી છે. આ કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓને સ્ટ્રેસ મેનેજમેન્ટ, ભાવનાત્મક સહાય અને જીવનમાં પડકારોનો સામનો કરવા માટે ઉપયોગી માર્ગદર્શન મળી શકે છે. માનસિક દબાણ હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પોતાની મુશ્કેલીને યોગ્ય જગ્યાએ રજુ કરવા કે મદદ માંગવા કોઈ સંકોચ રાખવો

જોઈએ નહી. આ પ્રકારના પ્રયાસો અને કાર્યક્રમો વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસમાં જ નહીં, પરંતુ વ્યકિતગત અને સામાજિક જીવનમાં પણ સક્ષમ બનાવે છે.

વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ અંગે યોગ્ય અને અસરકારક માર્ગદર્શન મળી શકે તે માટે ઉપસ્થિત મનોચિકિત્સક ડૉ. પ્રણવ પચ્ચીગરે માનસિક સ્વાસ્થ્ય જળવાય રહે અને અભ્યાસકાળ દરમ્યાન વિદ્યાર્થીઓ કોઈ અજુકતું પગલું ન ભરે તે માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ચિંતા, ઉદાસીનતા, નિરાશા, પોસ્ટ–ટ્રોમેટિક સ્ટ્રેસ, સ્કીઝોફેનિયા જેવી બાબતો વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થયને પ્રભાવિત કરે છે. જેને કારણે અભ્યાસના સમયગાળા દરમ્યાન વિદ્યાર્થીઓ તણાવ અનુભવતા હોય છે.આવી માનસિક અસલામતીની પરિસ્થિતિમાં માનસિક સ્વાસ્થ્ય જળવાય રહે તે માટે મનોવૈજ્ઞાનિક, મનોચિકિત્સકની સલાહ લેવી જોઈએ. જીવન પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવવો, નિયમિત કસરત કરવી, પુરતી ઊંઘ લેવી, તંદુરસ્ત આહાર લેવો, ઘ્યાન અને યોગ કરવા વગેરે બાબતોને એક ટેવના સ્વરૂપમાં સ્વીકારવાથી માનસિક સ્વાસ્થ્ય જાળવી શકાય છે. માનસિક તણાવ અનુભવતા વિદ્યાર્થીઓ જ્યારે પણ આપણી સમક્ષ માનસિક તણાવને લગતી કોઈ રજૂઆત કરે તો તેને ગંભીરતાથી લેવી અને તેમને કાઉન્સેલિંગ અને મેન્ટલ સપોર્ટ કરવો જોઈએ એમ જણાવ્યું હતું.

આ પ્રસંગે ડૉ. અરવિંદભાઈ પટેલ અને ડૉ. અર્જિત મહેતાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી અભ્યાસકાળ દરમ્યાન વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તે માટે ઘ્યાનમાં રાખવાની બાબતોનું માર્ગદર્શન આપી તે માટે ગુજરાતમાં જરૂરી મદદ પૂરી પાડવા માટેની સંસ્થાઓ અને ગુજરાત સરકારની ટેલી–માનસ હેલ્પલાઈન, જીવન આસ્થા હેલ્પલાઈન નંબરોની જાણકારી આપી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ વિદ્યાર્થી સ્વાસ્થ્ય સમિતિના કૉલેજ કક્ષાના કૉ–ઓર્ડિનેટર પ્રા. સંજયસિંહ કોસડાએ કર્યુ હતું.

## મહાજન અનાથ બાળાશ્રમ સંચાલિત બી.કોમ, બી.બી.એ કૉલેજ, કતારગામ.

### મહાઆરતી અને ૫૬ ભોગનું આયોજન કરવામાં અવ્યું





મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ, બી.બી.એ કૉલેજમાં તા. ૦૩/૦૯/૨૦૨૫ ના રોજ ગણેશ ચતુર્થી પર્વ નિમિત્તે વિદ્યાર્થિઓ દ્વારા સ્થાપિત ગણેશ મૂર્તિને વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ દ્વારા મહાઆરતી કરવામાં આવી તેમજ ૫૬ ભોગ પકવાન ચઢાવવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓ દ્વારા ગણેશ ચતુર્થી કાર્યક્રમમાં "ગણપતિ બાપ્પા મોરિયા"ના નાદ સાથે ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. ગણેશ પર્વના સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ કૉલેજના અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.

### MAB કૉલેજમાં પ્રેરણા અને આદર સાથે શિક્ષક દિવસની ઉજવણી કરાઈ



મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ, બી.બી.એ કૉલેજમાં તા. ૦૪/૦૯/૨૦૨૫ના રોજ શિક્ષક દિનના પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટય સાથે કરવામાં આવી ત્યારબાદ વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષકોને ગુલાબનાં ફૂલ અર્પણ કરીને સન્માનિત કર્યા. વિદ્યાર્થીઓએ શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા માટે ભાષણો, કવિતા પાઠ રજૂ કરીને શિક્ષકો પ્રાત્યે આદર અને કૃતજ્ઞતા વ્યકત કરી. આ અવસર પર કૉલેજ દ્વારા પણ વિદ્યાર્થીઓને ફાઈલ તેમજ પુસ્તક ભેટ આપી પ્રોત્સાહિત કર્યા અને અભ્યાસ તથા સંસ્કારમાં આગળ વધવા માટે માર્ગદર્શન આપ્યું. આ રીતે શિક્ષક દિવસની ઉજવણી સમગ્ર કૉલેજમાં સન્માન, આનંદ અને પ્રેરણાનું વાતાવરણ સર્જીને યાદગાર બની. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ કૉલેજના અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-09-2025 to 30-09-2025

| Detail | Description | Sept.-2025 | |
|---|---|---|---|
| User | Visitors | 307 | |
| | Internet Lab User | 118 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 6 | |
| | UG/PG Students | 2787 | |
| | Research Scholars | 17 | |
| | Non Teaching Staff | - | |
| | Visitors | 3 | |
| | Online User | - | |
| | Total | | 3238 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| September-2025 | 549 | 495 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2025 | 22 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2025 | 23 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | September-2025 | 23 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayan@vnsgu.ac.in**

**This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in**